દૈનિક
સૌરાષ્ટ્ર આવૃત્તિ
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. GUJ/2013/58486
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૫ ■ Volume 69 ■ Issue 12 ■ વિક્રમ સંવત ૨૦૮૨
પૌષ વદ - ૧૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 14 January 2026, Wednesday ■ REGD.No. MCS/058/2018-20
બુધવાર, ૧૪ જાન્યુઆરી ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦
ઈન્ટરવલ પૂર્તિ
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ઈરાનના વાંકે ભારતને વધુ ૨૫% ટૅરિફનો ડામ

**ભારત ખાતેથી ઈરાનમાં ચોખા, ચા, ખાંડ, દવા, પોલિયેસ્ટર, નાઈલોન જેવા કાપડ, ઈલેક્ટ્રિકલ મશીનરી, આર્ટિફિશિયલ જ્વેલરીની નિકાસ થાય છે**

દુબઇ / વૉશિંગ્ટન: અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી હતી કે ઇરાન સાથે વેપાર કરનારા દેશે અમેરિકા સાથેના વેપારમાં પચીસ ટકા ટૅરિફ ભરવી પડશે. ભારત વેપારમાં ઇરાનનું અગ્રણી ભાગીદાર હોવાથી તેના અમેરિકા સાથેના વેપારને માઠી અસર થવાની શક્યતા છે. ઇરાનના અગ્રણી વેપાર-ભાગીદારમાં ભારત ઉપરાંત ચીન, સંયુક્ત આરબ અમીરાત (યુએઇ), પાકિસ્તાન, તૂર્કી અને આર્મેનિયાનો સમાવેશ થાય છે. ભારત દ્વારા રશિયા પાસેથી આયાત કરાતા ખનિજ તેલનું કારણ આપીને અમેરિકાએ ભારત પર પચાસ ટકા ટૅરિફ લાદી છે અને તેમાં હવે ઇરાન સાથેના વેપારને મુદ્દે વધારાની પચીસ ટકા ટૅરિફનો ઉમેરો થશે કે નહિ, તે અંગે વૉશિંગ્ટને તાત્કાલિક સ્પષ્ટતા નહોતી કરી. ભારત ખાતેથી ઇરાનમાં ચોખા, ચા, ખાંડ, દવા, પોલિયેસ્ટર, નાઇલોન જેવા કાપડ, ઇલેક્ટ્રિકલ મશીનરી, આર્ટિફિશિયલ જ્વેલરીની નિકાસ થાય છે, જ્યારે નવી દિલ્હી દ્વારા તહેરાન ખાતેથી સૂકામેવા, રસાયણ, કાચના સામાન જેવી ચીજોની આયાત કરાય છે. ઈરાનમાં અલી ખામેનેઈનાં ઇસ્લામિક શાસન સામે જનતાએ બળવો પોકાર્યો છે, અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ ઈરાન પર (જુઓ પાનું ૨) ▶▶

## ભારત પર બહુ અસર ન પણ થાય

નિકાસકારોની સૌથી મોટી સંસ્થા ફિઓએ મંગળવારે જણાવ્યું હતું કે અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પની ઈરાન સાથે વેપાર કરતા દેશો પર પચીસ ટકા ડ્યુટી લાદવા જાહેરાતની ભારત પર લગભગ કોઈ અસર થશે નહીં. ટ્રમ્પે જાહેરાત કરી છે કે ઈરાન સાથે વેપાર કરતા કોઈપણ દેશે વોશિંગ્ટન સાથેના વેપાર પર પચીસ ટકા ડ્યુટી ચૂકવવી પડશે, જે તેહરાનના મુખ્ય વેપાર (જુઓ પાનું ૨) ▶▶

# ઈરાનનો ઘડોલાડવો કરશે અમેરિકા

### ટ્રમ્પે તહેરાનના અધિકારીઓ સાથેની મીટિંગ રદ કરી અને ઈરાનની પ્રજાને સંદેશ આપ્યો કે મદદ આવી રહી છે: ભયંકર તોફાનોમાં અત્યાર સુધીમાં ૨,૦૦૦થી વધુ લોકોનાં મોત

વોશિંગ્ટન: ઈરાનમાં મોટા પાયે સત્તા વિરોધી પ્રદર્શનો ચાલુ થયા ત્યારે અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ધમકી આપી હતી કે સરકાર પ્રદર્શનકારીઓ પર ગોળીબાર કરશે તો અમેરિકા લશ્કરી કાર્યવાહી પર વિચાર કરી શકે છે. હવે પ્રદર્શનો દરમિયાન ૨,૦૦૦થી વધુ પ્રદર્શનકારીઓનાં મોત થયા છે, ત્યારે અમેરિકા લશ્કરી કાર્યવાહી માટે તૈયારીઓ શરૂ કરી છે. આનો પહેલો સંકેત મંગળવારે સાંજે મળ્યો હતો જ્યારે અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ઈરાનના અધિકારીઓ સાથેની મીટિંગ રદ કરી હતી અને ઈરાનની પ્રજાને એવો સંદેશ આપ્યો હતો કે મદદ આવી રહી છે. ઈરાનમાં હાલ ભારેલા અગ્નિ જેવી સ્થિતી છે. જેમાં ઈરાનમાં ૧૫ દિવસથી ચાલી રહેલા વિરોધ પ્રદર્શનોમાં મૃત્યુઆંક હવે ૨,૦૦૦ પર પહોંચી ગયો છે. આ અંગે મંગળવારે એક ઈરાની અધિકારીએ જણાવ્યું હતું કે મૃત્યુઆંકમાં વિરોધીઓ અને સુરક્ષા કર્મચારીઓ બંનેનો સમાવેશ થાય છે. આ પહેલી વાર છે જ્યારે ઈરાની અધિકારીઓએ જાહેરમાં મૃત્યુ આંકનો સ્વીકાર કર્યો છે.

વાઇટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લીવિટે સોમવારે જણાવ્યું હતું કે, એર સ્ટ્રાઈક અમારી પાસે રહેલા ઘણા વિકલ્પોમાંથી એક છે. બીજી તરફ લીવિટે એમ પણ જણાવ્યું કે ઈરાન પાસે ટ્રમ્પના ખાસ દૂત સ્ટીવ વિટકોફ સાથે વાટાઘાટો કરવાનો વિકલ્પ પણ છે. તેમણે કહ્યું કે ઈરાનનો સ્વર જાહેર નિવેદનો કરતાં ખાનગીમાં ખૂબ અલગ પ્રકારનો છે.

ઇરાનમાં મોબાઇલ ફોનથી હવે બહુ મુશ્કેલીથી વિદેશમાં (જુઓ પાનું ૨) ▶▶

## તો અમેરિકા ટૅરિફનું રિફંડ ચૂકવવા અસમર્થ: ટ્રમ્પ

વૉશિંગ્ટન: અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ચેતવણી આપી હતી કે સર્વોચ્ચ અદાલત જો અમુક દેશ પર ટૅરિફ લાદવાની મારી એકપક્ષી સત્તાની વિરુદ્ધ ચુકાદો આપશે, તો સંપૂર્ણ અંધાધૂંધી સર્જાશે અને અમેરિકા ટૅરિફ વધારીને ભેગા કરેલા નાણાં પાછા ચૂકવવા અસમર્થ છે. અમેરિકા આર્થિક મુશ્કેલીમાં આવી પડશે.

ટ્રમ્પે સોમવારે સોશ્યલ મીડિયા પર લખ્યું હતું કે જો અદાલત મેં લાદેલી ટૅરિફ રદ કરશે, તો આપણે મુશ્કેલીમાં સપડાશું.

ટ્રમ્પ સર્વોચ્ચ અદાલતના પોતાના વિરુદ્ધના સંભવિત ચુકાદાને ધ્યાનમાં રાખીને સોશ્યલ મીડિયા પર અનેક ચેતવણી પોસ્ટ કરી રહ્યા છે.

તેમણે ગયા અઠવાડિયે સોશ્યલ (જુઓ પાનું ૨) ▶▶

# ટિકિટ ભાડાં નક્કી કરવાની પદ્ધતિ તો ટ્રેડ સીક્રેટ: રેલવે

નવી દિલ્હી: ભારતીય રેલવેએ કેન્દ્રીય માહિતી આયોગ (સીઆઈસી) ને જણાવ્યું છે કે પેસેન્જર ટ્રેનના ભાડાની ગણતરી માટેની તેની પદ્ધતિ 'ટ્રેડ સીક્રેટ' અને વ્યાપારી વિશ્વાસનો વિષય છે અને તેથી, માહિતી અધિકાર (આરટીઆઈ) કાયદા હેઠળ તેને જાહેર કરી શકાતી નથી.

સીઆઈસીએ ટ્રેન ટિકિટ અને ચોક્કસ સેવા, પશ્ચિમ સુપરફાસ્ટ એક્સપ્રેસ માટે ગતિશીલ ભાવો અને તત્કાળ બુકિંગની અસર સહિત મૂળ ભાડાં ગણતરી પદ્ધતિ પર વિગતવાર માહિતી માંગતી અરજીને ફગાવી દીધી હતી. રેલવે બોર્ડે જવાબમાં જણાવ્યું હતું કે ભાડું વસૂલવું વર્ગ-આધારિત છે અને વિવિધ વર્ગોમાં પૂરી પાડવામાં આવતી સુવિધાઓને કારણે ભિન્નતા ઊભી થાય છે.

જોકે, તેણે જાળવી રાખ્યું હતું કે જ્યાં સુધી વિવિધ વર્ગોના ભાડા નિર્ધારણના વર્ગીકરણ અને પદ્ધતિનો સંબંધ છે, નીતિ પદ્ધતિ વેપાર રહસ્ય/બૌદ્ધિક સંપદા અધિકારોના ક્ષેત્રમાં આવે છે અને આરટીઆઈ કાયદાની કલમ ૮ હેઠળ ખુલાસો કરવાથી મુક્ત છે. આરટીઆઈ કાયદાની કલમ ૮ એવી માહિતી માટે મુક્તિઓની યાદી આપે છે જે જાહેર કરવાની જરૂર નથી, જે રાષ્ટ્રીય સુરક્ષા, વેપાર રહસ્યો અને વ્યક્તિગત ગોપનીયતા જેવા સંવેદનશીલ ડેટાનું રક્ષણ કરે છે. રેલવે અધિકારીઓએ અગાઉના સીઆઈસી આદેશોનો પણ ઉલ્લેખ કર્યો હતો જેમાં કિંમત નિર્ધારણ પદ્ધતિનો ખુલાસો ન કરવાના નિર્ણયને સમર્થન આપવામાં આવ્યું હતું, જેમાં દલીલ કરવામાં આવી હતી કે ભારતીય રેલવે એક વાણિજ્યિક ઉપયોગિતા તરીકે કાર્ય કરે છે અને રાષ્ટ્રીય હિતમાં સામાજિક જવાબદારીઓ પણ નિભાવે છે. રેલવેએ જણાવ્યું હતું કે એ જાણીતી હકીકત છે કે ભારતીય રેલવે એક વાણિજ્યિક ઉપયોગિતા તરીકે ચલાવવામાં આવે છે અને તે જ સમયે તે રાજ્યનું એક સાધન હોવાથી રાષ્ટ્રીય હિતમાં વિવિધ સામાજિક જવાબદારીઓ નિભાવવાની ફરજ પડે છે. રેલવે બોર્ડના મુખ્ય જાહેર માહિતી અધિકારી (સીપીઆઈઓ)એ ઉમેર્યું હતું કે વિગતવાર કિંમત નિર્ધારણ પદ્ધતિઓનો ખુલાસો જાહેર હિતમાં વાજબી નથી. ■

# ડૉલરિયા ડ્રીમ્સ ચકનાચૂર: એક લાખ વિઝા રદ કર્યા અમેરિકાએ

ન્યૂ યોર્ક: અમેરિકાએ ગુનાહિત પ્રવૃત્તિનું કારણ આપીને ઈમિગ્રેશન લગામ લગાવવાના પોતાના સૌથી મોટા પ્રયાસો હેઠળ ૨૦૨૫માં ૧૦૦,૦૦૦થી વધુ વિઝા રદ કર્યા હતા જેમાં લગભગ ૮,૦૦૦ વિદ્યાર્થીઓના વિઝા સામેલ છે. વિદેશ મંત્રાલયે સોમવારે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે, અમેરિકાને સુરક્ષિત રાખવા માટે અમે આ ગુનેગારોનો દેશનિકાલ કરવાનું ચાલુ રાખીશું. વિદેશ ખાતાએ હવે ૧૦૦,૦૦૦થી વધુ વિઝા રદ કર્યા છે, જેમાં લગભગ ૮,૦૦૦ વિદ્યાર્થી વિઝા અને ૨૫૦૦ સ્પેશ્યલાઈઝ્ડ વિઝા એ લોકો માટે હતા જેમનો ગુનાહિત પ્રવૃત્તિ માટે અમેરિકાની કાયદાકીય એજન્સીઓનો સામનો થયો હતો.

વિદેશ મંત્રાલયના મુખ્ય પ્રવક્તા ટોમી પિગોટે કહ્યું હતું કે એક વર્ષથી ઓછા સમયમાં ટ્રમ્પ વહીવટીતંત્રે ૧૦૦,૦૦૦થી વધુ વિઝા રદ કર્યા (જુઓ પાનું ૨) ▶▶

# સરકારી કર્મચારીઓ સામેના ભ્રષ્ટાચારના કેસમાં બે જજનો ભિન્ન અભિપ્રાય

નવી દિલ્હી: સરકારી કર્મચારીઓ સામેના ભ્રષ્ટાચારના કેસમાં તપાસ શરૂ કરતા પહેલાં લોકપાલ, લોકાયુક્ત કે અન્ય ઉચ્ચ અધિકારીની પરવાનગી લેવાની જરૂરિયાતને ફરજિયાત બનાવતી ભ્રષ્ટાચાર-વિરોધી કાયદાની ૨૦૧૮ની સુધારિત જોગવાઇની બંધારણીય યોગ્યતાને પડકારતી અરજીના સંબંધમાં સર્વોચ્ચ અદાલતની બૅન્ચના બે ન્યાયાધીશે મંગળવારે ભિન્ન અભિપ્રાય આપ્યો હોવાથી હવે આ કેસ માટે મોટી બૅન્ચ રચવા તેને દેશના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત પાસે મોકલાશે. ન્યાયાધીશ બી. વી. નાગરત્ને ચુકાદામાં જણાવ્યું હતું કે ભ્રષ્ટાચાર રોકવા માટેના ધારાની સુધારિત કલમ ૧૭એ ગેરબંધારણીય છે અને તે રદ થવી જોઇએ, જ્યારે ન્યાયાધીશ કે. વી. વિશ્વનાથને જણાવ્યું હતું કે કાયદાની સંબંધિત જોગવાઇ બંધારણીય છે અને તે પ્રામાણિક સરકારી અધિકારીના રક્ષણાર્થે જરૂરી છે. ભ્રષ્ટાચાર રોકવા માટેના ૧૯૮૮ના ધારામાં ૨૦૧૮ના જુલાઇમાં ઉમેરવામાં આવેલી સુધારિત કલમ ૧૭એ મુજબ કોઇ પણ સરકારી કર્મચારી સામેના ભ્રષ્ટાચારના કેસની તપાસ શરૂ કરતા પહેલાં સંબંધિત સત્તાવાળાની પરવાનગી લેવી ફરજિયાત છે.

બિનસરકારી સંસ્થા 'સેન્ટર ફોર પબ્લિક ઇન્ટરેસ્ટ લિટિગેશન'એ ભ્રષ્ટાચાર રોકવા માટેના કાયદાની સુધારિત કલમ ૧૭એની કાયદેસરતાને પડકારતી જાહેર હિતની કરેલી અરજીની સુનાવણી બાદ સર્વોચ્ચ અદાલતના બે ન્યાયાધીશે ભિન્ન અભિપ્રાય આપ્યો હતો. ન્યાયાધીશ નાગરત્નએ જણાવ્યું હતું કે ભ્રષ્ટાચાર રોકવા માટેના કાયદાની વિરુદ્ધ આ સુધારિત જોગવાઇ (કલમ ૧૭એ) છે. તેનાથી ભ્રષ્ટ સરકારી અધિકારીઓને તપાસની સામે રક્ષણ મળશે. ■

# આઠ આતંકવાદી કૅમ્પ રડાર પર: લશ્કરી વડા

### ઑપરેશન સિંદૂર હજી ચાલુ જ એમ ભારપૂર્વક કહેતા ઉમેર્યું કે બે ટર્નિંગ પોઈન્ટને લીધે પાકિસ્તાને યુદ્ધવિરામ કર્યો હતો

નવી દિલ્હી: ભારતના લશ્કરના વડા જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી મંગળવારે ઑપરેશન સિંદૂર દરમિયાન પાકિસ્તાનને યુદ્ધવિરામ તરફ દોરી જનારા સંજોગોની જાણ કરી હતી અને ટૂંકી લડાઈમાં ભારતની સફળતા માટે જવાબદાર બે 'ટર્નિંગ પોઈન્ટનું વર્ણન કર્યું હતું.

જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ પાકિસ્તાનને સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે ભારત વિરુદ્ધ કોઈપણ દુસ્સાહસ હવે ભારે પડશે. નવી દિલ્હીમાં આયોજિત વાર્ષિક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન તેમણે જણાવ્યું હતું કે ભારતીય સેના અત્યંત સતર્ક છે અને 'ઓપરેશન સિંદૂર' હજુ પણ કાર્યરત છે. સરહદ પાર હજુ પણ આશરે ૮ જેટલા આતંકી કેમ્પ સક્રિય હોવાનું જણાવી તેમણે સ્પષ્ટ કર્યું હતું કે જો આ કેમ્પ્સમાંથી કોઈ પણ હરકત કરવામાં આવશે, તો ભારતીય સૈન્ય જડબાતોડ વળતો પ્રહાર કરવા માટે સજ્જ છે.

નવી દિલ્હીમાં સાપ્તાહિક પત્રકાર પરિષદને સંબોધતાં લશ્કરના વડાએ કહ્યું હતું કે ઑપરેશન (જુઓ પાનું ૨) ▶▶

# રખડતા શ્વાનના કરડવાના કેસમાં મોટું વળતર ચૂકવવા રાજ્યોને કહીશું: સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી: રખડતા શ્વાનનો મુદ્દો ફરી એકવાર ઊઠ્યો હતો. રખડતા કૂતરાઓના હુમલા સાથે સંકળાયેલા એક કેસની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે કડક ટિપ્પણીઓ કરી હતી. કોર્ટે સવાલ કર્યો હતો કે જ્યારે રસ્તાઓ પર રખડતા કૂતરાઓના હુમલાથી બાળકો અને વૃદ્ધ નાગરિકો માર્યા જાય અથવા ઘાયલ થાય ત્યારે તેના માટે કોને જવાબદાર ઠેરવવા જોઈએ.

આ સાથે સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે રખડતા શ્વાન કરડે તો રાજ્યે તેના માટે આવા ડૉગીઓને ખવડાવનારાઓને જવાબદાર ઠેરવવા જોઈએ.

સુપ્રીમ કોર્ટે નવ વર્ષના બાળકના મૃત્યુનો (જુઓ પાનું ૨) ▶▶

# બ્લિન્કિટ, ઝેપ્ટો હવે દસ મિનિટમાં ડિલિવરી નહીં કરે

નવી દિલ્હી: બ્લિન્કિટ, ઝેપ્ટો સહિતની અગ્રણી કંપનીઓ હવે તમને કદાચ અગાઉની જેમ દસ મિનિટમાં ગ્રૉસરી (કરિયાણું) નહિ પહોંચાડે.

બ્લિન્કિટ, ઝેપ્ટો સહિતની કંપનીઓ અને સરકારના પ્રતિનિધિઓની વચ્ચે યોજાયેલી બેઠકમાં સમયસર ડિલિવરીના મુદ્દે ચર્ચા થઇ હતી.

ગ્રાહકોને ઝડપથી માલસામાન, ખાસ કરીને કરિયાણું પહોંચાડતી કંપનીઓના ડિલિવરી માટેના કર્મચારીઓ પર થોડા સમયમાં માલ પહોંચાડવા આવતા દબાણ અંગે શ્રમ પ્રધાન મનસુખ માંડવિયા સાથેની બેઠકમાં ચર્ચાવિચારણા થઇ હતી.

સરકાર સાથેની બેઠકમાં બ્લિન્કિટ, ઝેપ્ટો, ઝોમેટો, સ્વિગી વગેરે અગ્રણી પ્લેટફોર્મના (જુઓ પાનું ૨) ▶▶

# શક્સગામ પર ચીનનો દાવો અસ્વીકાર્ય, આખું પીઓકે ભારતનું: લદાખના રાજ્યપાલ

જમ્મુ: લદાખના રાજ્યપાલ કવિન્દર ગુપ્તાએ મંગળવારે શક્સગામ ખીણ પરના ચીનના દાવાને સખત શબ્દોમાં નકારી કાઢીને ભારપૂર્વક જણાવ્યું હતં કે આખું પાકિસ્તાન ઓક્યુપાઈડ કાશ્મીર (પાકિસ્તાનના તાબા હેઠળના કાશ્મીર, પીઓકે) ભારતનું છે.

તેમણે કહ્યું હતું કે કોઈ પણ વિસ્તારવાદી પ્રયાસને સાંખી લેવામાં નહીં આવે. ભારતના વાંધાઓના પૃષ્ઠભૂમિમાં ચીને સોમવારે ખીણ પરનો તેનો પ્રાદેશિક દાવો રજૂ કર્યો હતો અને કહ્યું હતું કે આ વિસ્તારમાં ચાલતા ચીનના માળખાકીય પ્રકલ્પો વાંધાથી પર છે

ગુપ્તાએ પત્રકારોને કહ્યું હતું કે આખું કાશ્મીર (પાકિસ્તાન અધિકૃત) અમારું છે. અમને ખબર નથી કે પાકિસ્તાને ચીન સાથે કેવો વેપાર કર્યો છે. ચીને સમજવું જોઈએ કે તેની વિસ્તારવાદી નીતિથી કશું હાંસલ થવાનું નથી. ભારત સક્ષમ છે. આ ૧૯૬૨નું ભારત નથી. આ ૨૦૨૬નું ભારત છે. આવા પ્રયાસોને નાકામયાબ બનાવવામાં આવે. વિદેશ મંત્રાલય આની નોંધ લઈ રહ્યું છે. આવા કૃત્યો ચલાવી નહીં લેવામાં આવશે.

ચીનને પ્રતીતિ થવી જોઈએ કે ભારત ભૂતકાળ કરતાં વધુ મજબૂત છે. તેમએ વધુમાં જણાવ્યું હતું કે અગાઉ ચીને અરૂણાચલ પ્રદેશના વિસ્તારોમાં તેનો દાવો કર્યો હતો.

ઉપ રાજ્યપાલે પાકિસ્તાનની આલોચના કરતા કહ્યું હતું કે પડોશી દેશ તેના લોકો સમક્ષ વિફળ ગયો છે. અને તે વાંધાજનક કરારો કરી રહ્યો છે.

પાકિસ્તાન વેચવા મુકાયેલો દેશ છે. તેને તેના સાર્વભૌમત્વ અંગે કોઈ ચિંતા નથી. બલૂચિસ્તાન અને સિંધ અને કરાચીમાં વિરોધી સૂર સંભળાઈ રહ્યા છે.

પાકિસ્તાાન લશ્કર ત્યાં અત્યાચાર કરી રહ્યું છે. આ વિસ્તારો લશ્કર ચલાવે છે. ગુપ્તાએ સંવેદનશીલ બાબતો પર પ્રોએક્ટિવ સ્ટેટમેન્ટ સામે ચેતવણી આપી હતી.

### ચીનના પ્રતિનિધિમંડળની સાથે બેઠક વિશે ભાજપની સફાઈ

# 'અમે તો ખુલ્લેઆમ મીટિંગ કરીએ છીએ, ગુપ્ત એમઓયુ કરતા નથી'

નવી દિલ્હી: ભાજપે ગુરુવારે ખુલાસો કર્યો હતો કે નવી દિલ્હી અને બેઈજિંગના સુધરતા સંબંધોને ધ્યાનમાં રાખીને આ પક્ષે ચીનના પ્રતિનિધિમંડળ સાથે ઔપચારિક બેઠક કરી હતી અને કહ્યું હતું કે કોંગ્રેસથી વિપરીત અમે પડોશી દેશના શાસક પક્ષ સાથે ગુપ્ત મેમોરેન્ડમ ઑફ અન્ડરસ્ટેન્ડિંગ (એમઓયુ) કરતા નથી.

ભાજપે કહ્યું હતું કે ચીન સાથેના સરહદી વિવાદનું મૂળ ભારતના પ્રથમ વડા પ્રધાન જવાહરલાલ નહેરુના સમયનું છે, આથી કૉંગ્રેસને સરહદી બાબત ઉઠાવવાનો કોઈ અધિકાર જ નથી. ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા નલીન કોહલીએ કહ્યું હતું કે આમ છતાં ભારત સરહદી વિવાદ ઉકેલવા પ્રયાસ કરી રહ્યું છે.

અગાઉ કૉંગ્રેસે ચીનના પ્રતિનિધિમંડળે ભાજપના વડા મથકની મુલાકાત લીધી એની ટીકા કરી હતી. કૉંગ્રેસે કહ્યું હતું કે ભગવો પક્ષ પડોશી દેશ સાથે પનારો પાડતી વખતે દંભ દાખવી રહ્યો છે. કૉંગ્રેસે સવાલ કર્યો હતો કે શું આ બે પક્ષના સંવાદ વખતે ચીનના વારંવારના અતિક્રમણનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો.

કૉંગ્રેસના પ્રવકતા પવન ખેડાએ કહ્યું હતું કે અમારો પક્ષ સરકારની ચીનની નીતિ અંગે સંપૂર્ણ પારદર્શિતા અને પ્રતિબદ્ધતા માગે છે.

## સરકારી પરવાનગી પછી જ અમે બેઠક યોજી હતી: કૉંગ્રેસ

નવી દિલ્હી: કમ્યુનિસ્ટ પાર્ટી ઑફ ચાઈના (સીપીસી)નું પ્રતિનિધિમંડળ મંગળવારે કૉંગ્રેસના વિદેશી બાબતોના વિભાગના વડા સલમાન ખુરશીદને મળ્યું હતું. વિપક્ષે ભારપૂર્વક કહ્યું હતું કે ભારતની મુલાકાતે આવેલા સીપીસીના પ્રતિનિધિમંડળની વિનંતી અને સરકારની મંજૂરી બાદ આ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

આંતરરાષ્ટ્રીય વિભાગના નાયબ પ્રધાન સૂન હેયાનના વડપણ હેઠળના પ્રતિનિધિમંડળે અહીંના ભાજપના વડામથક અને શાસક પક્ષના નેતાઓની મુલાકાત લીધાના એક દિવસ બાદ આ બેઠક યોજવામાં આવી હોવાનું વિપક્ષે કહ્યું હતું.

કૉંગ્રેસના નેતા પવન ખેડાએ પત્રકારોને આપેલી મુલાકાતમાં કહ્યું હતું કે ભારત સરકાર દ્વારા તેને મંજૂરી આપવામાં આવી હતી. ચીનના પ્રતિનિધિમંડળ સાથેની મુલાકાતને મામલે ભાજપ અને આરએસએસ પર પ્રહાર કરતાં ખેડાએ સવાલ કર્યો હતો કે શું શાસક પક્ષે બંધબારણે કરેલી મુલાકાત દરમિયાન સીપીસીના પ્રતિનિધિમંડળને દેશના હિતો સંબંધિત પ્રશ્નો કર્યા હતાં? (એજન્સી)

# ઉત્તર ભારતમાં કાતિલ ઠંડી

નવી દિલ્હી: કાશ્મીર નવેસરથી હિમવર્ષાની રાહ જોઈ રહ્યું હોવા વચ્ચે દિલ્હીમાં મંગળવારે છેલ્લાં ત્રણ વર્ષમાં જાન્યુઆરીની સૌથી ઠંડી સવાર અને ચંડીગઢમાં નવ વર્ષની સૌથી ઠંડી રાત જોવા મળી હતી.

દિલ્હીમાં મંગળવારે લઘુતમ તાપમાન ત્રણ ડિગ્રી રહ્યું હતું. અગાઉ ૧૬ જાન્યુઆરી ૨૦૨૩ના દિલ્હીમાં લઘુતમ તાપમાન ૧.૪ ડિગ્રી નોંધાયું હતું.

રાજસ્થાન, પંજાબ, હરિયાણા અને ઝારખંડમાં પણ ઠંડીનું તીવ્ર મોજું ફરી વળ્યું હતું. (એજન્સી)

# યુક્રેનની પાવર ગ્રીડને નિશાન બનાવતો રશિયાનો મોટો હુમલો

કીવ: રશિયા અને યુક્રેન વચ્ચેનું યુદ્ધ ચોથા વર્ષમાં પ્રવેશવાની નજીક હોવા વચ્ચે રશિયાએ મંગળવારે ૩૦૦ ડ્રોન અને ડઝનબંધ મિસાઈલ વડે છેલ્લાં ચાર દિવસમાં બીજીવાર યુક્રેનની પાવર ગ્રીડને નિશાન બનાવીને હવાઈ હુમલો કર્યો હતો.

યુક્રેનના પ્રમુખ વૉલોદિમીરેર ઝૅલૅન્સ્કીના જણાવ્યા અનુસાર જુદા જુદા આઠ વિસ્તારમાં આ હુમલો કરવામાં આવ્યો હતો જે બંને દેશ વચ્ચે શાંતિ કરાર કરાવવાના અમેરિકાના પ્રયાસ પર તમાચો હોવાનું જણાઈ રહ્યું છે.

ચાર દિવસ અગાઉ રશિયા દ્વારા યુક્રેન પર આવો જ મોટો હુમલો કરવામાં આવ્યો હતો જેમાં રશિયાએ પ્રયોગ કરવા ઑરસનિક હાયપરસોનિક મિસાઈલનો ઉપયોગ કર્યો હતો.

નિષ્ણાતોના મતાનુસાર યુદ્ધમાં અણુક્ષમતા ધરાવતા હાયપરસોનિક મિસાઈલનો ઉપયોગ 'નાટો'ના દેશોને જાણીજોઈને આપવામાં આવેલી આડકતરી ચેતવણી હતી. (એજન્સી)

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# સામ્યવાદી ચીનાઓની પરોણાગત, ભાજપ કરે એ લીલા...

**કોંગ્રેસ** અને ચીનની કોમ્યુનિસ્ટ પાર્ટી (સીસીપી) વચ્ચે સાંઠગાંઠ હોવાનો મુદ્દો ભાજપ લાંબા સમયથી ચલાવે છે. ચીન ભારતના સૈનિકોના જીવ લે છે, ભારતની જમીન પચાવીને બેસી ગયું છે ત્યારે ચીનના શાસક પક્ષ સાથે ભારતનો કોઈ રાજકીય પક્ષ કોઇ પણ પ્રકારના સંબંધો કઈ રીતે રાખી શકે એવા સવાલ પણ ભાજપના નેતા સમયાંતરે કર્યા કરે છે.

કોંગ્રેસ અને ચાઈનીઝ કોમ્યુનિસ્ટ પાર્ટી (સીસીપી) વચ્ચે ૨૦૦૮માં થયેલા કહેવાતા મેમોરેન્ડમ ઓફ અંડરસ્ટેન્ડિંગ (એમઓયુ)ને મુદ્દે ભાજપે લગભગ અઢી વર્ષ પહેલાં ભારે હોબાળો મચાવી દીધેલો. ભાજપે કોંગ્રેસ અને સીસીપી વચ્ચેના આ કહેવાતા ખાનગી કરારની વિગતો જાહેર કરવી જોઈએ એવી માગ કરીને આક્ષેપ કરેલો કે, રાહુલ ગાંધી આ કરાર દ્વારા ચીનના જાસૂસ બની ગયા હોય એ રીતે વર્તી રહ્યા છે. કોંગ્રેસના રાહુલ ગાંધી અને બીજા વિપક્ષી નેતા ૨૦૧૮માં ચીનના બેઇજિંગ ગયા ત્યારે ચીની કોમ્યુનિસ્ટ પાર્ટી સાથે ગુપ્ત સમજૂતી કરાર કર્યા હોવાનો આક્ષેપ પણ ભાજપ કરી ચૂક્યો છે.

ભાજપે એવો આક્ષેપ પણ કરેલો કે, ૨૦૧૭માં ભારત અને ચીન વચ્ચે ડોકલામમાં જંગ ચાલુ હતો ત્યારે રાહુલ ગાંધી દિલ્હીમાં ખાનગીમાં ચીની દૂતાવાસમાં ચીની અધિકારીઓને મળ્યા હતા. આ કહેવાતી ખાનગી મુલાકાતમાં રાહુલ ગાંધી અને ચીનના અધિકારીઓ વચ્ચે શું રંધાયું તેની વિગતો જાહેર કરવાની માગણી સાથે ભાજપે ભારે દેકારો કરેલો. કોંગ્રેસે રાહુલ ચીનના અધિકારીઓને મળ્યા હોવાની વાતને જૂઠાણું ગણાવેલું પણ ભાજપે આ વાતનો છાલ નહોતો છોડ્યો. ભાજપના નેતા છેક હમણાં લગી રાહુલ ચીનના એજન્ટ છે ને ચીનની સત્તાધારી ચાઈનીઝ કોમ્યુનિસ્ટ પાર્ટી (સીસીપી) સાથે સંબંધો રાખીને દેશદ્રોહ કરી રહ્યા છે એવી રેકર્ડ વગાડતા રહ્યા છે.

હવે એ જ ભાજપના નેતા ચાઈનીઝ કોમ્યુનિસ્ટ પાર્ટી (સીસીપી)ના પ્રતિનિધિમંડળને દિલ્હીમાં પોતાના હેડક્વાર્ટરમાં નોંતરીને પરોણાગત કરી અને તેમની સાથે હોંશે હોંશે ફોટા પડાવીને સોશ્યલ મીડિયા પર પણ મૂક્યા. ભાજપના મુખ્યાલયમાં ભાજપ અને ચીનની કમ્યુનિસ્ટ પાર્ટી (સીસીપી)ના ડેલિગેશનની બેઠક યોજાઈ તેના જે ફોટા મુકાયા તેમાં કમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ચાઈનાના ઇન્ટરનેશનલ ડિપાર્ટમેન્ટમાં વાઇસ મિનિસ્ટર સુન હેયાન સહિત છ લોકો હાજર હતાં જ્યારે ભાજપ વતી રાષ્ટ્રીય મહામંત્રી અરુણ સિંહે અને ભાજપના વિદેશી બાબતોના વિભાગના પ્રભારી વિજય ચૌથાઈવાલા સહિત ૪ લોકો હાજર હતા. ચૌથાઈવાલાએ આ બેઠક પછી એક્સ પરની પોસ્ટમાં લખ્યું છે કે, બંને પક્ષો વચ્ચે ઇન્ટર-પાર્ટી કોમ્યુનિકેશન વધારવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. ચીનનું પ્રતિનિધિમંડળ બીજા દિવસે ભાજપના પિતૃ સંગઠન રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના નેતાઓને પણ મળ્યું ને સંઘે પણ આ બેઠકને કર્ટસી બેઠક ગણાવી છે.

યોગાનુયોગ ભાજપના નેતા તેમના હેડ ક્વાર્ટરમાં ચીનના સામ્યવાદી પાર્ટીના નેતાઓની પરોણાગત કરી રહ્યા હતા ત્યારે જ ચીનના વિદેશ મંત્રાલયે એક વીડિયો મૂકીને લડાખના શક્સગામ ખીણને ચીનનો વિસ્તાર ગણાવ્યો છે. પાકિસ્તાને ૧૯૪૮માં શક્સગામ ઘાટી પર ગેરકાયદેસર કબજો કરી લીધો હતો અને ૧૯૬૩માં આ વિસ્તાર ચીનને સોંપી દીધો હતો. ચીન-પાકિસ્તાન આર્થિક કોરિડોર (સીપેક) દ્વારા ચીન છેક પાકિસ્તાન સુધી રોડ બનાવી રહ્યું છે અને આ રોડ પણ શક્સગામ ખીણ વિસ્તારમાંથી પસાર થાય છે. આ સિવાય ચીને બંકરો બનાવવા સહિતનાં બીજાં બાંધકામ પણ કર્યાં છે અને લશ્કરી છાવણીઓ પણ બનાવી છે.

ભારત વરસોથી આ વિસ્તાર પાછો મેળવવા મથે છે ને ભારતના નકશામાં પણ આ વિસ્તારને ભારતનો પ્રદેશ જ ગણવાયા છે. એ સાચું પણ છે કેમ કે કાશ્મીરનો આખો પ્રદેશ ભારતનો જ છે. ચીને શક્સગામ ખીણ વિસ્તારમાં મોટા પાયે બાંધકામ બાંધ્યાં તેનો વિરોધ કરીને ભારતે સત્તાવાર રીતે ૯ જાન્યુઆરીએ સત્તાવાર નિવેદન બહાર પાડેલું. ભારતે શક્સઘાટી ખીણ વિસ્તારમાં ચીનના બાંધકામને ગેરકાયદેસર ગણાવીને કહેલું કે, ચીન આ વિસ્તારમાં ગેરકાયદેસર રીતે કબજો કરીને બેસી ગયું છે એ ભારત નહીં ચલાવી લે.

ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા માઓ નિંગે વીડિયોમાં ભારતની વાતને બકવાસ ગણાવીને કહ્યું છે કે ભારત જે વિસ્તાર અંગે સવાલ કરી રહ્યું છે એ ચીનનો જ ભાગ છે અને પોતાના વિસ્તારમાં બાંધકામ કરવામાં કશું ખોટું નથી. પોતાના વિસ્તારમાં ઇન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવું ચીનનો અધિકાર છે અને તેની સામે કોઈ સવાલ કરી શકે નહીં.

ભાજપના નેતાઓની ચીનની સામ્યવાદી પાર્ટીના નેતાઓ સાથેની બેઠક પછી કોંગ્રેસે ભાજપ-ચીન વચ્ચે ગુપ્ત કરાર થયો હોવાનો આક્ષેપ કરીને સવાલ કર્યો છે કે, ભાજપે દેશદ્રોહ કેમ કર્યો? કોંગ્રેસ વિપક્ષમાં છે તેથી એ આ મુદ્દાનો રાજકીય લાભ ગણાવવા માટે વાતને ટ્વિસ્ટ કરી રહી હોય એ શક્ય છે. કોંગ્રેસ કહે છે એ રીતે ભાજપના ચીનના સામ્યવાદી પાર્ટી સાથે કોઈ ગુપ્ત કરાર ના થયો હોય છતાં ભાજપની હરકત શરમજનક છે.

ચીને આપણા વિસ્તારને પોતાનો વિસ્તાર ગણાવ્યો છે ને આપણી સરકાર જૂઠું બોલતી હોવાનું કહે છે. એ દેશના શાસક પક્ષને તમે કઈ રીતે નોંતરી શકો? બીજું કંઈ ના વિચારો તો એટલું તો વિચારો કે, ચીના તમારી જ સરકારને ખોટી ગણાવી રહ્યા છે ને તમે તેમની આગતાસ્વાગતા કરો છો? તમારામાં વ્યક્તિગત રીતે સ્વાભિમાન જેવું ના હોય તો કંઈ નહીં પણ દેશના સ્વાભિમાનનો તો વિચાર કરો? પોતાની પાર્ટીના ગૌરવનો તો વિચાર કરો?

ભાજપે ઇન્ટર-પાર્ટી કોમ્યુનિકેશન વધારવા અંગે ચર્ચા કરવા માટે ચીનાઓને નોંતર્યા હોવાનો દાવો કર્યો છે પણ આ દાવો અત્યંત હાસ્યાસ્પદ છે. સામ્યવાદી પાર્ટીની વિચારધારા અને ભાજપની વિચારધારા વચ્ચે કોઈ મેળ જ નથી. ભાજપવાળા ધર્મનું પિપુડું વગાડ્યા કરે છે ને ભગવાનોના નામે રાજકારણ રમે છે જ્યારે સામ્યવાદીઓ તો ભગવાનના અસ્તિત્વને જ સ્વીકારતા નથી. કોંગ્રેસના નેતા ભગવાન રામના અસ્તિત્વને નથી સ્વીકારતા એ મુદ્દે ભાજપ કોંગ્રેસને હિંદુ વિરોધી ગણાવે છે જ્યારે સામ્યવાદીઓ તો કોઈ પણ ભગવાનને સ્વીકારતા નથી. તો આવા હળાહળ હિંદુ વિરોધી સાથે છાનગપતિયાં શું કરવા ચાલી રહ્યાં છે?

સામ્યવાદી ચીનાઓની પરોણાગત ભાજપનાં બેવડાં ધોરણોનો વધુ એક નાદાર નમૂનો છે. કોંગ્રેસના નેતા સામ્યવાદી ચીનાઓને મળે તો દેશદ્રોહી કહેવાય ને ભાજપવાળા સામ્યવાદી ચીનાઓને મળે તો ઇન્ટર-પાર્ટી કોમ્યુનિકેશન ગણાય તેને શું કહેવું? અમે કરીએ એ લીલા ને બીજાં કરે એ છિનાળું. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ-સૌર શિશિરઋતુ, બુધવાર, તા. ૧૪-૧-૨૦૨૬, મકર સંક્રાંતિ, ષટ્તિલા એકાદશી (કોપરા)

- ભારતીય દિનાંક ૨૪, માહે પૌષ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, પૌષ વદ-૧૧
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે પૌષ, તિથિ વદ-૧૧
- પારસી શહેનશાહી રોજ ૩જો અર્દીબહેશ્ત, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૩જો અર્દીબહેશ્ત, માહે ૭મો મેહેર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૩૦મો અનેરાન, માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૪મો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૬મો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૭
- નક્ષત્ર અનુરાધા મધ્યરાત્રિ પછી ક. ૨૭-૦૩ સુધી, પછી જયેષ્ઠા
- ચંદ્ર વૃશ્ચિકમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃશ્ચિક (ન, ય)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૬, અમદાવાદ ક. ૦૭ મિ. ૨૪, સ્ટા. ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૧૯, અમદાવાદ ક. ૧૮ મિ. ૧૩, સ્ટા. ટા.,

-: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-

- ભરતીઃ સવારે ક. ૦૭-૫૭, રાત્રે ક. ૨૨-૧૬
- ઓટઃ બપોરે ક. ૧૪-૫૩, મધ્યરાત્રિ પછી ક. ૦૪-૧૧ (તા. ૧૫)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, પૌષ કૃષ્ણ - એકાદશી. ષટ્તિલા એકાદશી (કોપરા), સૂર્ય મકરમાં બપોરે ક. ૧૫-૦૫, સામ્યાર્ધ, સંક્રાંતિ પુણ્યકાળ ક. ૧૫-૦૫થી સૂર્યાસ્ત. ધનાર્ક કમુહૂર્તા સમાપ્ત ક. ૧૫-૦૫, મકર સંક્રાંતિ, મકરાદિ સ્નાન, તૈલ સંક્રાંતિ, માઘબિહુ (આસામ), તૈ પોંગલ (કેરાલા), પોંગલ (દક્ષિણ ભારત), વિંછુડો.
- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
- મુહૂર્ત વિશેષઃ શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી સુક્ત-પુરુસુક્ત, શ્રીગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, તુલસીપૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, સંક્રાંતિ પુણ્યકાળમાં સાંસારિક, માંગલિક કાર્ય વર્જ્ય છે, નદી-સંગમ-તીર્થમાં, સ્નાન-તર્પણ, શ્રાદ્ધ, સૂર્ય-વિષ્ણુ-શિવપૂજા, બ્રાહ્મણ ભોજન, આદિ ધર્મકાર્યનો મહિમા. બુધ-શનિ ગ્રહદેવતાનું પૂજન, મુંડન કરાવવું નહીં. પ્રયાણ શુભ, નવા વસ્ત્રો, આભૂષણ, નવા વાસણ, મહેંદી લગાવવી, ચંત્રારંભ, દસ્તાવેજ, પશુ લે-વેંચ, સ્થાવર લેવડદેવડ, દુકાન-વેપાર, ધાન્ય ભરવું, બી વાવવું, નામકરણ, દેવદર્શન, અન્નપ્રાશન, શાંતિ પૌષ્ટિક પૂજા.
- આચમનઃ બુધ-ગુરુ પ્રતિયુતિ ઉતાવળિયા, ચંદ્ર-ગુરુ અર્ધચતુષ્કોણ દંભીપણું, ચંદ્ર-રાહુ ચતુષ્કોણ વ્યવસાયમાં નાણાં વ્યવહારમાં સંભાળવું.
- ખગોળ જ્યોતિષઃ બુધ-ગુરુ પ્રતિયુતિ, ચંદ્ર-ગુરુ અર્ધચતુષ્કોણ, ચંદ્ર-રાહુ ચતુષ્કોણ (તા. ૧૫)
- ગ્રહગોચરઃ સૂર્ય ધનુ/મકર, મંગળ-ધનુ, માર્ગી બુધ-ધનુ (બુધ અસ્ત) વક્રી ગુરુ-મિથુન, શુક્ર-મકર (શુક્ર અસ્ત) માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

# દંશ મારનાર સાપને ખીસામાં લઈને હૉસ્પિટલમાં પહોંચ્યો

મથુરા : એક ઈ-રિક્ષા ચાલક અહીં જિલ્લા હોસ્પિટલમાં ખિસ્સામાં તેને દંશ માર્યો હતો એ ૧.૫ ફૂટ લાંબો સાપ લઈને ગયો હતો, એમ મંગળવારે એક અધિકારીએ જણાવ્યું હતું.

આ ઘટનાનો એક કથિત વીડિયો સોશ્યલ મીડિયા પર પણ સામે આવ્યો છે.

સ્થાનિક રહેવાસી દીપક (૩૯)ને સોમવારે સાપે કરડ્યો હતો અને તે ઝેર વિરોધી ઇન્જેક્શન માટે હોસ્પિટલમાં આવ્યો હતો.

વીડિયોમાં, જ્યારે તેને કરડેલા સાપ વિશે પૂછવામાં આવ્યું, ત્યારે તેણે તેના જેકેટના ખિસ્સામાંથી સાપ કાઢ્યો હતો અને તેને ફરીથી પાછો મૂકી દીધો.

દર્દીએ કહ્યું કે તે લગભગ ૩૦ મિનિટ પહેલા હોસ્પિટલમાં આવ્યો હતો, અને આરોપ લગાવ્યો હતો કે હોસ્પિટલમાં કોઈ સુવિધાઓ નથી. સીએમઓ નીરજ અગ્રવાલે જણાવ્યું હતું કે, દર્દીને સાપને બહાર છોડી દેવાનું કહેવામાં આવ્યું હતું કારણ કે તે અન્ય દર્દીઓના જીવ જોખમમાં મૂકી રહ્યો હતો.

પછીથી પોલીસને બોલાવવામાં આવી હતી, જેમણે સાપને બચાવ્યો હતો. જોકે, શંકા છે કે આ સાપ દીપકનો જ હતો, તેવું એમણે ઉમેર્યું હતું. ■

# વીર સાવરકરની તસવીરો હટાવવા મુદ્દે સુપ્રીમ કોર્ટે આકરા પાણીએઃ અરજદારને ખખડાવ્યા

નવી દિલ્હીઃ દેશની વડી અદાલતે મંગળવારે સંસદ અને અન્ય જાહેર સ્થળો પરથી વિનાયક દામોદર સાવરકરની તસવીરો દૂર કરવાની માગ કરતી જાહેર હિતની અરજી પર સુનાવણી કરવાનો ઇનકાર કર્યો હતો. તેમજ અરજદારને ખખડાવ્યા હતા અને અરજી પાછી ખેંચવાની મંજૂરી આપતા પહેલા ભારે દંડ ફટકારવાની ચેતવણી આપી હતી. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમાલ્યા બાગચી અને વિપુલ એમ. પંચોલીની ખંડપીઠે અરજદાર, નિવૃત ભારતીય મહેસૂલ સેવા(આઇઆરએસ) અધિકારી બી બાલમુરુગનને આવી વ્યર્થ અરજીઓ દાખલ કરવા સામે ચેતવણી આપી હતી. તેમજ સંકેત આપ્યો હતો કે કોર્ટનો સમય વેડફવા બદલ ભારે દંડ ફટકારવામાં આવી શકે છે.

સીજેઆઇએ કહ્યું કે આ પ્રકારની વ્યર્થ અરજી... માનસિકતા દર્શાવે છે. ખંડપીઠ અરજદારની એ વાતથી નારાજ હતી કે નાણાકીય મુશ્કેલીઓને કારણે પોતે કેસની દલીલ કરવા માટે આવી શક્યો ન હતો. સીજેઆઇએ કહ્યું કે તમે આઇઆરએસમાં હતા. તમે દિલ્હી આવીને તમારી જાતને રજૂ કરી શકો છો અને દલીલ કરી શકો છો. અમે તમને ભારે દંડ ફટકારવા માંગીએ છીએ. તમે તમારી જાતને શું સમજો છો? બાલમુરુગને તેની પીઆઇએલ(જાહેર હિતની અરજી)માં સંસદના સેન્ટ્રલ હોલ અને અન્ય જાહેર સ્થળોએથી આ ઐતિહાસિક વ્યક્તિના ફોટોગ્રાફ્સ દૂર કરવાના નિર્દેશ આપવાની માંગણી કરી હતી. ઉપરાંત અરજીમાં સરકારને એવી વ્યક્તિઓને સન્માનિત કરવાથી રોકવાના આદેશ આપવાની માંગ કરવામાં આવી હતી કે જેના પર હત્યા અથવા રાષ્ટ્રવિરોધી પ્રવૃતિઓ જેવા ગંભીર ગુનાઓ માટે ચાર્જશીટ દાખલ કરવામાં આવી હોય અને જ્યાં સુધી તેને નિર્દોષ જાહેર કરવામાં ન આવે. સુનાવણી દરમિયાન સીજેઆઇએ અરજદારના બેકગ્રાઉન્ડ અને સર્વિસ રેકોર્ડ અંગે પણ સવાલો કર્યા હતા. સીજેઆઇએ કહ્યું કે કૃપા કરીને આ બધા ચક્કરમાં ન પડો. હવે તમે તમારી નિવૃતિનો આનંદ માણો. સમાજમાં કંઇક રચનાત્મક ભૂમિકા ભજવો. આખરે પરિણામનું ભાન થતાં બાલામુરુગને અરજી પાછી ખેંચવાની પરવનાગી માંગી હતી, જેને મંજૂર કરવામાં આવી હતી. ■

## પ્રજામત

### પ્રજાવત્સલ ઉમેદવારને મત આપવો

ઈલેક્શન નજીક આવે ત્યારે એક બેઠક પર એકથી વધારે ઉમેદવારો પ્રજાની સેવા કરવા માટે ઉમેદવારી નોંધાવે છે અને ચૂંટણીમાં ઝંપલાવે છે. પ્રજાનું હિત અને કલ્યાણ જો ખરેખર દિલથી વહાલુ હોય તો ચૂંટણી હાર્યા પછી કે ચૂંટણી લડ્યા વગર જનસેવા ન થઈ શકે?

સ્વ. ભૂતપૂર્વ વડા પ્રધાન લાલ બહાદૂર શાસ્ત્રી જેવા સાદા અને ઉચ્ચ મૂલ્યો ધરાવતાં નિષ્ઠાવાન-પ્રામાણિક-સજ્જન મહાપુરુષ અને ઉત્તર પ્રદેશને ઉત્તમ પ્રદેશ બનાવનાર યોગી આદિત્યનાથ જેવાં નેતાઓ ખૂબ ઓછા મળી આવે છે.

એવામાં વર્તમાન રાજકારણ તો ચોક્કસ પરિવારનો ઈજારો બની ગયો હોય એવું લાગે છે. યોગ્ય ઉમેદવારને ભાગ્યે જ તક મળે છે.

ગુનાહિત- અપરાધિક છબી ધરાવતા પ્રતિનિધિઓને બદલે કુશળ રાજનિતિજ્ઞ- દૂરંદેશી ધરાવનાર સ્વચ્છ પ્રતિભાવંત તથા પ્રજાવત્સલ ઉમેદવારોને ચૂંટણીમાં ઊભા રાખવા જોઈએ. સાથે જ લોકોએ પણ આવા જ જનસેવકને સત્તા સોંપવી જોઈએ. જેથી કરીને ચૂંટણીનો વિરાટ ખર્ચ વેડફાઈ ન જાય.

**સેવંતીભાઈ સંઘવી, થરાદ**

### મકરસંક્રાંતિ

આપણા દેશમાં ઉજવાતો આ તહેવાર ખૂબ જ શ્રદ્ધાથી, આનંદથી તથા પ્રેમપૂર્વક દાનની લ્હાણીથી ઉજવાય છે. પતંગની ઉડાન જીવનની આશાઓથી આકાશ પર કબજો જમાવી દે છે. પણ કહેવાય છે કે અતિ ઉતાવળે કરેલ ઉડાન ક્યારેક જમીન પર પટકાઈ જાય છે.

આ ઉત્સવનું આગવુ અંગ એટલે પતંગ... આ તહેવારની તૈયારી થોડા દિવસો પૂર્વે જ શરૂ થઈ જાય છે. બજારોમાં અને ઘરે વિવિધતા ભરેલી ચિક્કીઓ જોવા મળે છે. તલના લાડુ અને ચિક્કીઓ એકબીજાને આપવાની પરંપરા છે. સંબંધોમાં રહેલી કડવાશને દૂર કરી મીઠાસ ફેલાવવાનો એ સંદેશ આપે છે.

**હર્ષદ દડિયા, ઘાટકોપર**

### પત્ર મિત્રોને ખાસ સૂચના

પ્રજામત માટે પત્ર મોકલનારા વાચક મિત્રોને ખાસ વિનંતી કે તમારી લાગણીને વાચા આપતા કે કોઇ સમસ્યા અંગે ધ્યાન દોરતાં તમારા મંતવ્યો, લેખિત પત્રો દ્વારા અથવા અમારા નીચેના ઈ-મેઈલ આઈડી પર પણ મોકલી શકો છો. **E-mail: prajamat@bombaysamachar.com** ચર્ચાપત્રના અંતે નામ સાથે પૂરું એડ્રેસ, ટેલિફોન અને મોબાઈલ નંબર તથા ઈ-મેલ આઈડી અચૂક લખવો. એડ્રેસ, ટેલિફોન અથવા મોબાઈલ નંબર નહીં લખ્યો હોય એવાં ચર્ચાપત્રોનો સ્વીકાર કરવામાં આવશે નહીં. – તંત્રી

## પહેલા પાનાનું ચાલુ

### આઠ આતંકવાદી કૅમ્પ રડાર પર

સિંદૂર દરમિયાન લશ્કરી દળોને જવાબ આપવા સંપૂર્ણ સ્વતંત્રતા આપવામાં આવી હતી. લડાઈ ઉગ્ર બને તો અમુક તૈયારી કરવાના હુકમ લશ્કરની ત્રણેય પાંખોને દેવામાં આવ્યા હતા એનો તેમણે ઉલ્લેખ કર્યો હતો. દ્વિવેદીએ કહ્યું હતું કે હું માનું છું કે આપણે બે તક્કાના ટર્નિંગ પોઈન્ટને સમજવા જઈએ. પહેલો ટર્નિંગ પોઈન્ટ પાકિસ્તાનમાં રહેલા આતંકવાદીના અડ્ડા પર બાવીસ મિનિટમાં કરવામાં આવેલા હુમલા હતો. આ બાવીસ મિનિટ દરમિયાન હરીફ પક્ષની નિર્ણય લેવાની સાઈકલ ગૂંચવણમાં મુકાઈ ગઈ હતી. ભારત સાત મેના પરોઢિયે પાકિસ્તાન અને પાકિસ્તાનના તાબા હેઠળના નવ આતંકવાદી કેમ્પ પર ત્રાટક્યું હતું. આ ઑપરેશન ફક્ત બાવીસ મિનિટમાં પૂરું કરવામાં આવ્યું હતું. દ્વિવેદીએ કહ્યું હતું કે આતંકવાદી અડ્ડા પરના હુમલાથી હરીફ પક્ષમાં અરાજકતા સર્જાઈ હતી. ત્યાર બાદ પાકિસ્તાને અંધાધૂંધ હુમલા કર્યા હતા. અમુક લોકોએ પથ્થરથી હુમલો કરવાનું શરૂ કર્યું હતું, અમુકે ડ્રોન કે મિસાઈલ વડે હુમલો કરવાનું શરૂ કર્યું હતું. તેમને ખબર નથી કે શું બની રહ્યું છે. સામી બાજુએ અરાજકતા ફેલાઈ હતી. અમે ગણતરીપૂર્વક જવાબ દીધો હતો. અમારા રાજકીય-લશ્કરી હેતુ સિદ્ધ થયા હોવાથી અમે લડાઈ આગળ વધારવા તૈયાર નહોતા. ■

### લગામ લગાવો...
### ડ્રોનની ઘૂસણખોરી કરતા પાકિસ્તાનને કહેવાયું

ભારતના સેનાધ્યક્ષ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ મંગળવારે જણાવ્યું હતું કે પાકિસ્તાનને ત્યાંથી ભારતમાં થતી ડ્રૉન ઘૂસણખોરી પર 'લગામ' કરવા કહેવામાં આવ્યું છે. મંગળવારે સાપ્તાહિક ડીજીએમઓ (ડાયરેક્ટર જનરલ ઓફ મિલિટરી ઓપરેશન્સ) સ્તરની બેઠકમાં આ મુદ્દો ઉઠાવવામાં આવ્યો હોવાનું કહેવાય છે. મંગળવારે ભારતીય સેનાની વાર્ષિક પ્રેસ કોન્ફરન્સમાં એક પ્રકારની ચેતવણી આપતા સેના પ્રમુખે જણાવ્યું હતું કે પાકિસ્તાનના લશ્કરી કામગીરીના વડાને પાકિસ્તાનથી ભારતમાં થતી ડ્રૉન ઘૂસણખોરીને નિયંત્રિત કરવા કહેવામાં આવ્યું છે. જમ્મુ અને કાશ્મીરમાં પરિસ્થિતિ સંવેદનશીલ છે પરંતુ નિશ્ચિતપણે નિયંત્રણમાં છે, એમ એમણે મંગળવારે જણાવ્યું હતું. આ વિશે વધુ વિગતો આપતા, જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ જણાવ્યું હતું કે જોયેલા ડ્રૉન ખૂબ નાના હતા અને તેમની લાઇટ ચાલુ રાખીને આવ્યા હતા, ખૂબ ઊંચાઈએ ઉડતા નહોતા. તેમણે કહ્યું કે ૧૦ જાન્યુઆરીએ લગભગ છ ડ્રૉન જોવા મળ્યા હતા અને ૧૧ અને ૧૨ જાન્યુઆરીએ બે થી ત્રણ જોવા મળ્યા હતા.

મારા મતે, આ રક્ષણાત્મક ડ્રોન હતા, જે જોવાનો પ્રયાસ કરી રહ્યા હતા કે શું અમારી સામે કોઈ કાર્યવાહી થઈ રહી છે. શક્ય છે કે તેઓ એ પણ જોવા માંગતા હતા કે ભારતીય સેનામાં કોઈ ખામી છે, કોઈ શિથિલતા છે, કોઈ ખાંચા છે જેના દ્વારા તેઓ આતંકવાદીઓને મોકલી શકે,'' એમ જનરલ દ્વિવેદીએ કહ્યું હતું અને ઉમેર્યું કે તેમનું માનવું છે કે ''તેમને નકારાત્મક પ્રતિભાવ મળ્યો હશે. તેઓએ જોયું હશે કે આજની તારીખે, એવી કોઈ જગ્યા નથી, એવી કોઈ ખામી નથી જ્યાંથી તેઓ તેમને આતંકવાદી મોકલી શકે.''

તેમણે કહ્યું હતું કે ''પરંતુ આ ચોક્કસ છેઃ આજે અમારી સાથે ડીજીએમઓ (ડાયરેક્ટર જનરલ ઓફ મિલિટરી ઓપરેશન્સ)ની વાતચીત થઈ હતી. તે વાતચીતમાં આ બાબતની ચર્ચા કરવામાં આવી હતી, અને તેમને કહેવામાં આવ્યું હતું કે આ અમારા માટે અસ્વીકાર્ય છે, અને કૃપા કરીને નિયંત્રણ કરો. આ વાત તેમને જણાવવામાં આવી છે...''

જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ કહ્યું કે એમને ચોક્કસ શબ્દોમાં કહ્યું છે કે ''લગામ લગાઈયે''. ■

### ડૉલરિયા ડ્રીમ્સ ચકનાચૂર

છે. તેમણે કહ્યું હતું કે આમાં હજારો વિદેશી નાગરિકોના રદ કરવામાં આવેલા વિઝા સામેલ છે જેમના પર ગુનાનો આરોપ લાગ્યો છે અથવા દોષિત ઠેરવવામાં આવ્યા છે જેમાં હુમલો, ચોરી અને નશામાં વાહન ચલાવવા સહિતના ગુનાઓ સામેલ છે.

ફોક્સ ન્યૂઝના એક રિપોર્ટ અનુસાર, ૨૦૨૫માં રદ કરાયેલા વિઝાની સંખ્યા ૨૦૨૪માં રદ કરાયેલી ૪૦,૦૦૦ વિઝાની સંખ્યા કરતા બમણાથી વધુ છે જે ભૂતપૂર્વ પ્રમુખ જો બાઈડનના વહીવટીતંત્રનું છેલ્લું વર્ષ હતું. ૨૦૨૫ના મોટાભાગના વિઝા એ બિઝનેસ અને ટૂરિસ્ટ પ્રવાસીઓના રદ કર્યા હતા જેમણે તેમની વિઝાની મુદત કરતાં વધુ સમય રોકાયા હતા, જ્યારે ૮,૦૦૦ વિદ્યાર્થીઓ અને ખાસ વિઝા ધરાવતા ૨,૫૦૦ લોકોના દસ્તાવેજો કાનૂની એજન્સીઓ સાથેના ફોજદારી કેસોને કારણે રદ કરવામાં આવ્યા હતા. તેમાં જણાવાયું છે કે વિશેષ કામદારો માટેના અડધા વિઝા નશામાં વાહન ચલાવવા માટે, ૩૦ ટકા હુમલો અથવા કેદના આરોપો માટે, અને બાકીના ૨૦ ટકા ચોરી, બાળ શોષણ, ડ્રગ્સનો ઉપયોગ અને વિતરણ અને છેતરપિંડી અને ઉચાપત માટે રદ કરવામાં આવ્યા હતા. લગભગ ૫૦૦ વિદ્યાર્થી વિઝા ડ્રગ્સ રાખવા અને વિતરણ માટે રદ કરવામાં આવ્યા હતા, જ્યારે સેંકડો વિદેશી કામદારોના વીઝા રદ કરવામાં આવ્યા હતા કારણ કે તેઓ બાળકોનું શોષણ કરતા હોવાનું માનવામાં આવતું હતું. પિગોટને ટાંકીને કહેવામાં આવ્યું હતું કે વહીવટીતંત્ર તેની કડક કાર્યવાહી ચાલુ રાખશે. ■

### રખડતા શ્વાન

ઉલ્લેખ કરતા બેન્ચે પૂછ્યું હતું કે જ્યારે નવ વર્ષના બાળકને રખડતા કૂતરાઓ મારી નાખે છે જેને ડોગ લવર્સ ઓર્ગેનાઈઝેશન ખાવાનું આપે છે તો આ માટે કોને જવાબદાર ઠેરવવા જોઈએ? કોર્ટે એ પણ સવાલ કર્યો હતો કે શું કોર્ટે આંખ આડા કાન કરવા જોઈએ અને બધું થવા દેવું જોઈએ. કોર્ટે પોતાની ટિપ્પણીમાં પૂછ્યું હતું કે શું આવી લાગણીઓ ફક્ત કૂતરાઓ માટે જ દર્શાવવામાં આવે છે, જ્યારે માણસો પર હુમલાની ઘટનાઓમાં ઘણીવાર આવી જ તાકીદનો અભાવ હોય છે. ખંડપીઠે સંકેત આપ્યો હતો કે તે જવાબદારી માટે કડક માળખું સ્થાપિત કરવાનું વિચારી રહી છે. કોર્ટે જણાવ્યું હતું કે, ''અમે આદેશ આપવા જઈ રહ્યા છીએ કે રાજ્યએ કૂતરા કરડવાથી થતા મૃત્યુ અને ઈજાના કિસ્સાઓમાં ઊંચું કે મોટું વળતર ચૂકવવું જોઈએ.'' કૂતરાના માલિકો અને તેમનું પ્રતિનિધિત્વ કરતી સંસ્થાઓ પર પણ જવાબદારી નક્કી કરવામાં આવશે. સુપ્રીમ કોર્ટની બેન્ચે વધુમાં જણાવ્યું હતું કે જો લોકો કૂતરાઓને ખવડાવવા અથવા તેમની સંભાળ રાખવા માંગતા હોય તો તેમણે તેમના પોતાના પરિસરમાં જ કરવું જોઈએ અથવા તેમને તેમના પોતાના કમ્પાઉન્ડમાં, તેમના પોતાના ઘરોમાં રાખવા જોઈએ અને તેમને તેમના પોતાના ઘરમાં જ ખવડાવવા જોઈએ. તેમને શા માટે બહાર ફરવા અને મુશ્કેલી ઊભી કરવાની મંજૂરી આપવી જોઈએ? ■

### ઈરાનનો ઘડોલાડવો કરશે અમેરિકા

ફોન લાગી રહ્યા છે, પરંતુ ફોનનું નેટવર્ક બહુ જ ખરાબ હોવાથી વિદેશમાં કોઇની સાથે વાતચીત કરવી ઘણી મુશ્કેલ બની છે. વિદેશમાંથી ઇરાનમાંના ફોન નથી લાગતો. એસએમએસ ટેક્સ્ટ મેસેજિંગ સિસ્ટમ પણ ડાઉન છે. ઇરાનમાંના ઇન્ટરનેટ વપરાશકારો માત્ર સરકાર દ્વારા મંજૂર કરાયેલી વેબસાઇટ્સ જ જોઇ શકે છે.

આમ છતાં, વિદેશમાંના અમુક લોકોને ઇરાનમાંથી મળેલા સંદેશા મુજબ ઇરાનમાં શાસકો વિરોધી હિંસા દરમિયાન અનેક બૅન્ક અને સરકારી ઑફિસો સળગાવાઇ હતી. ઘણાં એટીએમ તોડી નખાયાં હતાં. બૅન્કોને ઇન્ટરનેટના અભાવે ટ્રાન્ઝેક્શન પૂરાં કરવામાં મુશ્કેલી પડી રહી છે. ઇરાનનાં શહેરોના મુખ્ય રસ્તાઓ પર રમખાણ-વિરોધી પોલીસ હેલમેટ, બખતર, ઢાલ, શોટગન્સ, અશ્રુવાયુ, બંદૂકો સાથે પહેરો ભરતી જોવા મળે છે. (એજન્સી) ■

### અમેરિકા ટૅરિફનું રિફંડ ચૂકવવા અસમર્થઃ ટ્રમ્પ

મીડિયા પર લખ્યું હતું કે અમેરિકાની સરકાર માટે ટૅરિફનું રિફંડ આપવું ગૂંચવણભર્યું બનશે. ટ્રમ્પે ટૅરિફની પાછી ચુકવણી કરવાની સંભાવના અંગે પોસ્ટ કર્યું હતું કે આ બાબત અશક્ય છે. ટૅરિફ દ્વારા એટલી મોટી રકમ ભેગી કરાય છે કે તેનો હિસાબ કરવા માટે વર્ષો લાગી જશે. (ટૅરિફના રિફંડની) કોને, ક્યારે અને ક્યાં ચુકવણી કરવી એ નક્કી કરવું પણ મુશ્કેલ છે. (એજન્સી) ■

### બ્લિન્કિટ, ઝેપ્ટો હવે દસ મિનિટમાં ડિલિવરી નહીં કરે

પ્રતિનિધિઓએ આ બેઠકમાં ભાગ લીધો હતો. બ્લિન્કિટે 'દસ મિનિટમાં ડિલિવરી' કરવાનું સૂત્ર પોતાના બ્રાન્ડિંગમાંથી કાઢી નાખ્યું હોવાનું કહેવાય છે. અન્ય કંપનીઓ પણ તેને અનુસરે એવી આશા રખાય છે. કંપનીના ઝડપથી સામાન પહોંચાડતા ડિલિવરીમેનની સલામતી, સુરક્ષા અને કામની કન્ડિશન્સ સુધારવાના હેતુસર સંબંધિત નિર્ણય લેવાયો હતો. અગાઉ, આ કંપનીઓના કર્મચારીઓ વધુ પગાર અને સારી કામની કન્ડિશન્સની માગણીને લઇને નવા વર્ષની પૂર્વસંધ્યાએ એટલે કે ૩૧ ડિસેમ્બરે હડતાળ ઉતર્યા હતા. (એજન્સી) ■

### ઈરાનને વાંકે ભારતને વધુ ૨૫% ટૅરિફનો ડામ

લશ્કરી કાર્યવાહીની ધમકી આપી ચુક્યા છે. એ પહેલા ટ્રમ્પે ઈરાનના વેપાર ભાગીદારોને નિશાન બનાવ્યા છે. ટ્રમ્પે ઈરાન સાથે વેપાર કરતા દેશો પચીસ ટકા ટેરિફ લાદવાની જાહેરાત કરી છે, જેના કરાણે ભારત સહિત બ્રાઝીલ,ચીન, રશિયા જેવા દેશોને અસર થઇ શકે છે.

ટ્રમ્પે પોતાની માલિકીના સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પર લખ્યું ''ઇસ્લામિક રિપબ્લિક ઓફ ઈરાન સાથે વેપાર કરનાર કોઈપણ દેશ દ્વારા યુનાઇટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા સાથે વેપાર પર પચીસ ટકા ટેરિફ લાગુ કરવા આવે છે, જે તાત્કાલિક અમલમાં આવશે. આ આદેશ અંતિમ અને નિર્ણાયક છે, આ બાબત તરફ ધ્યાન આપવા બદલ આભાર.''

ઈરાનનો સૌથી મોટો વેપારી ભાગીદાર દેશ ચીનને છે, અમેરિકાના આ નવા ટેરીફની સૌથી વધુ અસર ચીન પર પડશે. આ ઉપરાંત ભારત, યુનાઇટેડ આરબ અમીરાત અને તૂર્કી પર પણ મોટી અસર પડશે. ■

### ભારત પર બહુ અસર ન પણ થાય

ભાગીદારો જેમ કે ભારત, ચીન અને યુએઈ પર અસર કરી શકે છે. ફેડરેશન ઓફ ઇન્ડિયન એક્સપોર્ટ ઓર્ગેનાઇઝેશન્સ (ફિઓ) એ જણાવ્યું હતું કે ભારતીય કંપનીઓ અને બેન્કો ઈરાન પર ઓએફએસી (ઓફિસ ઓફ ફોરેન એસેટ્સ કંટ્રોલ) ના પ્રતિબંધોનું સંપૂર્ણ અને સ્પષ્ટપણે પાલન કરે છે અને વિશેષ રીતે માન્ય માનવીય વેપારમાં લાગ્યા છે જેમાં મુખ્યત્વે ખોરાક અને ફાર્માસ્યુટિકલ્સ સામેલ છે. એફઆઈઈઓના ડિરેક્ટર જનરલ અજય સહાયે જણાવ્યું હતું કે તેથી ભારત પર કોઈ પ્રતિકૂળ અસર થવાની અપેક્ષા રાખવાનો કોઈ આધાર નથી. ૨૦૨૪-૨૫ (એપ્રિલ-માર્ચ) માં ભારતનો ઈરાન સાથે કુલ ૧.૬૮ અબજ ડોલરનો વેપાર થયો હતો, જેમાં મુખ્યત્વે કૃષિ ક્ષેત્રમાંથી ૧.૨૪ અબજ ડોલરની નિકાસનો સમાવેશ થાય છે. ભારત દ્વારા ઈરાનમાં નિકાસ કરવામાં આવતા ઉત્પાદનોમાં અનાજ, પશુ ચારો, ચા અને કોફી, મસાલા, ફળો અને શાકભાજી અને દવાઓનો સમાવેશ થાય છે. ■

# અમદાવાદ મનપાને ૧૧ પ્લોટના વેચાણથી ₹ ૯૧૬ કરોડની આવકઃ અંદાજ કરતા ₹ ૧૦૪.૪૫ કરોડ વધુ ભાવમાં વેચાણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેર મ્યુનિસિપલ કોર્પોરેશને આવક વધારવા માટે પ્રાઈમ લોકેશન પર આવેલા પ્લોટ વેચવા કાઢ્યા છે. વિવિધ વિસ્તારોમાં આવેલા મ્યુનિસિપલ કોર્પોરેશનની માલિકીના કુલ ૧૫ પ્લોટ જાહેર હરાજીથી વેચાણ માટે મૂકવામાં આવ્યા હતા, જેમાં ૧૧ પ્લોટનું વેચાણ કરવામાં આવ્યું છે. મનપાના એસ્ટેટ વિભાગ દ્વારા શહેરના સિંધુભવન રોડ, સોલા, ગોતા, વંદે માતરમ્ રોડ અને મકરબા વિસ્તારમાં આવેલા પ્લોટની અપસેટ વેલ્યૂ ૮૧૧.૮૭ કરોડ જેટલી મૂકવામાં આવી હતી. જો કે મનપાના અંદાજ કરતા રૂપિયા ૧૦૪.૪૫ કરોડ વધુ ભાવ મળ્યા હતા, આમ પ્લોટના વેચાણથી અમદાવાદ મનપાને રૂ. ૯૧૬ કરોડની આવક થઈ છે. સૌથી વધારે સિંધુભવન રોડ ઉપર આવેલા પ્લોટની મૂળ કિંમત કરતા ૨૪.૧૮ કરોડ રૂપિયા વધારે ભાવમાં પ્લોટનું વેચાણ થયું છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનાં એસ્ટેટ વિભાગ દ્વારા મનપાની વેબસાઇટ પર ૬ ડિસેમ્બર ૨૦૨૫નાં રોજ સેલ ફોર રેસિડેન્શિયલ અને સેલ ફોર કોમર્શિયલ હેતુવાળા ૧૫ પ્લોટોને ઇ-ઓક્શન દ્વારા વેચાણથી નિકાલ કરવા માટે ટેન્ડર પ્રસિધ્ધ કરાયું હતું. ત્યાર બાદ Code Solutionsની વેબસાઇટ પર ઓનલાઇન રજિસ્ટ્રેશન કરાવી હરાજીમાં ભાગ લેવા માટે ટેન્ડર ફોર્મ અને ઇ.એમ.ડી.ની રકમ જમા કરાવવા માટે ૬ ડિસેમ્બર ૨૦૨૫થી ૫ જાન્યુઆરી ૨૦૨૬ સુધીનો સમયગાળો નિયત કરવામાં આવ્યો હતો.

આ ઉપરાંત ૮ જાન્યુઆરી ૨૦૨૬થી ૧૨ જાન્યુઆરી ૨૦૨૬ સુધી ઇ-ઓક્શન રાખવામાં આવ્યું હતું. મ્યુનિસિપલ કોર્પોરેશનના એસ્ટેટ વિભાગમાં દ્વારા જાહેર હરાજીથી વેચાણ માટે મૂકવામાં આવેલા ૧૫ પ્લોટમાંથી ૧૧ પ્લોટ માટે ઓફરો આવી હતી. પ્રાપ્ત થયેલી ચાર ઓફરો મુજબ, તમામ ૧૧ પ્લોટોના ઈ-ઓક્શનથી કુલ અપેક્ષિત આવક રૂ. ૯૧૬.૩૨ કરોડ થવાની છે, જ્યારે કુલ અપસેટ પ્રાઈસ રૂ. ૮૧૧.૮૭ કરોડની સામે અંદાજે રૂ. ૧૦૪.૪૫ કરોડ જેટલી વધારાની આવક થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

# કેજરીવાલ-સંજય સિંહને ગુજરાત હાઇ કોર્ટનો ઝટકોઃ વડા પ્રધાનના ડિગ્રી કેસમાં માનહાનિનો કેસ ચાલશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દિલ્હીના પૂર્વ મુખ્ય પ્રધાન અને આમ આદમી પાર્ટી (આપ)ના કન્વીનર અરવિંદ કેજરીવાલ તથા સાંસદ સંજય સિંહે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની શૈક્ષણિક ડિગ્રી અંગે ૨૦૨૩માં કર્યા હતા. આ ટિપ્પણી બાદ ગુજરાત યુનિવર્સિટીએ ફોજદારી માનહાનિનો કેસ કર્યો હતો.

આ મામલો ગુજરાત હાઈ કોર્ટમાં પહોંચ્યો હતો. જો કે ૧૩ જાન્યુઆરી, મંગળવારે ગુજરાત હાઈ કોર્ટે પણ આ મામલે રાહત માગતી બંને આપ નેતાની અરજીઓ નકારી કાઢી હતી.

અમદાવાદ સિટી સેશન્સ કોર્ટે અરવિંદ કેજરીવાલ તથા સંજય સિંહની રિવિઝન અરજીઓ નામંજૂર કરી હતી, જેની સામે તેઓ ગુજરાત હાઇ કોર્ટમાં અપીલમાં પહોંચ્યા હતા. હાઈ કોર્ટે બંને પક્ષને સાંભળીને ચુકાદો અનામત રાખ્યો હતો. આ મામલે ૧૩ જાન્યુઆરીએ હાઈ કોર્ટે તેનો ચુકાદો જાહેર કરતાં બંનેની અરજીઓ નકારી નાખી હતી.

અમદાવાદ મેજિસ્ટ્રેટ કોર્ટ બંને રાજકારણીઓ સામેના ફોજદારી માનહાનિના કેસની કાર્યવાહી ચલાવી રહી હોવાથી કેજરીવાલે પોતાની ટ્રાયલ સંજય સિંહની ટ્રાયલથી અલગ કરવાની અરજી કરી હતી.

તેમનો દાવો હતો કે તેમની પર કાવતરું અથવા સામાન્ય ગુનાહિત ઇરાદાને આગળ વધારવાનો કોઈ આરોપ નથી, તેથી કોર્ટે તેમની ટ્રાયલ સંજય સિંહની ટ્રાયલથી અલગ કરવી જોઈએ.

બીજી તરફ સંજય સિંહે પણ નીચલી કોર્ટના આદેશને પડકાર્યો હતો. તેમણે CrPCની કલમ ૨૫૧ હેઠળ મેજિસ્ટ્રેટ કોર્ટ દ્વારા તેમના વકીલની હાજરીમાં લેવામાં આવેલી પ્લી (નિર્દોષ હોવાનો દાવો) નોંધવાના નિર્ણયને અયોગ્ય ગણાવ્યો હતો. જોકે કોર્ટે તેમની અરજી નામંજૂર કરતાં ટિપ્પણી કરી હતી કે જે આદેશ આરોપીના પોતાના કહેવા પર અને તેના હિતમાં જ પાસ થયો હોય, તેને પાછળથી તે જ આરોપી રદ કરવાની માગ કરી શકે નહીં.

અત્રે ઉલ્લેખનીય છે કે, અરવિંદ કેજરીવાલે ૧ એપ્રિલ, ૨૦૨૩ ના રોજ એક પ્રેસ કોન્ફરન્સમાં આ ટિપ્પણી કરી હતી અને સંજય સિંહે ૨ એપ્રિલ, ૨૦૨૩ના રોજ આયોજિત બીજી પ્રેસ કોન્ફરન્સમાં આ ટિપ્પણી કરી હતી. ત્યારબાદ, ગુજરાત યુનિવર્સિટી દ્વારા ટિપ્પણીઓના સંદર્ભે બંને નેતાઓ પર અમદાવાદની મેજિસ્ટ્રેટ કોર્ટમાં ફોજદારી માનહાનિનો કેસ દાખલ કરવામાં આવ્યો હતો.

અમદાવાદ મેજિસ્ટ્રેટ કોર્ટ દ્વારા બંને નેતા સામે સમન્સ જારી કરવામાં આવ્યા હતા. ફેબ્રુઆરી ૨૦૨૪માં ગુજરાત હાઇ કોર્ટે ગુજરાત યુનિવર્સિટી દ્વારા દાખલ કરાયેલા માનહાનિ કેસમાં મેજિસ્ટ્રેટ કોર્ટ દ્વારા જાહેર કરાયેલા સમન્સને સમર્થન આપતા સેશન્સ કોર્ટના આદેશને પડકારતી અરવિંદ કેજરીવાલ અને સંજય સિંહની અરજીને ફગાવી દીધી હતી.

ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગુજરાત હાઇ કોર્ટે ૨૦૧૬માં કેન્દ્રીય માહિતી આયોગ (CIC)ના આદેશને રદ કરીને રદ કર્યા પછી તરત જ આ કથિત નિવેદન આપવામાં આવ્યું હતું, જેમાં ગુજરાત યુનિવર્સિટીને દિલ્હીના મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલને નરેન્દ્ર દામોદર મોદીના નામે ડિગ્રીઓ અંગેની માહિતી પૂરી પાડવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો.

# સીંગતેલના ભાવમાં ૯૦ રૂપિયાનો વધારો, ૧૫ કિલોનો ડબ્બો ₹ ૨૭૫૦એ પહોંચ્યો

અમદાવાદઃ દિવાળી તહેવાર બાદ હાલ ફરી એકવાર ઉત્તરાયણ તહેવાર પર રાજ્યમાં સીંગતેલના ભાવમાં ભડકો થયો છે. છેલ્લા એક સપ્તાહમાં સીંગતેલના ભાવમાં ડબ્બે રૂપિયા ૮૦થી ૯૦ સુધીનો વધારો નોંધાયો છે. હાલમાં ૧૫ કિલોનો સીંગતેલનો ડબ્બો બજારમાં રૂપિયા ૨૭૨૫થી લઈને ૨૭૫૦ સુધીના ભાવે વેચાઈ રહ્યો છે. મગફળીના ભાવમાં થયેલા વધારાના સીધી અસરરૂપે સીંગતેલ મોંઘું બન્યું છે. સરકાર દ્વારા ટેકાના ભાવે મોટા પ્રમાણમાં મગફળીની ખરીદી કરવામાં આવી રહી છે. જેના કારણે ઓપન માર્કેટમાં પુરવઠો ઘટ્યો છે અને ભાવમાં વધારો થયો છે.

છેલ્લા એક મહિનામાં મગફળીના ભાવમાં પ્રતિ મણ રૂપિયા ૧૫૦થી ૨૦૦ સુધીનો વધારો નોંધાયો છે. હાલ ઓપન યાર્ડમાં મગફળીના ભાવ રૂપિયા ૧૨૫૦થી લઈને ૧૪૫૦ પ્રતિ મણ સુધી પહોંચ્યા છે. વેપારીઓનું કહેવું છે કે સારી ગુણવત્તાની પીલાણ યોગ્ય મગફળીની બજારમાં અછત છે. સાથે સાથે વાર્ષિક ખાદ્યતેલની મોટી ખરીદી શરૂ થતા માગમાં વધારો થયો છે, જેના કારણે ભાવ સતત ઊંચા જઈ રહ્યા છે.

# અમદાવાદ ઍરપોર્ટ પર અકાસા એરની ફ્લાઈટનું બે વાર નિષ્ફળ લેન્ડિંગઃ મુસાફરોનો જીવ પડીકે બંધાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેર એરપોર્ટના રનવે પર અકાસા એરની ફ્લાઈટે બે વાર લેન્ડિંગનો નિષ્ફળ પ્રયાસ કર્યા બાદ આખરે વિમાનને જયપુર ડાયવર્ટ કરવાની ફરજ પડી હતા. આ સમયે ફ્લાઈટમાં સવાર મુસાફરોના જીવ ટાળવે ચોટ્યો હતો. ૧૩ જાન્યુઆરીના રોજ અકાસા એરની ફ્લાઈટ નંબર QP ૧૭૮૧ સવારે ૮:૪૦ કલાકે મુંબઈથી અમદાવાદ આવવા નીકળી હતી. આ ફ્લાઈટ તેના નિર્ધારિત સમયે સવારે ૧૦ કલાકે અમદાવાદ એરપોર્ટ પર લેન્ડ થવાની હતી. જો કે ફ્લાઈટમાં ટેક્નીકલ ખામી સર્જાતા વિમાનમાં સવાર મુસાફરો ચિંતામાં આવી ગયા હતા. આ ફ્લાઈટ તેના નિર્ધારિત સમયે લેન્ડિંગ કરવા માટે પાઈલટે પ્રયાસ કરી જોયો, પરંતુ રન વેની નજીક ફ્લાઈટ સ્થિર કરવામાં પાઈલટને ભારે તકલીફ પડવા લાગી હતી. પાઈલોટ દ્વારા કરવામાં આવેલા પ્રથમ પ્રયાસમાં ફ્લાઈટ રનવેની એકદમ નજીક પહોંચી ગયું હતું, પરંતુ તે જમીનને સ્પર્શે તે પહેલા જ જોખમ જણાતા પાઈલટે તેને ફરીથી હવામાં ખેંચી લીધું હતું.

થોડીવાર હવામાં ચક્કર માર્યા બાદ પાઈલટે ફરીથી લેન્ડિંગ માટે પ્રયાસ કરી જોયો હતો. જો કે બીજીવાર પણ ફ્લાઈટ રનવેની નજીક જઈને ડામાડોળ થવા લાગતા પાયલટે ફરીથી તેને ઉપર ખેંચી લીધી હતી. આખરે પાઈલટ અને એર ટ્રાફિક કંટ્રોલ (ATC) દ્વારા સુરક્ષા કારણોસર ફ્લાઈટને તાત્કાલિક જયપુર તરફ ડાયવર્ટ કરવામાં આવી હતી. જ્યાં જયપુર એરપોર્ટ પર ફ્લાઈટનું સુરક્ષિત લેન્ડિંગ થતાં મુસાફરોએ રાહતનો શ્વાસ લીધો હતો. આ ટેક્નિકલ ખામી પાછળનું કારણ જાણવા માટે એરલાઈન્સ દ્વારા તપાસના આદેશ આપવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું હતું.

# ઉત્તરાયણના દિવસે સુરત પોલીસનો ચુસ્ત બંદોબસ્ત

## ૨૬૦થી વધુ અધિકારીઓ અને ૨૫૦૦ જવાનો તહેનાત રહેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત શહેરમાં ઉત્તરાયણનો તહેવાર સુરક્ષિત અને હર્ષોલ્લાસના માહોલ વચ્ચે ઉજવાય તે હેતુથી સુરત શહેર પોલીસ દ્વારા વ્યાપક અને સઘન સુરક્ષા બંદોબસ્તનું આયોજન કરવામાં આવ્યું છે. પોલીસ વિભાગ દ્વારા તહેવારના દિવસોમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે માસ્ટર પ્લાન તૈયાર કરાયો છે.

સુરત પોલીસે ઉત્તરાયણ પર્વ નિમિત્તે સુરક્ષા વ્યવસ્થા ગોઠવી છે. જેમાં ૩૬૩ ઉચ્ચ પોલીસ અધિકારીઓ, ૨૫૦૦ પોલીસ કર્મચારીઓ, ૮૦૦ TRB જવાનો, ૧૩૮૦ હોમગાર્ડ અને SRPની ૫ કંપનીઓનો સમાવેશ થાય છે. આટલા વિશાળ કાફલા દ્વારા શહેરના મુખ્ય રસ્તાઓ અને સંવેદનશીલ વિસ્તારોમાં સતત દેખરેખ રાખવામાં આવશે. આ ઉપરાંત ૭ QRT ટીમ, ૧૦ DCB ટીમ અને ૧૦ SOGની ટીમો દ્વારા ખાસ પેટ્રોલિંગનું આયોજન કરવામાં આવ્યું છે.

# ગુજરાત બનશે મારુતિનું હબઃ ₹ ૪,૯૬૦ કરોડના ખર્ચે બીજો પ્લાન્ટ સ્થાપશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જાણીતી કાર મેન્યુફેક્ચરિંગ કંપની મારુતિ સુઝુકી ગુજરાતમાં વધુ એક પ્લાન્ટ સ્થાપશે. રૂ. ૪૬૯૦ કરોડના ખર્ચે આ પ્લાન્ટ ખોરજમાં કાર્યરત થશે. તેનાથી કંપનીની વાર્ષિક મેન્યુફેક્ચરિંગ ક્ષમતા ૧૦ લાખ કારની થશે.

મારુતિ સુઝુકીના જણાવ્યા પ્રમાણે કંપનીના બોર્ડે ગુજરાતમાં રૂ. ૪૯૬૦ કરોડના ખર્ચે જમીન હસ્તગત કરવાના નિર્ણય અને મેન્યુફેક્ચરિંગ કેપિસિટીના વિસ્તરણને મંજૂરી આપી છે. કંપનીના બોર્ડે ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ પાસેથી ખોરાજ ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટ ખાતે જમીન સંપાદન કરવાની દરખાસ્તને મંજૂરી આપી દીધી છે. કંપનીએ રેગ્યુલેટરી ફાઇલિંગમાં જણાવ્યું છે કે, સૂચિત ક્ષમતામાં ૧૦ લાખ યુનિટ્સ સુધીનો વધારો કરવામાં આવશે.

મારુતિ સુઝુકીએ જણાવ્યું હતું કે, આ વિસ્તરણ માટેના કુલ રોકાણને બોર્ડ દ્વારા ત્યારે આખરી ઓપ આપી મંજૂરી આપવામાં આવશે જ્યારે ક્ષમતાના તબક્કાવાર ઇન્સ્ટોલેશનનું માળખું તૈયાર થશે. ક

ંપનીએ વધુમાં ઉમેર્યું હતું કે, બોર્ડ દ્વારા જમીન સંપાદન, વિકાસ અને પ્રારંભિક પ્રવૃત્તિઓ માટે રૂ. ૪૯૬૦ કરોડના ખર્ચને મંજૂરી આપવામાં આવી છે. આ વિસ્તરણ માટેનું ભંડોળ આંતરિક ઉપાર્જન અને બાહ્ય ધિરાણના મિશ્રણ દ્વારા મેળવવામાં આવશે.

મારુતિ સુઝુકી હાલમાં હરિયાણાના ગુરુગ્રામ, માનેસર અને ખારખોડા તથા ગુજરાતના હંસલપુર ખાતે વાર્ષિક આશરે ૨૪ લાખ યુનિટ્સની કુલ સ્થાપિત ક્ષમતા ધરાવે છે, જેમાં વાર્ષિક ૨૬ લાખ યુનિટ્સ સુધી ઉત્પાદન કરવાની ક્ષમતા છે.

આમાં અગાઉની 'સુઝુકી મોટર ગુજરાત પ્રાઇવેટ લિમિટેડ' ના ઉત્પાદનનો પણ સમાવેશ થાય છે, જેનું હવે કંપનીમાં વિલીનીકરણ કરી દેવામાં આવ્યું છે. કંપનીએ જણાવ્યું હતું કે હાલની ક્ષમતાનો સંપૂર્ણ ઉપયોગ થઈ રહ્યો છે.

# અમિત શાહના હસ્તે ગાંધીનગરમાં અદ્યતન બાયો સેફ્ટી લેવલ-૪ લેબનો શિલાન્યાસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહે ગુજરાતની પ્રથમ અદ્યતન બાયો-કન્ટેઈનમેન્ટ ફેસિલિટી બાયો સેફ્ટી લેવલ-૪ લેબ તેમ જ એનિમલ બાયો-સેફ્ટી લેવલ સુવિધાનો ગાંધીનગરમાં મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં શિલાન્યાસ કર્યો હતો. આ વેળાએ રાજ્યના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી પ્રધાન અર્જુનભાઈ મોઢવાડિયા પણ ઉપસ્થિત રહ્યા હતા.

આ સમારોહ દરમિયાન ગુજરાત બાયો-ટૅક્નોલૉજી રિસર્ચ સેન્ટરની બાયો સેફ્ટી લેવલ-૪ સુવિધાને ભારત સરકારની "BioE3 નીતિ અંતર્ગત 'નેશનલ સેન્ટર ફોર હાઈ કન્ટેઈનમેન્ટ પેથોજેન રિસર્ચ ફેસિલિટી' તરીકે નિયુક્ત કરવા માટે કેન્દ્રીય બાયોટૅક્નોલૉજી વિભાગ દ્વારા ગુજરાતના વિજ્ઞાન અને ટૅક્નોલૉજી વિભાગને લેટર ઓફ ઇન્ટેન્ટ (LoI) એનાયત કરવામાં આવ્યો હતો.

અમિત શાહે આ પ્રસંગે જણાવ્યું હતું કે, ગુજરાતની ધરતી પરથી ભારતની સ્વાસ્થ્ય સુરક્ષા અને બાયો સેફ્ટી ક્ષેત્રના વિકાસના નવા યુગની શરૂઆત થઈ છે. પુણે બાદ દેશની આ માત્ર બીજી ઉચ્ચસ્તરીય લેબ છે, પરંતુ રાજ્ય સરકારની વિશેષ પહેલથી રૂ. ૩૬૨ કરોડના ખર્ચે નિર્માણ પામનારી આ દેશની પ્રથમ BSL-૪ લેબ બનશે. ભવિષ્યમાં આ લેબ જીવલેણ વાઈરસો સામે લડવા માટે ભારતનું અભેદ સુરક્ષા કવચ અને જૈવ સુવિધાનો મજબૂત કિલ્લો પૂરવાર થશે. આંતરરાષ્ટ્રીય કક્ષાની આ લેબ સંશોધકો અને યુવાનો માટે અનેક તકોના દ્વાર ખોલશે. ખાસ કરીને પશુઓમાંથી માણસોમાં ફેલાતી બીમારીઓને અટકાવવા માટે વડા પ્રધાનશ્રીએ શરૂ કરેલા વન હેલ્થ મિશનને આ લેબથી વેગ મળશે. તાજેતરમાં ગુજરાતે અનુભવેલા ચાંદીપુરા અને લમ્પી સ્કીન ડિઝીસ જેવા સંકટો સામે આ પ્રકારની રિસર્ચ આધારિત કાયમી સુરક્ષાવ્યવસ્થા અનિવાર્ય હતી. ભારતના બાયો-ટૅક્નોલૉજી ક્ષેત્રમાં આવેલા ક્રાંતિકારી પરિવર્તનના આંકડા રજૂ કરતા તેમણે જણાવ્યું હતું કે, છેલ્લાં ૧૧ વર્ષમાં બાયો-ટૅક્નોલૉજી ક્ષેત્રે અભૂતપૂર્વ પ્રગતિ થઈ છે. વર્ષ ૨૦૧૪માં ભારતની બાયો-ઈકોનોમી જે ૧૦ બિલિયન ડોલર હતી તે વર્ષ ૨૦૨૪ સુધીમાં વધીને ૧૬૬ બિલિયન ડોલરને પાર પહોંચી છે.

સંશોધનને 'આવિષ્કારનો આત્મા' ગણીને કેન્દ્ર સરકાર દ્વારા પૂરી પાડવામાં આવેલી માળખાકીય સુવિધાઓને કારણે આજે ભારતના વૈજ્ઞાનિકો અત્યંત સુરક્ષિત વાતાવરણમાં વિશ્વસ્તરીય સંશોધનો કરી રહ્યા છે.

# એન્જિનિયરિંગની ૧૪૦૦ બેઠકને બીજા રાઉન્ડમાં પણ વિદ્યાર્થીઓનો જાકારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઑલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન (એઆઈસીટીઈ)એ ટેકનિકલ અભ્યાસક્રમ ઓફર કરતી કોલજે વર્ષમાં બે વાર એડમિશન પ્રોસેસ હાથ ધરવાની પરવાનગી આપી છે, તે અનુસાર ગુજરાતની કોલેજોએ ખાલી પડેલી એન્જિનિયરિંગ બેઠકના એડમિશનની શરૂઆત કરી હતી.

ડિગ્રી અને ડિપ્લોમા એન્જિનિયરિંગ પ્રવેશ સમિતિઓ દ્વારા નોંધણીઓ શરૂ થઈ હતી, પરંતુ વિદ્યાર્થીઓનો પ્રતિસાદ ઓછો જોવા મળ્યો હતો. મળતા આંકડા અનુસાર ૩૭૨ ખાલી ડિગ્રી એન્જિનિયરિંગ બેઠકો માટે પાંચ નવી અરજીઓ અને ૧,૧૦૦ ખાલી ડિપ્લોમા બેઠકો માટે માત્ર ૪૦ અરજીઓ આવી છે.

લાયક ઉમેદવારોને રૂબરૂ કાઉન્સેલિંગ માટે બોલાવવામાં આવશે અને સીટ ફાળવણી પ્રક્રિયા ૧૯ જાન્યુઆરી પહેલા પૂર્ણ થવાની અપેક્ષા છે. કેન્દ્ર અને રાજ્ય બોર્ડ દ્વારા વર્ષમાં બે વાર ધોરણ ૧૨ની પરીક્ષાઓ લેવાની સિસ્ટમ અપનાવ્યા પછી બીજો તબક્કો શરૂ કરવામાં આવ્યો હતો, જે મોડેલ ગુજરાતમાં પહેલાથી જ અપનાવવામાં આવ્યું છે. રાજ્યએ નિયમિત ડિગ્રી એન્જિનિયરિંગ પ્રવેશના પહેલા રાઉન્ડ પછી ખાલી રહેલી બેઠકો ભરવા માટે નવી નોંધણી શરૂ કરી હતી. સરકારી એન્જિનિયરિંગ કોલેજો આ તબક્કામાં ફક્ત એવી શાખાઓમાં પ્રવેશ આપશે જ્યાં ૩૦% થી વધુ બેઠકો ખાલી હોય.

# ફિલ્મ ધુરંધરના સંવાદ વિરુદ્ધની અરજી હાઈ કોર્ટે ફગાવી દીધી

અમદાવાદઃ હિન્દી ફિલ્મ ધુરંધરના બ્લોચ સમાજને દુઃખ પહોંચાડતા કથિત સંવાદને કાઢી નાખવાની અરજી ગુજરાત હાઈ કોર્ટે ફગાવી દીધી હતી. આ વિવાદાસ્પદ સંવાદને ફિલ્મમાં મ્યૂટ કરી દેવામાં આવ્યો હોવાનું નોંધી નવમી જાન્યુઆરીએ કોર્ટે આ અરજીને રદ કરી હતી. આ કાનૂની વિવાદ અભિનેતા સંજય દત્ત દ્વારા ફિલ્મમાં બોલવામાં આવતા એક સંવાદને લીધે થયો હતો. અભિનેતા દ્વારા ચૌધરી અસલમનું પાત્ર ભજવવામાં આવ્યું છે. બ્લોચ સમુદાયની છબીને ખરાબ કરતા સંવાદે વિવાદ ઊભો કર્યો છે. અરજદારે દલીલ કરી હતી કે આવા બ્લોચ સમુદાયને ફિલ્મમાં અપમાનજનક રીતે દર્શાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. ભારતમાં રહેતા બ્લોચ સમુદાયના પ્રતિનિધિઓએ આ સંવાદને અપમાનજનક, ઉશ્કેરણીજનક અને પાયાવિહોણી સિનેમેટિક સામગ્રી ગણાવી હતી અને તેનાથી તેમની લાગણીઓને ખૂબ ઠેસ પહોંચી છે, તેમ જણાવ્યું હતું.

રિટ પિટિશન મુજબ, આ પ્રકારના સંવાદ ૧૯૫૨ના સિનેમેટોગ્રાફ એક્ટ અને સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન (સીબીએફસી)ની માર્ગદર્શિકાનું ઉલ્લંઘન કરે છે. આ નિયમોમાં કોઈપણ ચોક્કસ જાતિ અથવા સમુદાયને બદનામ કરતી અથવા અપમાનિત કરતી સામગ્રી પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

# અભિનેત્રી પલ્લવી પાટીલનાં બ્રહ્માકુમારીમાં મળેલા અમિત રાઠોડ પર આક્ષેપો, સંસ્થાએ આપ્યો જવાબ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના ભરૂચની રહેવાસી એક્ટ્રેસ પલ્લવી પાટીલના આક્ષેપથી ખળભળાટ મચી ગયો છે. તેના આક્ષેપ મુજબ, બ્રહ્માકુમારીમાં મળેલા અમિત રાઠોડ નામના યુવકે બેભાન કરીને સેક્સ સંબંધ બાંધીને વીડિયો ઉતાર્યો હતો. એક્ટ્રેસ અને મૉડેલ પલ્લવી પાટીલે જાલોરમાં પત્રકાર પરિષદ યોજીને આબુરોડમાં અમિત રાઠોડ નામના વ્યક્તિ પર તેના શારીરિક શોષણના ગંભીર આક્ષેપો કર્યા હતા.

તેણે જણાવ્યું હતું કે થોડાં વર્ષો પહેલાં આબુરોડ બ્રહ્માકુમારી સંસ્થા સાથે જોડાઈ હતી.

અહીં તેની મુલાકાત અમિત રાઠોડ નામના વ્યક્તિ સાથે થઈ હતી. પલ્લવીનો આરોપ છે કે અમિતે તેને કંઈક નશાકારક પદાર્થ પીવડાવીને તેની સાથે શારીરિક શોષણ કર્યું અને તેના વીડિયો બનાવી લીધા હતા. આ વીડિયો અને ફોટોના આધારે સંસ્થાની બહાર એક મકાનમાં તેની સાથે અનેકવાર શોષણ કરવામાં આવ્યું હોવાનું આક્ષેપ પણ તેણે કર્યો હતો.

પલ્લવીએ જણાવ્યું કે જ્યારે તેણે આ બાબતે બ્રહ્માકુમારી સંસ્થાના અધિકારીઓને ફરિયાદ કરી, ત્યારે તેમણે તેને જ ત્યાંથી કાઢી મૂકી અને હવે અમિત રાઠોડ દ્વારા તેને ધમકી આપવામાં આવી રહી છે. તેણે ભરૂચ પોલીસને પણ ફરિયાદ કરી હતી પરંતુ ત્યાં તેને સહયોગ મળ્યો નહીં. માનસિક રીતે પરેશાન થઈને તે જાલોર પહોંચી હતી. અહીં તે રાજસ્થાન સરકાર પાસેથી મદદ માગશે, તેમ પણ તેણે જણાવ્યું હતું. બીજી તરફ, આબુરોડ બ્રહ્માકુમારી સંસ્થાના પદાધિકારીઓનું કહેવું છે કે જે અમિત રાઠોડ નામના વ્યક્તિની વાત કરવામાં આવી રહી છે તેની સાથે પલ્લવીના અંગત સંબંધો હતા. જેવી સંસ્થાને આ વાતની જાણ થઈ, તેને અહીંથી મોકલી દેવામાં આવ્યો હતો. સંસ્થાને ખોટી રીતે બદનામ કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

# જર્મની અમદાવાદમાં કોન્સ્યુલેટ ઑફિસ ખોલશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જર્મનીના ચાન્સેલર ફ્રેડરિક મર્ઝ ગુજરાતની મુલાકાતે આવ્યા હતા અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી જર્મન ચાન્સેલર ફ્રેડરિક મર્ઝની હાજરીમાં બંને દેશોના પ્રતિનિધિઓ વચ્ચે કેટલાક સમજૂતી કરાર થયા હતા.

આ દરમિયાન જર્મની અને ભારત વચ્ચે એક નવી સહમતી સધાઈ હતી. જે મુજબ અમદાવાદમાં એક કોન્સ્યુલ ઓફિસ ખોલવાનો મુદ્દો પણ હતો. મોદી અને મર્ઝ વચ્ચે થયેલા કરારમાં સ્પષ્ટતા કરવામાં આવી હતી કે જર્મની અમદાવાદમાં એક માનદ કોન્સ્યુલ ઓફિસ ખોલશે. જેથી ગુજરાતી અને ભારતીયોના વિઝા, વેપાર, પ્રવાસ, જર્મની સ્થિત ગુજરાતીઓને જરૂરના સમયે મદદ જેવી બાબતો પર વિશેષ સવલત મળશે. તેમજ જર્મન સરકાર સાથેનું સંકલન સરળ બનશે.

આ ઉપરાંત ટૂંક સમયમાં ભારત અને જર્મની વચ્ચે ટ્રાન્ઝિટ વિઝા ફી જતી કરવા મુદ્દે જાહેરાત કરવામાં આવશે. જર્મન ચાન્સેલરની મુલાકાત વખતે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આ મુદ્દે વિચાર બદલ તેમનો આભાર વ્યક્ત કર્યો હતો. આમ થાય તો જ્યારે પણ ભારતીય નાગરિકો અન્ય દેશમાં પ્રવાસ કરતી વખતે જર્મનીમાં હોલ્ટ લઈને કનેક્ટિંગ ફ્લાઈટ પકડે તો તેમને થતો વધારાનો ખર્ચ અટકશે.

આ અંગે ભારતના વિદેશ સચિવ વિક્રમ મિસરીએ જણાવ્યું હતું કે જર્મન સરકાર દ્વારા ભારતીય નાગરિકોને જર્મની મારફતે અન્ય દેશોમાં મુસાફરી કરવા માટે અલગ ટ્રાન્ઝિટ વિઝાની જરૂરિયાતમાંથી મુક્તિ આપવા અંગે સિદ્ધાંતરૂપે નિર્ણય લેવામાં આવ્યો છે. જોકે આ આ બાબતે સત્તાવાર જાહેરાત થાય તે પહેલાં જરૂરી કાનૂની અને આંતરિક પ્રક્રિયાઓ પૂર્ણ થવાની રાહ જોવી જોઈએ.

# અમદાવાદમાં પ્લોટ પર બંધાયેલી ઓફિસ આરએસએસને માત્ર એક રૂપિયાના ભાડે આપી દેવાઈ

અમદાવાદઃ શહેરમાં પ્લોટ પર બંધાયેલી ઓફિસને નિયમોની ઐસીતૈસી કરીને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘને માત્ર ૧ રૂપિયામાં ભાડે આપી દેવાઈ હતી. મળતી વિગત પ્રમાણે તાજેતરમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્ટેન્ડિંગ કમિટિની બેઠક મળી હતી. જેમાં આરએસએસ સાથે સંકળાયેલી સંસ્થાને જ્ઞાનમંદિર પ્રકલ્પનાં કેન્દ્રોના સંચાલન માટે મધ્યસ્થ કાર્યાલય માટે બાંધેલી ઓફિસની જગ્યા ૯૯ વર્ષની લીઝ પેટે આપવામાં આવી હતી. સ્ટેન્ડિંગ કમિટીની મંજૂરી બાદ હવે આ દરખાસ્ત આગળની કાર્યવાહી માટે મનપાના એસ્ટેટ વિભાગને મોકલવામાં આવશે, તેવી માહિતી સૂત્રો પાસેથી મળી હતી.

સ્ટેન્ડિંગ કમિટીના બે સભ્યોના સમર્થન સાથે આ દરખાસ્ત રજૂ કરવામાં આવી હતી. જેમાં અમદાવાદની 'ડૉ. હેડગેવાર જન્મશતાબ્દી સેવા સમિતિ' દ્વારા પ્રેરિત જ્ઞાન મંદિર પ્રોજેક્ટના ઉદ્દેશ્યોનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

# દાહોદમાં ત્રણ પોલીસકર્મી જ દારૂની તસ્કરીમાં સંડોવાતા ચકચાર

અમદાવાદઃ ગુજરાતમાં દારૂબંધીના કડક અમલની જવાબદારી જેમના શિરે છે, તે પોલીસકર્મીઓ જ દારૂબંધીના લીરેલીરા ઉડાવી રહ્યા છે. દાહોદ જિલ્લાના ચાકલીયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં વિદેશી દારૂની હેરાફેરી કરી રહેલા બે પોલીસકર્મીઓ અને તેમને પાયલોટિંગ કરી રહેલા એક હેડ કોન્સ્ટેબલ વિરુદ્ધ પ્રોહિબિશન ઍક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આ ઘટનાને પગલે સમગ્ર પોલીસ બેડામાં ભારે ચર્ચાઓ મચી ગઈ છે. ચાકલીયા, ઝાલોદ અને એલસીબી (LCB) પોલીસની ટીમ સંયુક્ત રીતે પેટ્રોલિંગમાં હતી. આ દરમિયાન ખાનગી બાતમી મળી હતી કે, પોલીસકર્મીઓ જ દારૂ ભરેલી ગાડી લઈને પસાર થવાના છે. આ બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી દરોડો પાડ્યો હતો. દરમિયાન સામેથી પોલીસની ટીમને જોઈને દારૂની હેરાફેરી કરી રહેલા ત્રણેય પોલીસકર્મીઓ પોતાની ગાડીઓ મૂકીને ફરાર થઈ ગયા હતા.

# પ્રચારની સમયમર્યાદા પૂરી થયા પછી પણ ઉમેદવારોને ઘરે ઘરે પ્રચાર કરવાની છૂટ

## ચૂંટણી પંચનો વિવાદાસ્પદ નિર્ણય

મુંબઈ: રાજ્યની ૨૯ નગરપાલિકાઓની ચૂંટણી માટે પ્રચારના પડઘમ મંગળવારે સાંજે શાંત પડી ગયા છે. ગુરુવારે થનારી ચૂંટણી સંદર્ભે મુંબઈમાં ચૂંટણી વિભાગે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. મુંબઈમાં ઉમેદવારોને ચૂંટણી પ્રચારનો સમયગાળો પૂરો થયા પછી પણ ઘરે ઘરે પ્રચાર કરવાની મંજૂરી આપવામાં આવી છે. આ વિચિત્ર નિર્ણય અંગે આશ્ચર્ય વ્યક્ત કરવામાં આવી રહ્યું છે.

ચૂંટણી પંચ દ્વારા જાહેર કરાયેલી જાહેરાત મુજબ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી માટે પ્રચારનો સમય ૧૩ જાન્યુઆરીના રોજ સાંજે ૫:૩૦ વાગ્યા સુધીનો હતો. આ વખતે ચૂંટણી પંચે મુંબઈ મહાનગરપાલિકાના ઉમેદવારને પ્રચારનો સમયગાળો પૂરો થયા પછી પણ ઘરે ઘરે પ્રચાર કરવાની મંજૂરી આપી છે. ચૂંટણી પંચના આ નિર્ણયથી નવો વિવાદ થવાની શક્યતા છે. ચૂંટણી અધિકારી કૃષ્ણા જાધવે તાજેતરમાં મહાનગરપાલિકાના એ, બી અને ઈ વિભાગના તમામ રાજકીય પક્ષો અને ઉમેદવારોની બેઠક યોજી હતી. તે બેઠકની મિનિટ્સમાં આ અજબ નિર્ણયનો ઉલ્લેખ છે. ૧૩ જાન્યુઆરીએ સાંજે ૫:૩૦ વાગ્યે પ્રચાર બંધ થયા પછી ૧૫ જાન્યુઆરી સુધી ઘરે ઘરે જઈને પ્રચાર કરી શકશે. અલબત્ત તેઓ કોઈપણ પ્રકારની પત્રિકાઓનું વિતરણ નહીં કરી શકે એમ મિનિટ્સમાં જણાવાયું છે. આ ઉપરાંત બેઠકમાં લેવાયેલા અન્ય નિર્ણયોનો પણ સમાવેશ છે. રાજ્યમાં આવું પહેલીવાર થઈ રહ્યું છે. કોઈપણ ચૂંટણીનો પ્રચાર ૪૮ કલાક પહેલા સમાપ્ત થાય છે. એટલે ચૂંટણી પંચ દ્વારા લેવાયેલો આ નિર્ણય વિવાદાસ્પદ બનવાની શક્યતા છે.

### મુંબઈમાં મતદાન માટે જડબેસલાક બંદોબસ્ત

# ૨૮ હજારથી વધુ પોલીસ અધિકારી-કર્મચારીઓ રહેશે ખડેપગે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહાનગરપાલિકાની ચૂંટણી ગુરુવારે યોજાવાની હોવાથી મુંબઈમાં પોલીસ દ્વારા જડબેસલાક બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. મતદાન દરમિયાન કોઇ વિઘ્ન ન આવે તે માટે પોલીસ દ્વારા ખાસ તકેદારી રાખવામાં આવશે, જ્યારે મતદાન કેન્દ્રની નજીક અને અંદર મોબાઇલના ઉપયોગ પર મનાઇ ફરમાવવામાં આવી છે.

મુંબઈમાં મહાનગરપાલિકાના ૨૨૭ વોર્ડની ચૂંટણી માટે ગુરુવારે મતદાન થવાનું છે, જ્યારે શુક્રવારે મતગણતરી થવાની છે. મતદાન વિના વિઘ્ને પાર પડે અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિ જળવાઇ રહે એ માટે પોલીસ દ્વારા મંગળવારથી મહાનગરમાં બંદોબસ્ત ગોઠવી દેવાયો છે. પોલીસ કમિશનરના માર્ગદર્શન તેમ જ જોઇન્ટ પોલીસ કમિશનર (કાયદો-વ્યવસ્થા)ની દેખરેખ હેઠળ સુરક્ષાવ્યવસ્થા ગોઠવવામાં આવી છે. મુંબઈ પોલીસ દળમાંથી ૧૦ એડિશનલ પોલીસ કમિશનર, ૩૩ ડેપ્યુટી પોલીસ કમિશનર અને ૮૭ આસિસ્ટન્ટ પોલીસ કમિશનર સહિત ૩,૦૦૦થી વધુ પોલીસ અધિકારીઓ અને પચીસ હજારથી વધુ પોલીસ કર્મચારીઓ સુરક્ષા માટે ખડેપગે રહેશે.

મહત્ત્વનાં મતદાન કેન્દ્રોની સુરક્ષા માટે વધારાના પોલીસ દળ અને હોમગાર્ડ્સ તેમ જ ક્યુઆરટી (ક્વિક રિસ્પોન્સ ટીમ), બીડીડીએસ (બોમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ સ્કવોડ)ની ટીમ સહિત એસઆરપીએફ પ્લાટૂનની મદદ લેવામાં આવી છે. પોલીસે નાગરિકોને જારી કરાયેલા આદેશનું પાલન કરીને સહકાર આપવા અને કોઇ પણમદદ માટે હેલ્પલાઇન નંબર ૧૦૦/૧૧૨ પર સંપક સાધવાની અપીલ કરી છે.

## થાણેમાં ૧૭ હજાર પોલીસ તહેનાત: ડ્રોનનો ઉપયોગ કરાશે

થાણે: પાલિકાની ચૂંટણીને ધ્યાનમાં રાખી થાણેમાં સુરક્ષાવ્યવસ્થા માટે ૧૭ હજારથી વધુ પોલીસ તહેનાત રહેશે. એ ઉપરાંત દરેક પોલીસ સ્ટેશન દ્વારા નજર રાખવા માટે ડ્રોનનો ઉપયોગ કરાશે. મતદાનની પ્રક્રિયા સરળતાથી પાર પડે એ માટે પોલીસ અધિકારી-કર્મચારીઓને બંદોબસ્ત માટે રાખવામાં આવ્યા છે. એ સિવાય ૬,૨૯૫ જેટલા હોમગાર્ડ્સ અને સ્ટેટ રિઝર્વ પોલીસ ફોર્સ (એસઆરપીએફ)ની છ પ્લાટૂનની પણ મદદ લેવામાં આવી છે. આચારસંહિતાનો ભંગ ન થાય એ માટે પ્રત્યેક પોલીસ સ્ટેશન દ્વારા ડ્રોન અને કેમેરાથી નજર રાખવામાં આવશે. દરમિયાન રેકોર્ડ પરના ગુનેગારોની પણ તપાસ કરવામાં આવશે.

# મીરા-ભાયંદરમાં ચૂંટણીના કાર્યમાં ગેરહાજર ૧૧૩ શિક્ષક સામે કેસ

ભાયંદર: મીરા-ભાયંદર મહાનગરપાલિકાની આગામી ચૂંટણી પ્રક્રિયામાં સહભાગ ન લેવા બદલ એક પ્રતિષ્ઠિત ખાનગી શાળાના ૧૧૩ શિક્ષકો વિરુદ્ધ મહાનગરપાલિકા પ્રશાસને સોમવારે ગુનો દાખલ કર્યો હતો. ચૂંટણીની કામગીરી માટે લેખિત આદેશ અને સૂચનાઓ આપવા છતાં સંબંધિત શિક્ષકો ગેરહાજર રહેતા આ કાર્યવાહી કરવામાં આવી હતી.

મીરા-ભાયંદર મહાનગરપાલિકાની ચૂંટણી માટે મતદાન ૧૫ જાન્યુઆરીએ યોજાશે અને આ પ્રક્રિયા શહેરના ૯૫૮ મતદાન મથકો પર અમલમાં મૂકવામાં આવશે. આ માટે ૪,૬૦૦ હજાર થી વધુ કર્મચારીઓની જરૂર છે. તે સંદર્ભમાં પાલિકાના કર્મચારીઓ સહિત પાલઘર જિલ્લાના સરકારી કર્મચારીઓ અને શહેરની ખાનગી શાળાઓના શિક્ષકોને ચૂંટણી કાર્ય માટે નિયુક્ત કરવામાં આવ્યા હતા. મહાનગરપાલિકા પ્રશાસન દ્વારા આ સંદર્ભમાં આદેશો પણ જારી કરવામાં આવ્યા હતા.

નિયુક્ત કર્મચારીઓ તાલીમ શિબિરમાં હાજરી આપે એવી અપેક્ષા રાખવામાં આવી હતી. જોકે મીરા રોડની એક ખાનગી શાળાના ૧૧૩ શિક્ષકો તાલીમ અને વાસ્તવિક કાર્યથી દૂર રહ્યા હોવાની માહિતી પ્રશાસને આપી હતી.

આ પૃષ્ઠભૂમિમાં મહાનગરપાલિકા પ્રશાસને સંબંધિત શિક્ષકો વિરુદ્ધ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. તે મુજબ, મીરા રોડ પોલીસ સ્ટેશનમાં ૧૧૩ શિક્ષકો સામે લોક પ્રતિનિધિત્વ અધિનિયમ હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો. કેસ નોંધાયા પછી ઘણા શિક્ષકોએ મંગળવારે ચૂંટણી કાર્યમાં ભાગ લીધો હોવાનું મહાનગરપાલિકા પ્રશાસને જણાવ્યું હતું.

# મહારાષ્ટ્ર જિલ્લા પરિષદ અને પંચાયત સમિતિની ચૂંટણીનું બ્યૂગલ વાગ્યું: પાંચમી ફેબ્રુઆરીએ મતદાન

મુંબઈ: મહાનગરપાલિકા અને મ્યુનિસિપલ ચૂંટણીઓ પછી ચૂંટણી પંચે રાજ્યનું ધ્યાન ખેંચનાર જિલ્લા પરિષદ અને પંચાયત સમિતિની ચૂંટણીઓની જાહેરાત કરી છે. રાજ્યના ૧૨ જિલ્લાઓમાં ચૂંટણીઓ યોજાશે અને ૧૨ જિલ્લા પરિષદો અને ૧૨૫ પંચાયત સમિતિઓ માટે મતદાન પ્રક્રિયાનું સમયપત્રક મુખ્ય ચૂંટણી કમિશનર દિનેશ વાઘમારે અને સચિવ સુરેશ કાકાણી દ્વારા જાહેર કરવામાં આવ્યું હતું. તે મુજબ રાજ્યમાં પાંચમી ફેબ્રુઆરીએ મતદાન થશે અને સાતમી ફેબ્રુઆરીએ સવારે ૧૦ વાગ્યે પરિણામો જાહેર કરવામાં આવશે. ચૂંટણી પંચ દ્વારા ચૂંટણીની જાહેરાત થતાં જ ચૂંટણી વિસ્તારમાં આદર્શ આચારસંહિતા લાગુ કરવામાં આવી છે.

રાજ્યમાં૧૨ જિલ્લા પરિષદો અને ૧૨૫ પંચાયત સમિતિઓની ચૂંટણીઓની મંગળવારે જાહેરાત કરવામાં આવી હતી. રાયગઢ, રત્નાગિરિ, સિંધુદુર્ગ, સોલાપુર, કોલ્હાપુર, પુણે, સતારા, સાંગલી, સંભાજીનગર, પરભણી, ધારાશિવ, કોલ્હાપુર જિલ્લાઓમાં ચૂંટણી યોજાઈ રહી છે. નામાંકન ભરવાની તારીખ ૧૬ જાન્યુઆરીથી ૨૧ જાન્યુઆરી સુધી છે. પંચ દ્વારા ચૂંટણીની જાહેરાત થતાં જ ૧૨ જિલ્લા પરિષદોમાં આદર્શ આચારસંહિતા લાગુ થઈ જશે. રાજ્યમાં જિલ્લા પરિષદ અને પંચાયત સમિતિની ચૂંટણીઓને લઈને સુપ્રીમ કોર્ટે એક મહત્વપૂર્ણ નિર્ણય આપ્યો છે. રાજ્ય ચૂંટણી પંચે સુપ્રીમ કોર્ટને આ ચૂંટણીઓ યોજવા માટે વધુ સમય આપવા વિનંતી કરી હતી. તે મુજબ પંચે ૧૦ ફેબ્રુઆરી સુધીનો સમય આપવાની માગ કરી હતી.

**સંપૂર્ણ ચૂંટણી સમયપત્રક**

નામાંકન પત્રો સ્વીકારવાની તારીખ - ૧૬ જાન્યુઆરી થી ૨૧ જાન્યુઆરી, ઉમેદવારીની અરજીઓની ચકાસણી - ૨૨ જાન્યુઆરી, ૨૦૨૬, અરજીઓ પાછી ખેંચવાની છેલ્લી તારીખ - ૨૭ જાન્યુઆરી બપોરે ૩ વાગ્યા સુધી,

ઉમેદવારોની અંતિમ યાદી અને પ્રતીક ફાળવણી - ૨૭ જાન્યુઆરી બપોરે ૩.૩૦ વાગ્યા પછી, ૫ ફેબ્રુઆરીએ મતદાન સવારે ૭.૩૦ થી સાંજે ૫.૩૦ વાગ્યા સુધી,

૭ ફેબ્રુઆરીએ મતગણતરી સવારે ૧૦ વાગ્યાથી.

# મતદાન માટે એક કલાક ઓછો કરાયો

મુંબઈ: ૧૫ જાન્યુઆરીએ યોજનારી મહાનગરપાલિકાની ચૂંટણી માટે મતદાનનો સમય વિધાનસભાની ચૂંટણી સરખામણીમાં એક કલાક ઓછો કરવામાં આવ્યો છે. આ માટે આશ્ચર્ય વ્યક્ત કરવામાં આવી રહ્યું છે. ૧૫ જાન્યુઆરીએ મતદાન માટે સવારે ૭.૩૦ થી સાંજે ૫.૩૦ વાગ્યા સુધીનો સમય આપવામાં આવ્યો છે. જો કે વિધાનસભા ચૂંટણી માટે મતદાન માટેનો સમય સવારે ૭ થી સાંજે ૬ વાગ્યા સુધીનો આપવામાં આવ્યો હતો. આ વખતે મતદાનનો સમયગાળો એક કલાક ઘટાડી દેવામાં આવ્યો છે. આ અંગે કર્મચારીઓમાં પણ મૂંઝવણ છે. ચૂંટણી પંચના આદેશ મુજબ આ સમય ઘટાડવામાં આવ્યો હોવાની માહિતી પાલિકાના અધિકારીઓએ આપી હતી. જોકે વિધાનસભા ચૂંટણીની સરખામણીએ મતદાન મથકોની સંખ્યા વધારવામાં આવી છે અને મથકો પરના મતદારોની સંખ્યા ઘટાડવામાં આવી છે. આ કારણે સમય ઘટાડવામાં આવ્યો હોવાનું રાજ્ય ચૂંટણી પંચના અધિકારીઓએ જણાવ્યું હતું. તેમણે એમ પણ કહ્યું હતું કે શિયાળામાં અંધારું વહેલું પડતું હોવાથી સાંજે ૫.૩૦ વાગ્યા સુધીનો સમય આપવામાં આવ્યો છે. મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી માટે એક લાખ ૬૮ હજાર જેટલા રિપીટ મતદારો છે. આમાંથી ૪૮ હજાર રિપીટ મતદારોએ તેઓ કયા વોર્ડમાં મતદાન કરશે તે અંગે બાંયધરી આપી છે.

# આજે પાલિકાની શાળાઓ બંધ, પણ ઓનલાઈન અભ્યાસ ચાલુ રહેશે

મુંબઈ: મુંબઈ સહિત મહારાષ્ટ્રમાં ૨૯ મ્યુનિસિપલ કોર્પોરેશન માટે મતદાન ગુરુવાર, ૧૫ જાન્યુઆરીના રોજ યોજાશે. આ ચૂંટણીના પ્રચારના પડઘમ મંગળવારે સાંજે બંધ થઈ ગયા છે. મતદાનની પૃષ્ઠભૂમિમાં વહીવટીતંત્રે મુંબઈની શાળાઓ અંગે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. મુંબઈ મહાનગરપાલિકાની બધી શાળાઓ મતદાન અને ગણતરી માટે ચૂંટણી પંચના કબજામાં રહેવાની હોવાથી મુંબઈ મહાનગરપાલિકાની બધી શાળાઓ બુધવારે બંધ રહેશે, પરંતુ શાળાઓ દ્વારા ઓનલાઇન અભ્યાસ ચાલુ રાખવામાં આવશે. ૧૫ જાન્યુઆરીએ મતદાનનો દિવસ હોવાથી શાળાઓ બંધ રહેશે. ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓની પરીક્ષાઓ નજીક હોવાથી તેમના અભ્યાસમાં કોઈ વિક્ષેપ ન પડે તે માટે બુધવારે શાળાઓના વિદ્યાર્થીઓનો અભ્યાસ ઓનલાઈન ચાલુ રાખવામાં આવશે, એમ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના શિક્ષણ નાયબ કમિશનર ડો. પ્રાચી જાંભેકરે જણાવ્યું હતું. મુંબઈમાં ઘણી શાળાઓ મતદાન મથકો છે.

# 'ગુડલક' તરીકે પાંચ લાખ રૂપિયા માગવા જતાં ડેપ્યુટી કમિશનર એસીબીની જાળમાં સપડાયા

## સુનાવણી દરમિયાન મદદ અને ફરિયાદીના ઘઉં-ચોખાનો વ્યવસાય વિનાવિઘ્ન ચાલુ રહે તે માટે ફરિયાદી પાસેથી લાંચ માગવામાં આવી હતી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: કરિયાણાના વેપારી પાસેથી 'ગુડલક' તરીકે પાંચ લાખ રૂપિયા અને પછી મહિને દોઢ લાખની લાંચ માગનારા રાજ્ય સરકારના ડેપ્યુટી કમિશનર (સપ્લાય) એન્ટિ-કરપ્શન બ્યૂરો (એસીબી)ની જાળમાં સપડાયા હતા. એસીબીએ ડેપ્યુટી કમિશનર સહિત તેમનાં ખાનગી કામકાજ માટે નિયુક્ત બે શખસની ધરપકડ કરી હતી. એસીબીના જણાવ્યા મુજબ સીબીડી બેલાપુરના કોંકણ વિભાગના ડેપ્યુટી કમિશનર (સપ્લાય) અનિલ સુધાકર ટાકસાળે (૫૫) સાથે સાઈ પ્રતીમ માધવ અમીન (૪૨) અને રાજા ગણેશ થેવર (૫૨) વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો. ભિવંડીની ટ્રેડિંગ કંપનીના માલિકે આ મામલે એસીબીમાં ફરિયાદ નોંધાવી હતી. ચોખાના હોલસેલના વેપારી એવા ફરિયાદીના વ્યવસાયમાં બે ભાગીદાર છે. ૩૦ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ ડેપ્યુટી કમિશનર ટાકસાળે તેમની ટીમ સાથે ફરિયાદીના ગોદામમાં તપાસ કરી હતી. ગોદામમાં ચોખાનો ગેરકાયદે સ્ટૉક મળી આવતાં ફરિયાદી અને તેમના બન્ને ભાગીદાર વિરુદ્ધ ભિવંડી તાલુકા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો.

આ ગુનાની સુનાવણી દરમિયાન મદદ અને ફરિયાદીના ઘઉં-ચોખાનો વ્યવસાય વિનાવિઘ્ન ચાલુ રહે તે માટે ફરિયાદી પાસેથી લાંચ માગવામાં આવી હતી. એ સિવાય ભવિષ્યમાં ફરિયાદી અને તેના ભાગીદારો વિરુદ્ધ કોઈ કાર્યવાહી ન કરવા માટે ટાકસાળે તેમનાં ખાનગી કામકાજ માટે રાખેલી વ્યક્તિ સાઈ અમીન મારફત રકમ માગી હોવાનું ફરિયાદમાં જણાવાયું હતું.

ડેપ્યુટી કમિશનરને ગુડલક તરીકે પહેલાં પાંચ લાખ રૂપિયા અને પછી હપ્તા તરીકે દર મહિને દોઢ લાખ રૂપિયા ચૂકવવાનું ફરિયાદીને કહેવામાં આવ્યું હતું. ફરિયાદીને લાંચ આપવાની ઇચ્છા ન હોવાથી તેમણે એસીબીમાં ફરિયાદ કરી હતી. એસીબી દ્વારા ફરિયાદની ખાતરી કરી છટકું ગોઠવવામાં આવ્યું હતું. અધિકારીના જણાવ્યા મુજબ સીબીડી બેલાપુરની લક્ષ્મી હોટેલ બહાર સોમવારે ફરિયાદીને બોલાવવામાં આવ્યો હતો. ફરિયાદી પાસેથી લાંચની રકમ સ્વીકાર્યા બાદ રાજા થેવર અને સાઈ અમીનને તાબામાં લેવાયા હતા. તેમની પ્રાથમિક પૂછપરછ પછી કોંકણ વિભાગની ઑફિસમાંથી ડેપ્યુટી કમિશનરને તાબામાં લેવાયા હતા, એમ અધિકારીએ જણાવ્યું હતું.

# ભાજપ તો દાઉદ ઈબ્રાહીમને પણ ઉમેદવારી આપી શકે છે: સંજય રાઉત

મુંબઈ: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શિવસેના (ઠાકરે)ના અધ્યક્ષ ઉદ્ધવ ઠાકરેની ટીકા કરી હતી. દેવેન્દ્ર ફડણવીસે ઉદ્ધવ ઠાકરેને સંબોધીને કહ્યું હતું કે તમારા પિતા હિન્દુ હૃદય સમ્રાટ બાળાસાહેબ ઠાકરે સ્વર્ગમાંથી જોતી વખતે તેમને કેવી લાગણી થતી હશે? મારો દીકરો રશિદ મામુ સાથે બેસવા લાગ્યો છે એ જોઈને તેમને શું થતું હશે? તમે ગમે તેટલું જૂઠું બોલો જનતાને તમારામાં ભરોસો નથી. આ શબ્દોમાં દેવેન્દ્ર ફડણવીસે ઉદ્ધવ ઠાકરેની ટીકા કરી હતી. આ સંદર્ભે સંજય રાઉતને પૂછવામાં આવતા તેમણે વળતો પ્રહાર કર્યો છે કે મુખ્ય પ્રધાન મામુ રાશિદ કરતાં પણ ભયંકર છે.

શિવસેના (ઠાકરે) ના નેતા સંજય રાઉતે આકરી ટીકા કરી જણાવ્યું હતું કે 'જો દાઉદ ઈબ્રાહીમ મુંબઈ આવશે તો તમે (ભાજપ) તેને ઉમેદવારી આપશો. તમે છોટા શકીલ, દાઉદ ઇબ્રાહિમ, અબુ સાલેમને પણ તમારા પક્ષના કાર્યાલયમાં બોલાવી તેમને ઉમેદવારી અપાવશો. ભાજપ દ્વારા આ પ્રકારની રાજનીતિ કરવામાં આવી રહી છે. રાજ્યના મુખ્ય પ્રધાને મહારાષ્ટ્રના વિકાસ અને ભવિષ્ય વિશે વાત કરવી જોઈએ. તેઓ પરચુરણ વાતો કરી રહ્યા છે. દેવેન્દ્ર ફડણવીસ જે રીતે રાજ્યની પ્રતિષ્ઠાનું પતન કરી રહ્યા છે તે ખૂબ જ આઘાતજનક છે.

સંજય રાઉતે કહ્યું હતું કે રાજ ઠાકરેએ કહ્યું હતું કે, જો કોઈ મારા ઘરે આવશે, ભલે તે મારો મિત્ર હોય, તો પણ હું તેના પાપો છુપાવીશ નહીં. હું તેના પાપનો પર્દાફાશ કરીશ. તે માટે હિંમતની જરૂર છે. શું દેવેન્દ્ર ફડણવીસમાં હિંમત છે? શું ભારતીય જનતા પાર્ટી સાથે આવેલા લોકોમાં તેમના ભ્રષ્ટાચારનો પર્દાફાશ કરવાની હિંમત છે? જો તેમનામાં તે હિંમત હોય, તો તેમણે બોલવું જોઈએ. ગૌતમ અદાણી તમારા બાપ બની ગયા છે. એની સામે તમે ધ્રૂજી રહ્યા છો. મુંબઈમાં હવે કોઈ એરપોર્ટ નહીં હોય, કારણ કે તે એક આંતરરાષ્ટ્રીય શહેર છે, ખરું ને, તેઓ મુંબઈ એરપોર્ટનો પ્લોટ અદાણીને આપવા જઈ રહ્યા છે, આ રાશિદ મામુ કરતાં પણ ભયંકર છે. મુખ્ય પ્રધાન મામુ!'

# બાઈક ચોરીને પાર્ટ્સ વેચવાનું રૅકેટ: ત્રણ આરોપીની ધરપકડ કરી ૪૬ બાઈક જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: શહેરનાં પરાં વિસ્તારોમાંથી બાઈક ચોરીને જોગેશ્વરીની વર્કશૉપમાં તેના પાર્ટ્સ અલગ કરીને વેચી નાખવાના રૅકેટનો ડી. એન. નગર પોલીસે પર્દાફાશ કર્યો હતો. આ રૅકેટ સાથે સંકળાયેલા વર્કશૉપના માલિક સહિત ત્રણની ધરપકડ કરી પોલીસે ૪૬ બાઈક હસ્તગત કરી હતી.

પકડાયેલા આરોપીઓની ઓળખ અશ્પાક ઈબ્રાહિમ મન્સૂરી (૩૪), મુન્ના કેદાર માલી (૫૨) અને જનાર્દન વિશ્વાસ બાણે ઉર્ફે નાના (૩૬) તરીકે થઈ હતી. જોગેશ્વરીના બેહરામ બાગમાં રહેતા મન્સૂરીની વર્કશૉપમાં જ ચોરીની બાઈકના પાર્ટ્સ કાઢીને તેને અન્ય ઠેકાણે વેચવામાં આવતા હતા.

આરોપીઓની સોમવારે ધરપકડ કરવામાં આવી હોઈ કોર્ટે તેમને પોલીસ કસ્ટડી ફટકારી હતી.

પોલીસના જણાવ્યા મુજબ અંધેરી પશ્ચિમમાં બરફીવાલા રોડ પર ફરિયાદી રાજુ પૂજારી (૨૩)એ જુલાઈ, ૨૦૨૫માં તેની સ્કૂટી પાર્ક કરી હતી. જોકે બીજે મહિને તેના ધ્યાનમાં આવ્યું હતું કે સ્કૂટી ચોરાઈ છે. તેણે તાત્કાલિક ડી. એન. નગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી હતી. પોલીસે ગુનો નોંધી ઘટનાસ્થળ આસપાસના પરિસરમાં લાગેલા સીસીટીવી કૅમેરાનાં ફૂટેજની તપાસ કરી હતી. ફૂટેજને આધારે પોલીસે એક આરોપીને ઓળખી કાઢ્યો હતો. ટેક્નિકલ બાબતોનો અભ્યાસ કરી પોલીસ ત્રણ આરોપી સુધી પહોંચી હતી.

પ્રાથમિક પૂછપરછમાં પોલીસને જાણવા મળ્યું હતું કે આરોપી નાના જૂહુ, ગોરેગામ, અંધેરી સહિતનાં પરાં વિસ્તારમાંથી બાઈક ચોરતો હતો. પછી તે બાઈક સાથી મુન્ના માલીની મદદથી મન્સૂરીની વર્કશૉપમાં વેચતો હતો, જ્યાં બાઈકના સ્પેરપાર્ટ્સ અલગ કરવામાં આવતા હતા.

આરોપીઓની પૂછપરછમાં છ ગુના ઉકેલાયા હોવાનો દાવો પોલીસે કર્યો હતો. જોકે તેમણે જણાવેલા અલગ અલગ સ્થળેથી ચોરીની ૪૬ બાઈક હસ્તગત કરવામાં આવી હતી. આ બાઈકની વિગતો આરટીઓમાંથી મેળવવામાં આવી રહી છે. આરટીઓની વિગતોને આધારે બાઈકચોરીના વધુ કેસ ઉકેલાવાની આશા પોલીસે સેવી હતી. આ રૅકેટમાં આરોપીના અન્ય કોઈ સાથી સંડોવાયેલા છે કે કેમ તેની પણ તપાસ પોલીસ કરી રહી છે.

## હિન્દુ મરણ

સ્વ. રાજેશ્રીબેન મનીષભાઈ શાહ તા. ૧૩.૧.૨૬, મંગળવાર (ઉં.વ. ૫૬), (ગામ: રાજકોટ) સ્વર્ગવાસ પામેલ છે. ટેલિફોનિક બેસણું તા.૧૫.૧.૨૬, ગુરુવાર સાંજે ૪થી ૫.

**ઘોઘારી દશા શ્રીમાળી વણિક**

ડુંગર નિવાસી હાલ વસઈ, કળાબેન નવીનચંદ્ર મગનલાલ મહેતાના પુત્ર ઉપેન્દ્રભાઈ (ઉં. વ. ૬૫) ૧૨/૧/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે નેહાબેનના પતિ. ફોરમના પિતા. ધર્મેશ, સ્વ. હિના પંકજભાઈ મહેતા, દર્શના યોગેશ બદાણીના મોટા ભાઈ. મોરચંદ નિવાસી જશવંતરાય મુળજીભાઈ ભગતના જમાઈ. પ્રાર્થનાસભા ૧૫/૧/૨૬ના ૪ થી ૬. કેટી વાડી, કેટી, વિલેજ રોડ, ઇન્દુ હોસ્પિટલ પાસે, વસઈ વેસ્ટ.

**કપોળ**

ફોર્ટ સોનગઢના હાલ કાંદિવલી, સ્વ. અંબાલાલ ઠાકોરલાલ મહેતાના પુત્ર સ્વ. હસમુખભાઈ (ઉં. વ. ૮૮) તા. ૧૨.૦૧.૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે ગં.સ્વ અનસુયાબેનના પતિ. નિલેષ-હિના, વંદના-વિજય, ભાવેશા-સંદીપ, કૃષ્ણા-કેતનના પિતાશ્રી. આકાશ-પ્રિયા, ધ્રુવીના દાદા. સ્વ. મનહરભાઈ, સ્વ. અમૃતલાલ, નરેન્દ્રભાઈના ભાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખ્યો છે.

**ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી બ્રાહ્મણ**

ધર્મેશના ધર્મપત્ની અ.સૌ. જેલમ ધર્મેશ જોશી (ઉં.વ.૫૯) તા. ૧૧/૧/૨૬ના સ્વર્ગસ્થ થયેલ છે. સ્વ. શોભનાબેન શરદભાઈ વેદના પુત્રી. સ્વ. નલિનીબેન અરવિંદભાઈ જોશીના પુત્રવધૂ. રિદ્ધિશ અને રુદ્રીના માતૃશ્રી. ભૈરવી, હીના, સ્વાતિ, આરતી અને સંગીતાના બહેન. જાગૃતિ, હેમાંગી, શિલ્પા અને ચિરાગના ભાભી. પ્રાર્થનાસભા તા. ૧૫/૧/૨૦૨૬ના ૪:૦૦ થી ૬:૦૦. સ્થળ: ટ્યુલિપ અપના બજાર બેન્ક્વેટ હોલ ચોથો માળ, જી. કે. રોડ, પરેલ (પૂર્વ).

**દશા સોરઠીયા વણિક (માંગરોળ)**

મુંબઈ નિવાસી, હાલ દિલ્હી, પ્રફુલ ગોરધનદાસ શાહ (ઉં.વ. ૮૩) તે સ્વ. ગોરધનદાસ શાહ (વંકાણી) તથા સ્વ. નિર્મળાબેનના પુત્ર. શ્રીમતી હેમાબેનના પતિ. તે સ્નેહલ અને અમિતના પિતા. તે સુનિતા અને જીગનાના સસરા. તે પ્રમોદ, દિલીપ અને મધુસૂદનના ભાઈ. તે સ્વ. ઉષાબેન, ચારુબેન તથા મયુરીબેનના જેઠજી. તે ભગવાનજીભાઈ નરસિદાસ લોટીયાના જમાઈ બુધવાર તા. ૭.૧.૨૬ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

ડેડાણ નિવાસી હાલ ઘાટકોપર- મુંબઈ સ્વ. વસંતરાય કાનજી ચિતલીયાના ધર્મપત્ની ગં. સ્વ. જસવંતીબેન (ઉં.વ. ૮૬) શનિવાર, તા. ૧૦.૦૧.૨૬ના શ્રીજીચરણ પામેલ છે. કમલેશ-કૃપા, ચંદ્રેશ-શ્રદ્ધા, કૌશલ-તૃપ્તિ, સોનલ-વિજય પારેખના માતુશ્રી. તે સ્વ. મથુરભાઈ-ઈલાબેન, બળવંતભાઈ- સરોજબેન, ભોગીભાઈ-જયશ્રીબેન, સ્વ. ઈન્દુબેન નરેન્દ્રભાઈ મહેતા, પ્રવીણાબેન અમરીષભાઈ ગાંધીના ભાભી. તે મહુવાવાળા કેસુરદાસ દુર્લભદાસ ગાંધીના દીકરી. તે સ્વ. ચંપકભાઈ, સ્વ. મંજુલાબેનના બેન. તે પંક્તિ-જેકીન, પાર્થ, વિદુષી, પ્રિયાંશી, વિધી- ગેરેટ અને પૂજનના દાદીની પ્રાર્થના સભા ગુરુવાર, તા. ૧૫.૧.૨૬ના ૪.૩૦થી ૬. ઠે. સ્વામીનારાયણ મંદિર, ૯૦ ફીટ રોડ, ગરોડીયા નગર, ઘાટકોપર (પૂર્વ). લૌકિક પ્રથા બંધ છે.

**શિહોર સંપ્રદાય ઔદિચ્ય અગ્યારસે બ્રાહ્મણ**

શિહોર નિવાસી હાલ વિલેપાર્લે, સ્વ. અ.સૌ. રમાબેન ગુણવંતરાય ઉપાધ્યાયના સુપુત્ર બિપિનચંદ્ર ઉપાધ્યાય (ઉં.વ. ૯૧) તે સ્વ. અ.સૌ. પુષ્પાબેનના પતિ. તે અ.સૌ. આરતી, મિલન, તુષારના પિતાશ્રી. તે અરવિંદ જોષી અ.સૌ. ભાવના (ભાગ્યશ્રી), અ.સૌ. પૂર્વીના સસરા. તે સ્વ. ઉપેન્દ્રભાઈ, સ્વ. મહેન્દ્રભાઈના મોટાભાઈ. તે રૂદિત્ય અને તપનના દાદા. તે સ્વ. આત્મારામ નરોત્તમદાસ પંડ્યાના જમાઈ સોમવાર તા. ૧૨.૧.૨૬ના કૈલાસવાસી થયેલ છે. લૌકિક પ્રથા બંધ છે.

**ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજ**

ગામ કોળિયાક હાલ મુંબઈ સ્વ. શામજીભાઈ બાવાભાઈ પરમારના સુપુત્ર સ્વ. અશોકભાઈ શામજીભાઈ પરમાર (ઉં.વ. ૬૫), તા. ૯.૧.૨૬, શુક્રવારના રામચરણ પામેલ છે. સ્વ. ઈન્દુબેનના પતિ, ગં. સ્વ. લીલાબેન તથા રાજેન્દ્રભાઈના ભાઈ. તે લલીતાબેનના જેઠ. નિતા, અમિતા, મનીષા, ધર્મેશના પિતા. પ્રફુલ વાળા, અશોક ગોહિલ, વિમલ મોરબીયા, પ્રતિક ટાંકના સસરા. પ્રાર્થનાસભા તા. ૧૫.૧.૨૬ ગુરુવાર ૪થી ૬. ઠે. શ્રી મુંબઈ ગુર્જર ક્ષત્રિય કડિયા મહાજન ટ્રસ્ટ, મામલતદારવાડી, રોડ નં. ૩, મલાડ (વેસ્ટ).

## પારસી મરણ

સામ નાદીરશા મિસ્ત્રી તે હુતોક્ષીના ધની. તે મરહૂમો પેરીનબાનુ નાદીરશા મિસ્ત્રીના દીકરા. તે દેલનાઝના પપ્પા. તે હોશંગના સસરા. તે પુનલા, નરીમાન, બેહરામ, જાહાનગીર, ઝરીન, અરનાવાઝ ને મરહૂમ જાલ ને બેજનના ભાઈ. તે કેઈઝાદ ને પાશીના બપાવાજી. તે મરહૂમ રતી ફીરોઝ દારૂવાલાના જમાઈ. (ઉં.વ. ૮૩) ઠે. ૧૨૭-એ, શીરાઝ ટેરેસ, પહેલે માળે, તારદેવ, મુંબઈ-૪૦૦ ૦૩૪. ઉઠમણાની ક્રિયા: તા. ૧૪.૧.૨૬ને દિને બપોરે ૩.૪૦ વાગે બાતલીવાલા અગિયારીમાં છેજી.

હોમી ગુસ્તાસપ મરોલીયા તે મરહૂમો પીલુ ગુસ્તાસપ મરોલીયાના દીકરા. તે વીરાફ ને મહેરના ભાઈ. તે ફરહાદ, ઝુબીન, આરમીન, પરસીસ, દાનીશના કાકા. તે હુસરાવ ને મરઝીના માસા. તે મરહૂમો રોશન દારા પુનાવાલાના જમાઈ. (ઉં.વ. ૭૦) ઠે. ૨-એ, સાલસેથ પારસી કોલોની, ૧૦૧/૧૦૮ પંપ હાઉસ, અંધેરી (પૂર્વ), મુંબઈ-૪૦૦ ૦૯૩. ઉઠમણાની ક્રિયા: તા. ૧૪.૧.૨૬ને દિને બપોરે ૩.૪૦ વાગે ઉપરની ઓલબલેસ બંગલીમાં છેજી.

**હૈદરાબાદ**

ગૂલ મીનુ મિસ્ત્રી (ઉં.વ. ૯૯) ૩.૧.૨૬ના હૈદરાબાદ ખાતે ગુજરી ગયાં છે. તે બેલા, ખોરશેદ, અનાહિતા, સનોબરના માતા. તે અઝીઝના સાસુ. તે મિખાઈલના ગ્રાન્ડ મધર. તે મરહૂમ પૂતલા એમ. લેન્ટીન અને મરહૂમ અરમાતી એમ. મેહેરહોમજીના બહેન.

## જૈન મરણ

પદ્માબેન સુરેન્દ્રકુમાર શાહ (સ્વ. સુરેન્દ્રકુમાર રતિલાલ શાહ)ના ધર્મપત્નીનું અરિહંતશરણ તા. ૧૨.૧.૨૬ સોમવારે થયેલ છે. નિર્મળભાઈ, વિમળભાઈના મમ્મી. તે શોભના નિર્મળ શાહ, મોના વિમળ શાહના સાસુ. તે શ્રેણિક, ક્રેયાના, નિયતી, ધ્વીતીના દાદી. તે નિર્મળાબેન (ચંદ્રાબેન) છબીલભાઈ શાહના ભાભી. તે શીવલાલ પ્રેમચંદ વસાણીના દીકરી. લૌકિક વ્યવહાર સદંતર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી સ્થાનકવાસી જૈન**

લિંબડી નિવાસી (કાંતિલાલ વ્રજલાલ લિંબડીવાળા અહમદનગર), હાલ કાંદીવલી, માતુશ્રી ચંદ્રાબેન તથા સ્વ. વસંતલાલ કાંતીલાલ શાહના સુપુત્ર પ્રશાંત (ઉં. વ. ૫૪) તેઓ પ્રીતિબેનના પતિ. કુશ અને આયુષના પિતા. વૈશાલી (નિમિષ), શીતલ (સંદીપ), મેઘા (એરિશ)ના ભાઈ. સ્વ. રમેશચંદ્ર અમૃતલાલ વોરાના જમાઈ. સોમવાર, તા. ૧૨/૦૧/૨૬ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૧૫/૦૧/૨૬ના ૪ થી ૬. લોટસ બેન્ક્વેટ હોલ, રઘુલીલા મોલ, કાંદીવલી વેસ્ટ.

**દશા શ્રીમાળી સ્થા જૈન**

નિંગાળા નિવાસી હાલ કલકત્તા, હસમુખભાઈ શાંતિલાલ શાહના ધર્મપત્ની હીનાબેન શાહ (ઉં. વ. ૭૬) તે સ્વ. કમલેશભાઈના ભાભી. સ્વ. નિશા ધર્મેશ શાહ, કેશ્મી વિપુલ શાહના માતુશ્રી. પિયરપક્ષે સ્વ. વનમાળી અમરશી રવાણીના દીકરી. સ્વ. કીર્તિભાઇ શરદભાઈના બહેન. ૧૧/૧/૨૬ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૧૫/૧/૨૬ના ૩ થી ૫. પાવનધામ મહાવીરનગર, એમ સી એ ગ્રાઉન્ડ પાસે, કાંદિવલી વેસ્ટ.

**શ્રી કચ્છી વિશા ઓશવાળ જૈન**

મોટા લાયજાના પિયુષ રમણીક હીરજી વોરા (ઉં. વ. ૫૨) તા. ૧૨-૧-૨૬ના અવસાન પામેલ છે. મંજુલા રમણીકના સુપુત્ર. જ્યોતિના પતિ. વિભુતિના પિતા. રજની, વિક્કીના ભાઇ. અલ્હાબાદના સુમન રમેશ શ્રીવાસ્તવના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. રમણીકલાલ વોરા, ડન એપા. ૨૧/૨૨ તાડદેવ, મું. ૭.

બિદડાના (ખારૂઆવાલા) માતુશ્રી કંકુબેન કાનજી ગડા (ઉં. વ. ૯૬) ૧૨-૧ના અવસાન પામ્યા છે. કાનજી વેલજીના ધર્મપત્ની. જેતબાઈ વેલજી વીરજીના પુત્રવધૂ. દિનેશ, વિરેન્દ્ર, સં.પ. ગુણદર્શનાશ્રી મ.સા., જ્યોતી, નીલાના માતુશ્રી. બિદડા સોનબાઈ વિજપાર માડણના પુત્રી. વેલજી, ફરાદી ભાણબાઈ હંસરાજ, મણીબેન મગનલાલ, બિદડા ગાંગબાઈ ખીમજી, તલવાણા હીરબાઈ હીરજીના બેન. પ્રા. માટુંગા ક.શ્વે.મૂ.જૈન સંઘ - નારાણજી શામજી વાડી. ટા. ૨ થી ૩.૩૦.

સમાઘોઘાના માતુશ્રી વિમળાબેન હીરજી ગાલા (ઉં. વ. ૮૧) તા. ૧૨-૧-૨૬ના અવસાન પામેલ છે. મઠાબાઇ મુરજીના પુત્રવધૂ. સ્વ. હીરજીભાઇના પત્ની. મનિષ, હીના, બીનાના માતુશ્રી. મઠાબેન ખીમજીના પુત્રી. હીરજી, કાંતિભાઇ, રમણીક, રતિલાલ, કુંદરોડીના દેવકાંબેન રવજી, વડાલાના જયવંતી વીરજી, નાની ખાખરના ભાનુબેન રમણિકના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. મનિષ હીરજી ગાલા, ૩૦૧, અનુપ એપા., ગોખલે રોડ, મુલુંડ (ઇ), મું. ૮૧.

**ઘોઘારી વિશાશ્રીમાળી જૈન**

ચભાડીયા નિવાસી હાલ મુલુંડ, સ્વ. કમળાબેન જયંતિલાલ ગાંધીના સુપુત્ર શરદભાઈ (ઉં.વ. ૭૪) તા. ૧૦.૧.૨૬ને શનિવારના અરિહંતશરણ પામેલ છે. તે જ્યોતિબેનના પતિ. સ્વ. ધીરૂભાઈ, પ્રવિણભાઈ, સ્વ. રાજુભાઈ અને રસીલાબેન મહેન્દ્રભાઈના ભાઈ. તે વિશાલ, સ્વ. અમિત, મનિષ અને દિપેશના પિતાશ્રી. સસરાપક્ષે સ્વ. ડાયાલાલ ગિરધરલાલ મહેતા, પીપરાળીવાળાના જમાઈ. તે પ્રેમાબેન, મેઘાબેન અને શ્વેતાબેનના સસરા. શત્રુંજય ભાવયાત્રા તા. ૧૬.૧.૨૬ના ૯.૩૦થી ૧૨.૩૦. ઠે. જીવરાજ ભાણજી હોલ, અશોક હોલ, મેહુલ ટોકીઝ પાસે, મુલુંડ વેસ્ટ.

**દશાશ્રીમાળી જૈન**

ઢસા નિવાસી ઉર્મિલાબેન ત્રંબકભાઈ હકમચંદ શાહના મોટા પુત્ર યોગેશ શાહ (ઉં.વ. ૫૫) શુક્રવાર, તા. ૯.૧.૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે રેખાબેનના પતિ. તે સુમિતનાં પિતાશ્રી. તે જીતેશ, જાગૃતિ રાજેશ શાહ અને નિશા પંકજ શાહના ભાઈ. તે સ્વ. વનેચંદ ભુરાભાઈ બિલખીયાના ભાણેજ. તેમની પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**સોરઠ વિશા શ્રીમાળી જૈન**

જેતપુર નિવાસી હાલ સાયન-ચુનાભટ્ટી, ઘાટકોપર, સ્વ. રમેશભાઈ ન્યાલચંદ મહેતાના ધર્મપત્ની ઈન્દુબેન (ઉં.વ. ૮૩) સોમવાર તા. ૧૨.૧.૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સંગીતાબેન- મયુરભાઈ- સંદીપભાઈ- ફાલ્ગુનીના મમ્મી. તે રિયા-પ્રણવ, પાર્થ, ઈશાના દાદી. તે સ્વ. અનિલભાઈ-વસુબેન, રશ્મિભાઈ-સરલાબેનના ભાભી. રાણપુર નિવાસી હાલ માટુંગા સ્વ. ગુલાબબેન બાબુલાલ કેશવજી કોરડિયાના પુત્રી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# તો ધનુષ્યબાણ ઉદ્ધવ પાસે જ હોતઃ આઠવલે

મુંબઈઃ કેન્દ્રીય પ્રધાન અને રિપબ્લિકન ઓફ ઈન્ડિયા - આરપીઆઈ (એ)ના અધ્યક્ષ રામદાસ આઠવલેએ કહ્યું છે કે ૨૦૧૯ની વિધાનસભા ચૂંટણી પછી કોંગ્રેસ સાથે હાથ મિલાવવાને બદલે જો ઉદ્ધવ ઠાકરે ભાજપ સાથે રહ્યા હોત તો શિવસેનાનું 'ધનુષ્ય-બાણ' ચિહ્ન તેમની પાસે જ રહ્યું હોત. ૨૦૨૨ માં શિવસેનામાં થયેલા વિભાજન માટે તેમણે ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેની રાજકીય પસંદગીઓને જવાબદાર ઠેરવી હતી.

૨૦૨૩માં ચૂંટણી પંચે એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળના જૂથને વાસ્તવિક શિવસેના તરીકે માન્યતા આપી તેને 'ધનુષ્ય - બાણ' ચૂંટણી ચિહ્ન ફાળવવાનો આદેશ આપતા ઉદ્ધવ ઠાકરેને મોટો ફટકો પડ્યો હતો. બાળ ઠાકરેએ ૧૯૬૬માં સંગઠનની સ્થાપના કરી હતી.

૧૫ જાન્યુઆરીએ યોજાનારી મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી પહેલા સોમવારે શિવાજી પાર્ક ખાતે મહાયુતિની સભાને સંબોધતા આઠવલેએ કહ્યું હતું કે '૨૦૧૯ની વિધાનસભા ચૂંટણી પછી ઉદ્ધવ ઠાકરેએ ભાજપ સાથે રહેવું જોઈતું હતું કારણ કે શિવસેનાએ બીજા ક્રમની સૌથી વધુ બેઠકો જીતી હતી.'

આઠવલેએ બીએમસીમાં વ્યાપક ભ્રષ્ટાચારનો આરોપ મૂકી કહ્યું હતું કે મહાનગરપાલિકાને ઉદ્ધવ ઠાકરેના ચુંગાલમાંથી મુક્ત કરવાની જરૂર છે. મહા યુતિની સભામાં ઉદ્ધવ અને રાજ ઠાકરેની અગાઉની સંયુક્ત રેલી કરતાં વધુ ભીડ હોવાનો દાવો પણ તેમણે કર્યો હતો.

જોકે ઠાકરે બંધુ એકત્ર આવ્યા એ રાજકીય રીતે સારી બાબત હોવાનો અભિપ્રાય તેમણે વ્યક્ત કર્યો હતો. (પીટીઆઈ)■

# થાણેના વૃદ્ધ દંપતી સાથે ₹ ૧૭.૫ લાખની ઠગાઈઃ પનવેલના રહેવાસી વિરુદ્ધ ગુનો

થાણેઃ શેર્સમાં રોકાણ પર આકર્ષક વળતરની લાલચે થાણેના વૃદ્ધ દંપતી સાથે ૧૭.૫ લાખ રૂપિયાની ઠગાઇ આચરવા બદલ પનવેલના રહેવાસી વિરુદ્ધ ગુનો દાખલ કરાયો હતો.

નવી મુંબઈના પનવેલ વિસ્તારમાં રહેતા યુવરાજ કાર્લે વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

પોલીસ ફરિયાદ અનુસાર દંપતીની મુલાકાત ડિસેમ્બર, ૨૦૨૪માં યુવરાજ સાથે થઇ હતી, જેણે દાવો કર્યો હતો કે તે એનએસડીએલના પાંચ હજાર અનલિસ્ટેડ શેર અને એનએસઇ (નેશનલ સ્ટોક એક્સચેન્જ)ના ત્રણ હજાર શેર ધરાવે છે. તેણે દંપતીને શેર ખરીદવા માટે કહ્યું હતું અને દાવો કર્યો હતો કે તે ટૂંક સમયમાં લિસ્ટેડ થશે.

પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે દંપતીએ જાન્યુઆરી અને માર્ચ, ૨૦૨૫ દરમિયાન ૨૪.૫ લાખ રૂપિયા યુવરાજના બૅંક અકાઉન્ટમાં ટ્રાન્સફર કર્યા હતા અને કાનૂની કાર્યવાહીની ધમકી બાદ તેણે સાત લાખ રૂપિયા પરત કર્યા હતા. જોકે બાકીના ૧૭.૫ લાખ રૂપિયા દંપતીને પાછા કરાયા નહોતા અને શેર પણ ટ્રાન્સફર કરવામાં આવ્યા નહોતા. દરમિયાન દંપતી જ્યારે યુવરાજના ઘરે પહોંચ્યું ત્યારે તેમને જાણવા મળ્યું હતું કે અન્ય ક્રિમિનલ કેસોના સંબંધમાં તે જેલમાં છે. છેતરાયેલા દંપતીએ ત્યાર બાદ પોલીસનો સંપર્ક સાધીને ફરિયાદ નોંધાવી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ) ■

# શેર્સમાં રોકાણ પર આકર્ષક વળતરની લાલચે વેપારી પાસેથી એક કરોડ રૂપિયા પડાવ્યા

થાણેઃ શેર્સમાં રોકાણ પર આકર્ષક વળતરની છેતરામણી સ્કીમ રજૂ કરી થાણેના વેપારી પાસેથી એક કરોડ રૂપિયા પડાવવા બદલ પોલીસે ત્રણ જણ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. ગયા વર્ષના જૂનમાં થાણેના વાગળે એસ્ટેટ પરિસરમાં રહેતા ૪૩ વર્ષના વેપારીની નજર સોશ્યલ મીડિયા પ્લૅટફૉર્મ પરની એક જાહેરખબર પર પડી હતી. આઈપીઓ અને શૅર્સમાં રોકાણ કરતાં ઊંચા વળતરની ખાતરી જાહેરખબરમાં આપવામાં આવી હતી. આ પ્રકરણે વેપારી બાદમાં ત્રણ જણના સંપર્કમાં આવ્યો હતો. વેપારીનો વિશ્વાસ સંપાદન કર્યા પછી ત્રણેય આરોપીઓએ થાણેની એક હોટેલમાં વેપારી સાથે મીટિંગ કરી હતી અને તેને બોગસ ડિજિટલ ડિમેટ લિંક આપી હતી. આ પ્લૅટફૉર્મ સત્તાવાર હોવાનું માનીને વેપારીએ જૂન અને જુલાઈ, ૨૦૨૫ દરમિયાન વિવિધ બૅન્ક ખાતાંમાં ૨૯ ટ્રાન્ઝેક્શન દ્વારા એક કરોડ રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા. ■

# અજિત પવાર સીએમની વાતથી નારાજ

મુંબઈઃ બીએમસીની ચૂંટણીઓને લઈને મહારાષ્ટ્રનું રાજકારણ ગરમાયું છે. આ દરમ્યાન શાસક મહાયુતિનાં બે નેતાઓ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર વચ્ચે નારાજગી જોવા મળી રહી છે. અજિત પવારે મુખ્ય પ્રધાનના એક નિવેદનને સાંપ્રદાયિક કહીને ટીકા કરી અને કહ્યું કે પોતે ધર્મનિરપેક્ષ છે.

અજિત પવારે કહ્યું કે ભારત જેવા વિવિધતાપૂર્ણ દેશમાં દરેક નાગરિક સમાન છે. એક ઇન્ટરવ્યૂ દરમ્યાન અજિત પવારે કહ્યું કે મને આ પસંદ નથી મારા વિચારો ધર્મ નિરપેક્ષ છે. આંબેડકરની વિચારધારા આપણને આ નથી શીખવતી. મને એટલી જ ખબર છે કે આપણો દેશ ઘણો મોટો છે અને જે લોકો આ દેશમાં રહે છે એ બધા ભારતીય છે.

અજિત પવારે આગળ કહ્યું કે, જો કોઈ દેશ સાથે ગદારી કરે છે તો તેની સામે કાર્યવાહી થવી જોઈએ અને તેને મૃત્યુદંડની સજા થવી જોઈએ. એની માટે એક નવો કાયદો બનવો જોઈએ. સાથે જ બાબાસાહેબ ભીમરાવ આંબેડકરની વિચારધારા વિશે બોલતા તેમણે કહ્યું કે દરેક વ્યક્તિને પોતાનું કામ બતાવવાનો અને કરવાનો મોકો મળવો જોઈએ. બાબાસાહેબે સંવિધાનમાં આ જ વાત કહી છે.

તમને જણાવી દઈએ કે અજિત પાવરનું આ નિવેદન મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના એ નિવેદનના એક દિવસ પછી આવ્યું છે જેમાં એમણે કહ્યું હતું કે બીએમસી નો મેયર મહાયુતિનો હશે અને એક હિન્દુ હશે અને મરાઠી હશે.

વિપક્ષના મરાઠી માણુસ જોખમમાં હોવાના દાવાઓનો જવાબ આપતા ફડણવીસે કહ્યું હતું કે મરાઠી માણુસ નહીં પણ કેટલીક રાજકીય તાકાતોનું અસ્તિત્વ જોખમમાં છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે, મહારાષ્ટ્ર બધા મરાઠીઓનું છે, કોઈ એક સમાજનું નથી. ■

# વીજળીના આંચકાથી સગીરનું મોત

થાણેઃ થાણે જિલ્લામાં વીજળીના આંચકાથી ૧૭ વર્ષના સગીરના થયેલા મૃત્યુ પ્રકરણે પોલીસે મહારાષ્ટ્ર સ્ટેટ ઇલેક્ટ્રિસિટી ડિસ્ટ્રિબ્યુશન કંપની લિમિટેડ (એમએસઇડીસીએલ)ના બે કર્મચારી વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો.

ઉલ્હાસનગર પોલીસે રવિવારે સિનિયર ટેક્નિશિયન સુધીર રામદાસ પગારે અને કોન્ટ્રેક્ટ પરના કર્મચારી રૂપેશ રાજારામ ઠાકરે વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૬ (બેદરકારીથી મૃત્યુ) હેઠળ એફઆઇઆર દાખલ કર્યો હતો.

પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર ઉલ્હાસનગરના પંજાબી કોલોની વિસ્તારનો રહેવાસી ૧૭ વર્ષનો આયૂષ રામચંદર રાય ૨૮, જુલાઇ, ૨૦૨૫ના રોજ વરસાદ દરમિયાન વીજળીના ખુલ્લા વાયરનો સંપર્કમાં આવ્યો હતો અને વીજળીના આંચકાથી તેનું મૃત્યુ થયું હતું. ■

# રાજ્યની સત્તાવાર ભાષા મરાઠી બદલી નાખવાનો ઈરાદો તો નથી ને? હાઈ કોર્ટનો સરકારને સણસણતો સવાલ

નાગપુરઃ મહારાષ્ટ્રમાં છેલ્લાં કેટલાંક વર્ષોમાં મોટી સંખ્યામાં મરાઠી શાળાઓ બંધ થઈ ગઈ છે. મરાઠી શાળાઓના અસ્તિત્વને જાળવી રાખવા સરકારી સ્તરે કોઈ પ્રયાસો નથી થઈ રહ્યા. પરિણામે વિદ્યાર્થીઓ અંગ્રેજી માધ્યમની શાળાઓ તરફ વળી રહ્યા છે. સરકારની ઉદાસીન ભૂમિકાએ મરાઠી શાળાઓના અસ્તિત્વ પર ખતરો ઉભો કર્યો છે. આ પરિસ્થિતિમાં બોમ્બે હાઇ કોર્ટની નાગપુર ખંડપીઠે મરાઠી ભાષાની શાળાઓની અવગણના કરવા બદલ રાજ્ય સરકારને ઠપકો આપ્યો છે. બોમ્બે હાઈ કોર્ટની નાગપુર ખંડપીઠે રાજ્યમાં મરાઠી શાળાઓ બંધ કરવા અંગે પૂછ્યું ત્યારે રાજ્ય સરકારે દલીલ કરી હતી કે વિદ્યાર્થીઓ મરાઠી શાળાઓમાં નથી આવી રહ્યા. આ અંગે નારાજગી વ્યક્ત કરતા હાઈ કોર્ટે મૌખિક સવાલ કર્યો હતો કે શું તેઓ નજીકના ભવિષ્યમાં રાજ્યની સત્તાવાર ભાષા મરાઠી બદલી નાખવા ધારે છે? અદાલતે એમ પણ જણાવ્યું હતું કે જો રાજ્યમાં મરાઠી માધ્યમની શાળાઓ જ ન હોય તો અભિજાત મરાઠીનો દરજ્જો કેવી રીતે જાળવી શકાય?

સરકારના ઉદાસીન વલણને કારણે મરાઠી શાળાઓ બંધ કરવા અંગે ૨૦૧૭ થી હાઇ કોર્ટમાં એક જાહેર હિતની અરજી - પીઆઈએલ પેન્ડિંગ છે. સોમવારે ન્યાયમૂર્તિ અનિલ કિલોર અને રજનીશ વ્યાસની ખંડપીઠ સમક્ષ આ અરજીની સુનાવણી કરવામાં આવી હતી. સુનાવણી દરમિયાન સરકારી વકીલોએ દલીલ કરી હતી કે મરાઠી શાળાઓ બંધ થવા પાછળનું કારણ વિદ્યાર્થીઓ આવતા નથી. જોકે મરાઠી શાળાઓને વિદ્યાર્થીઓ કેમ નથી મળી રહ્યા એનું કારણ શોધવું જોઈએ. મરાઠી ભાષાને કોઈ જગ્યાએ પ્રવેશ અથવા રોજગાર માટે લાયકાત તરીકે જાહેર કરી શકાય છે. શૈક્ષણિક ક્ષેત્રમાં મરાઠી ભાષાનું મહત્વ વધશે નહીં, ત્યાં સુધી વિદ્યાર્થીઓ મરાઠી ભાષા તરફ કેવી રીતે સ્વિચ કરશે? હાલમાં, ઘણી જિલ્લા પરિષદ શાળાઓને કોન્વેન્ટમાં રૂપાંતરિત કરવામાં આવી રહી છે. ■

# આંતરરાષ્ટ્રીય ગુનેગાર હોવાથી સાલેમને બે દિવસની પેરોલ આપી શકાયઃહાઈ કોર્ટને જણાવાયું

મુંબઈઃ ૧૯૯૩ના શ્રેણીબદ્ધ બોમ્બ વિસ્ફોટ કેસમાં દોષિત ગેંગસ્ટર અબુ સાલેમ આંતરરાષ્ટ્રીય ગુનેગાર હોવાથી તેને પોલીસ એસ્કોર્ટ સાથે ફક્ત બે દિવસના ઇમરજન્સી પેરોલ આપી શકાય એમ મહારાષ્ટ્ર સરકારે મંગળવારે બોમ્બે હાઇ કોર્ટને જણાવ્યું હતું. સાલેમે મોટા ભાઈના મૃત્યુનું કારણ આપીને ૧૪ દિવસના પેરોલની માંગણી કરી હતી. સરકારી વકીલ માનખુવર દેશમુખે જણાવ્યું હતું કે ૧૪ દિવસની પેરોલ શક્ય નથી કારણ કે સાલેમ એક આંતરરાષ્ટ્રીય ગુનેગાર છે.

દેશમુખે અદાલતને જણાવ્યું હતું કે જેલ સત્તાવાળાઓએ કહ્યું છે કે તેમને પોલીસ એસ્કોર્ટ સાથે બે દિવસના પેરોલ આપી શકાય છે, જેનો ખર્ચ તેમણે ભોગવવો પડશે. સાલેમના વકીલ ફરહાના શાહે કહ્યું કે બે દિવસ પૂરતા નથી કારણ કે તેને ઉત્તર પ્રદેશમાં આઝમગઢ જવાનું છે. સાલેમ ભારતીય નાગરિક છે એમ જણાવી ફરહાના શાહે જણાવ્યું હતું કે કોઈ પોલીસ એસ્કોર્ટની પણ જરૂર નથી. (પીટીઆઈ)■

# મારપીટ બદલ કૉંગ્રેસ અને મતદારને લાંચ આપવા મામલે ભાજપના ઉમેદવાર વિરુદ્ધ ગુના

લાતુરઃ લાતુરમાં મહાનગરપાલિકાની ચૂંટણીના પ્રચાર દરમિયાન ભાજપના પદાધિકારીઓ સાથે કથિત મારપીટ કરી ધમકી આપવા બદલ પોલીસે કૉંગ્રેસના ઉમેદવાર વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. સામે ભગવા પક્ષને મત આપવા માટે એક ખેડૂતને રૂપિયા આપવાનો કથિત પ્રયાસ કરવા પ્રકરણે ભાજપના ઉમેદવાર વિરુદ્ધ પણ ગુનો નોંધવામાં આવ્યો હતો.ભાજપના સંજય વસંત ગીરે આક્ષેપ કર્યો હતો કે રવિવારે તે પક્ષની રૅલીમાં જોડાવા માટે જઈ રહ્યો હતો ત્યારે વૉર્ડ-૧૮ના કૉંગ્રેસના ઉમેદવાર સુંદર પાટીલ કવ્હેકર અને તેના સમર્થકોએ તેને રોક્યો હતો. સગીરના પરિવારજનોએ ૨૨ જુલાઇએ પાવર ફોલ્ટની ફરિયાદ કરી હતી અને બંને આરોપીઓએ છાપરા પર કામચલાઉ સમારકામ કર્યું હતું, પરંતુ ઇન્શ્યુલેશન ટેપ વિના વાયરના સાંધા ખુલ્લા છોડી દીધા હતા.

સગીર છ દિવસ બાદ વરસાદ દરમિન છાપરા પર પ્લાસ્ટિ શીટ્સ નાખવામાં તેના પિતાને મદદ કરી રહ્યો હતો ત્યારે તેને વીજળીનો આંચકો લાગ્યો હતો. આ પ્રકરણે આંતરિત તપાસ કરવામાં આવ્યા બાદ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. (પીટીઆઇ)■

# નાલાસોપારાની સ્કૂલમાં બાંગ્લાદેશનો ઝંડો, કાર્યવાહી કરવાની માગણી



વસઈઃ નાલાસોપારામાં એક સ્કૂલના પરિસરમાં બાંગ્લાદેશનો ઝંડો ફરકાવવામાં આવ્યો હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. આ ઘટનાને પગલે રોષે ભરાયેલા બજરંગ દળના કાર્યકરોએ શાળા વિરુદ્ધ કડક કાર્યવાહી કરવાની માગણી કરી છે.

મંગળવારે સવારે નાલાસોપારાની એક શાળાના પરિસરમાં બાંગ્લાદેશી ઝંડો ફરકાવવામાં આવી રહ્યો હોવાનો એક વિડિયો સોશ્યલ મીડિયા પર વાયરલ થયો હતો. આ ઘટનાને પગલે રોષે ભરાયેલા બજરંગ દળના કાર્યકરોએ શાળા વિરુદ્ધ કડક કાર્યવાહી કરવાની માગણી કરી હતી.

બાદમાં બજરંગ દળના કેટલાક કાર્યકરો અને પોલીસે ત્યાં જઈ શાળા પરિસરમાંથી ઝંડો હટાવી દીધો હતો.

વાતાવરણ ગરમાયા પછી શાળા મેનેજમેન્ટે પોલીસ ઇન્સ્પેક્ટરને પત્ર લખીને પોતાનો કેસ રજૂ કર્યો હતો. ૯ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ, શાળાએ ધોરણ દસમા ધોરણના વિદ્યાર્થીઓ માટે વિદાય સમારંભ અને આંતરરાષ્ટ્રીય નાટક મહોત્સવનું આયોજન કર્યું હતું. જેના માટે દેશોના ઝંડા લગાવવા સૂચનાઓ આપવામાં આવી હતી.

બાંગ્લાદેશનો ધ્વજ અજાણતામાં અન્ય દેશના ઝંડા સાથે લગાવવામાં આવ્યો હતો. અમારો કોઈની લાગણીઓને ઠેસ પહોંચાડવાનો કે દેશનું અપમાન કરવાનો કોઈ ઇરાદો નહોતો, શાળાએ સ્પષ્ટતા કરી હતી. ઉપરાંત, આ ભૂલ ધ્યાનમાં આવતાની સાથે જ ઝંડો દૂર કરવામાં આવ્યો હતો. ■

# મહારાષ્ટ્રમાં ત્રણ દિવસ ડ્રાય ડે

મુંબઈઃ મહારાષ્ટ્રમાં આગામી મ્યુનિસિપલ ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને રાજ્યમાં ત્રણ દિવસ માટે ડ્રાય ડે જાહેર કરવામાં આવ્યા છે. ૧૬ જાન્યુઆરી સુધી ૨૯ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારોમાં ડ્રાય ડે રહેશે. આ સમયગાળા દરમિયાન, દારૂના વેચાણ, ખરીદી અને સેવન પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. બાર અને દારૂની દુકાનો બંધ રહેશે. નિયમોનું ઉલ્લંઘન કરનાર સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. આ પગલાનો મુખ્ય હેતુ શાંતિપૂર્ણ અને ન્યાયી ચૂંટણીઓ સુનિશ્ચિત કરવાનો છે.

મહારાષ્ટ્રમાં આગામી મ્યુનિસિપલ ચૂંટણીઓ માટેનો પ્રચાર ૧૩ જાન્યુઆરીએ સમાપ્ત થશે. પક્ષો અને ઉમેદવારો દ્વારા જાહેર રેલીઓ અને રાજકીય પ્રવૃત્તિઓ સમાપ્ત થશે. ૧૩ જાન્યુઆરીએ ચૂંટણી પ્રચારના અંત સાથે ડ્રાય ડે ની શરૂઆત થઈ ગઈ હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે ૧૬ જાન્યુઆરી સુધીના ડ્રાય ડે કાયદો અને વ્યવસ્થા જાળવવા, શાંતિપૂર્ણ પ્રચાર સુનિશ્ચિત કરવા અને નિષ્પક્ષ ચૂંટણીઓ યોજવા માટે છે.

વહીવટીતંત્રે જણાવ્યું છે કે નિયુક્ત મ્યુનિસિપલ હદમાં દારૂની દુકાનો, બાર, પરમિટ રૂમ અને તમામ દારૂ વેચતી દુકાનો આ ચાર દિવસ માટે બંધ રહેશે. ■

# નાંદેડમાં ચૂંટણી પૂર્વે દારૂ, ડ્રગ્સ અને શસ્ત્રો જપ્ત

નાંદેડઃ નાંદેડ જિલ્લામાં પાલિકાની ચૂંટણી અગાઉ એન્ફોર્સમેન્ટ એજન્સીઓએ મોટા પ્રમાણમાં દારૂ, ગાંજો અને કેટલાંક શસ્ત્રો જપ્ત કર્યા હતા. ૯૨૯ લોકો સામે કાનૂની જોગવાઇઓ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે અથવા તેમને તડીપાર કરવામાં આવ્યા છે.

સ્ટેટ એક્સાઇઝ વિભાગ સાથે સંકલનમાં પાલિકાની આચાર સંહિતા અમલીકરણ ટીમોએ દેશી અને વિદેશી દારૂના વેચાણ સામે ૧૫ ડિસેમ્બર, ૨૦૨૫થી ૧૧ જાન્યુઆરી, ૨૦૨૬ દરમિયાન શ્રેણીબદ્ધ દરોડા પાડ્યા હતા.

નાંદેડ જિલ્લામાં આ ટીમોએ ૪૪૧.૨૪ લિટર દારૂ અને ૨.૨ કિલોગ્રામ ગાંજો જપ્ત કર્યો હતો અને પાંચ ગુના દાખલ કરવામાં આવ્યા હતા.

ઉપરાંત પિસ્તોલ, કારતૂસ, ચાર ખંજર અને સાત તલવાર પણ જપ્ત કરાયાં હોવાનું પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ)■



**બંદોબસ્ત**

મહાનગરપાલિકાની ચૂંટણી ગુરુવારે યોજાવાની છે ત્યારે મુંબઈમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. મંગળવારે વડાલા ખાતે પોલીસ પરેડ યોજવામાં આવી હતી. (અમય ખરાડે)

# ૧૨મા ધોરણના વિદ્યાર્થીઓ હવે ઓનલાઈન હોલ ટિકિટ મેળવી શકશે

મુંબઈઃ મહારાષ્ટ્ર રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બૉર્ડે ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓ માટે એક મહત્વપૂર્ણ સૂચના જારી કરી છે. ૧૦ ફેબ્રુઆરી, ૨૦૨૬થી ૧૮ ફેબ્રુઆરી દરમિયાન થનારી ધોરણ ૧૨ની લેખિત પરીક્ષા માટે વિદ્યાર્થીઓને ઓનલાઈન હોલ ટિકિટ આપવામાં આવશે. બૉર્ડે કોલેજોને વિદ્યાર્થીઓને આ હોલ ટિકિટની પ્રિન્ટ કાઢવાની સૂચના આપી છે. કોલેજ વિદ્યાર્થીઓ પાસેથી હોલ ટિકિટ પ્રિન્ટ કરવા માટે કોઈ ફી વસૂલ કરી શકશે નહીં. વિદ્યાર્થીઓએ હોલ ટિકિટની પ્રિન્ટ કઢાવી તેના પર પ્રિન્સિપાલની સહી કરાવાની રહેશે. જો કોઈ હોલ ટિકિટ પર પ્રિન્સિપાલની સહી ન હોય, તો તેને પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ આપવાનો ઇનકાર કરી શકાય છે. આ હોલ ટિકિટ ફક્ત ત્યારે જ સ્વીકારવામાં આવશે જો તેના પર વિદ્યાર્થીનો ફોટો અને તેની નીચે પ્રિન્સપાલની સહીનો સ્ટેમ્પ હશે. બારમા ધોરણની પરીક્ષા આપવા માટે વિદ્યાર્થીઓ પાસે હોલ ટિકિટ હોવી જરૂરી છે. તેના વિના વિદ્યાર્થીઓ કોઈપણ સંજોગોમાં પરીક્ષા આપી શકશે નહીં. આ ઉપરાંત બોર્ડ દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષાઓ નકલમુક્ત લેવા માટેના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ જ પૃષ્ઠભૂમિમાં બૉર્ડે રાજ્યના ધોરણ ૧૦ના ૩૧ અને ધોરણ ૧૨ ના ૭૬ પરીક્ષા કેન્દ્રોની માન્યતા રદ કરવાનો નિર્ણય લીધો છે. ■

# આજે બીજી વન-ડેઃ વૉશિંગ્ટનના સ્થાને નીતીશ રમશે કે બદોની કરીઅર શરૂ કરશે?

## ભારત અને ન્યૂ ઝીલૅન્ડની ટીમમાં અનુક્રમે વિરાટ કોહલી અને ડેરિલ મિચલ સૌથી સારા ફૉર્મમાં છે

રાજકોટઃ અહીં આજે ભારત અને ન્યૂ ઝીલૅન્ડ વચ્ચે ત્રણ મૅચવાળી સિરીઝની બીજી વન-ડે (બપોરે ૧.૩૦ વાગ્યાથી) રમાશે જે જીતીને ભારતીયો આજે જ સિરીઝ પર કબજો કરી લેવા કોઈ કસર બાકી નહીં રાખે.

બે દિવસ પહેલાં વડોદરામાં ભારતે પ્રથમ વન-ડે ચાર વિકેટે જીતી લીધી હતી. બીજી વન-ડે પહેલાં જ ઑલરાઉન્ડર વૉશિંગ્ટન સુંદર ઈજા પામતાં તેના સ્થાને આયુષ બદોનીને સ્ક્વૉડમાં સમાવવામાં આવ્યો છે. ઈજાગ્રસ્ત રિષભ પંતના સ્થાને ધ્રુવ જુરેલને


ઑલરાઉન્ડર નીતીશકુમાર રેડ્ડી

પંદર ખેલાડીઓમાં સામેલ કરાયો છે અને તેણે પણ મંગળવારે ખૂબ બૅટિંગ પ્રૅક્ટિસ કરી હતી.

આજે વૉશિંગ્ટનના સ્થાને ઑલરાઉન્ડર નીતીશકુમાર રેડ્ડી રમશે કે આયુષ બદોની એ આજે મૅચ પહેલાં નક્કી થશે. ૨૬ વર્ષનો મૂળ દિલ્હીનો બદોની હજી સુધી એક પણ આંતરરાષ્ટ્રીય મૅચ નથી રમ્યો. આઇપીએલમાં તે લખનઊ વતી રમ્યો છે.

ભારત અને ન્યૂ ઝીલૅન્ડની ટીમમાં અનુક્રમે વિરાટ કોહલી અને ડેરિલ મિચલ સૌથી સારા ફૉર્મમાં છે. રવિવારે તેણે પ્રથમ વન-ડેમાં ૮૪ રન કર્યા હતા. જોકે વિરાટના ૯૩ રનની મદદથી ભારતે વિજય મેળવ્યો હતો. ■

# બૅડમિન્ટન ટૂર્નામેન્ટમાં લક્ષ્ય જીતીને બીજા રાઉન્ડમાં

નવી દિલ્હીઃ ઇન્ડિયા ઓપન સુપર-૭૫૦ બૅડમિન્ટન ટૂર્નામેન્ટમાં મંગળવારે ભારતનો ટોચનો ખેલાડી લક્ષ્ય સેન ભારતના જ આયુષ શેટ્ટીને ૨૧-૧૨, ૨૧-૧૫થી હરાવીને બીજા રાઉન્ડમાં પહોંચી ગયો છે. ૨૦૨૧માં વર્લ્ડ ચૅમ્પિયનશિપનો બ્રૉન્ઝ મેડલ જીતનાર લક્ષ્ય કુલ ૯,૫૦,૦૦૦ ડૉલરના ઇનામવાળી આ ટૂર્નામેન્ટમાં પહેલી વખત રમી રહ્યો છે. તે હવે જાપાનના કેન્તા નિશીમોતો સામે રમશે. મેન્સ ડબલ્સમાં અર્જુન અને હરિહરન પણ બીજા રાઉન્ડમાં પહોંચી ગયા છે, જ્યારે મહિલા વર્ગમાં ભારતની ટ્રીશા જૉલી અને ગાયત્રી ગોપીચંદની જોડીએ પણ સકારાત્મક શરૂઆત કરી છે. તેમણે પ્રથમ રાઉન્ડમાં થાઈલૅન્ડની ઑર્નિચા-સુકિતાની જોડીને ૨૧-૧૫, ૨૧-૧૧થી પરાજિત કરી હતી. ■

# અનોખી અનુષ્કા શર્માઃ પહેલાં ધોકાથી, પછી પ્લાસ્ટિકના બૅટથી અને ત્યાર બાદ લાકડાંના બૅટથી રમી

નવી મુંબઈઃ વર્ષોથી સિનેમાજગતની અભિનેત્રી અને ક્રિકેટમાં (વિરાટ કોહલીની પત્ની) અનુષ્કા શર્મા જ ચર્ચામાં રહી છે, પરંતુ હવે બીજી અનુષ્કા શર્મા ક્રિકેટ વર્લ્ડ કપમાં ઊભરી છે જેના વિશેની ઑફ-બીટ અને ક્રિકેટના ક્રેઝની વાતો જાણવા જેવી છે.

**વર્લ્ડ નંબર-વન સાથે રમવા તક મળી**

બાવીસ વર્ષની અનુષ્કા બ્રિજમોહન શર્મા ઑલરાઉન્ડર છે. તે રાઇટ-હૅન્ડ બૅટર અને રાઇટ-આર્મ ઑફબ્રેક સ્પેશ્યાલિસ્ટ છે. મૂળ મધ્ય પ્રદેશની અનુષ્કા ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટનો બહુ જ ઓછો અનુભવ છે. વિમેન્સ પ્રીમિયર લીગ (ડબ્લ્યૂપીએલ)માં તે આ વખતે પહેલી જ વખત રમી રહી છે. તે ગુજરાત જાયન્ટ્સ (જીજી) વતી બે મૅચ રમી છે જેમાં તેણે અનુક્રમે ૪૪ અને ૧૩ રન કર્યા છે. બન્ને મૅચમાં ગુજરાતનો વિજય થયો છે. નવી મુંબઈના ડી. વાય. પાટીલ સ્ટેડિયમમાં ગુજરાત વતી રમીને તેને મહિલા વન-ડેની વર્લ્ડ નંબર-વન ઑલરાઉન્ડર ઑસ્ટ્રેલિયાની ઍશ્લેઇ ગાર્ડનર સાથે રમવાનો સુવર્ણ મોકો મળ્યો છે.



**અનુષ્કા વિશે જાણવા જેવું...**

ગ્વાલિયરમાં જન્મેલી અનુષ્કા શર્મા એક મુલાકાતમાં કહે છે કે તેને બૅટિંગ કરવી ખૂબ ગમે છે અને તેને માત્ર જીતવામાં રસ હોય છે. મધ્ય પ્રદેશ ક્રિકેટમાં વય-આધારિત ટીમોની તેમ જ બીસીસીઆઇ દ્વારા આયોજિત ચૅલેન્જર ટ્રોફીમાં કૅપ્ટન્સી સંભાળી ચૂકેલી અનુષ્કા ફિઝિકલ એજ્યૂકેશન ઍન્ડ સ્પોર્ટ્સમાં બૅચલર્સ ડિગ્રી મેળવી રહી છે અને તે ત્રીજા વર્ષમાં ભણી રહી છે. તે નાની હતી ત્યારે મધ્ય પ્રદેશમાં પોતાના જિલ્લાના સ્થાનિક વિસ્તારોમાં પોતાનાથી મોટી ઉંમરના છોકરાઓ સાથે ક્રિકેટ રમવા પહોંચી જતી હતી. જોકે તેને જોઈએ એવું બૅટ તેની પાસે નહોતું મળતું એટલે તે ઘરમાં કપડાં ધોવા માટે વપરાતો ધોકો લઈને મેદાન પર પહોંચી જતી હતી. ત્યાર બાદ તેના પપ્પાએ તેને પ્લાસ્ટિકનું બૅટ લઈ આપ્યું હતું અને તેની બૅટિંગથી પ્રભાવિત થઈને તેમણે તેને લાકડાંનું બૅટ લઈ આપ્યું હતું. તેના મોટા ભાઈને પણ બૅટિંગ કરવાનો ખૂબ શોખ હતો એટલે પોતે બૅટિંગ કરવા પાસે અનુષ્કા પાસે બોલિંગ કરાવતો હતો. એ રીતે અનુષ્કા ઑફ-સ્પિન બોલિંગમાં પણ માહિર થતી ગઈ હતી.

**ક્રિકેટે સ્કૂલમાંથી છુટકારો અપાવ્યો**

અનુષ્કા શર્માની બૅટિંગ-બોલિંગથી પ્રભાવિત થઈને ગ્વાલિયર ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ અસોસિયેશને તેને અન્ડર-૧૬ ગર્લ્સ ટીમ માટે ટ્રાયલ માટે બોલાવી ત્યારે તે ખુશ થઈ ગઈ હતી અને મિત્રને કહેલું, 'બઢિયા, ક્યૂં કી સ્કૂલ સે છુટ્ટી તો હો જાયેગી.' અનુષ્કા ત્યારે પહેલી વાર છોકરીઓની ટીમમાં રમી હતી. તે ડબ્લ્યૂપીએલના ટોચના મંચ પર આવતાં પહેલાં ગ્વાલિયરમાં પ્રૅક્ટિસ દરમ્યાન દરરોજ ૫૦૦થી ૬૦૦ બૉલનો સામનો કરતી હતી અને બોલિંગમાં સુધારો લાવવા અઠવાડિયાના બેથી ત્રણ દિવસ મેદાન પર આવીને કોચિંગ લેતી હતી. ■

# મિચલ સ્ટાર્કને હમણાં સંપૂર્ણ નિવૃત્તિ નથી લેવી, પણ પત્ની અલીઝા હિલીએ જાહેર કરી દીધી

## આઠ વર્લ્ડ કપ જીતનાર ઇયાન હિલીની ભત્રીજીએ કેમ વિશ્વ કપ પહેલાં જ રિટાયરમેન્ટ લઈ લીધું એનું કારણ પ્રેરક છે

સિડનીઃ ૩૫ વર્ષની વિકેટકીપર-બૅટર અલીઝા હિલીએ માર્ચમાં ઘરઆંગણે ભારત સામેની સિરીઝ રમ્યા પછી નિવૃત્ત થઈ જવાની જાહેરાત કરી દીધી એને પગલે તેના અંગત જીવનને તેમ જ કરીઅરને સ્પર્શતી કેટલીક રસપ્રદ વાતો પણ જાણવા મળી છે. ઑસ્ટ્રેલિયાનો ટોચનો ફાસ્ટ બોલર મિચલ સ્ટાર્ક હજી પૂર્ણપણે રિટાયર થવાના મૂડમાં નથી, પરંતુ તેની પત્ની અલીઝા હિલી હવે પોતાનામાં રહેલી સ્પર્ધાત્મક ક્ષમતા ઘટી ગઈ હોવાથી વધુ રમવા નથી માગતી. તે ઑસ્ટ્રેલિયાએ જીતેલી આઠ વર્લ્ડ કપની ટ્રોફીની સાક્ષી છે. આ આઠેય સિદ્ધિમાં તેનું ખેલાડી તરીકે નાનું-મોટું યોગદાન હતું, પણ હવે આ વર્ષે જૂનમાં રમાનારા ટી-૨૦ વર્લ્ડ કપમાં નથી રમવા માગતી.

અલીઝા હિલી જેમાં રમી હતી એ આઠ વર્લ્ડ કપની વિગત આ મુજબ છેઃ ૨૦૧૦, ૨૦૧૨, ૨૦૧૪,



૨૦૧૮, ૨૦૨૦ અને ૨૦૨૩માં ટી-૨૦ વર્લ્ડ કપ અને ૨૦૧૩ તથા ૨૦૨૨માં વન-ડે વર્લ્ડ કપ.

ઑસ્ટ્રેલિયાની કૅપ્ટન અલીઝા હિલી મહાન વિકેટકીપર-બૅટ્સમૅન ઇયાન હિલીની ભત્રીજી છે. ઇયાન હિલી ૬૧ વર્ષના છે. તેમણે ૧૯૮૮થી ૧૯૯૯ સુધીની ૧૧ વર્ષની આંતરરાષ્ટ્રીય કારકિર્દીમાં કુલ ૬,૦૦૦થી પણ વધુ રન કર્યા હતા અને સ્ટમ્પ્સની પાછળથી કુલ ૬૦૦થી પણ વધુ શિકાર કર્યા હતા. અલીઝા હિલીએ ૧૫ વર્ષની કારકિર્દીમાં કુલ ૨૯૫ ઇન્ટરનૅશનલ મૅચમાં ૭,૦૦૦થી પણ વધુ રન કર્યા છે અને સ્ટમ્પ્સની પાછળથી કુલ ૨૭૦થી પણ વધુ શિકાર કર્યા છે.

મિચલ સ્ટાર્કનું કહેવું છે કે જ્યાં સુધી તે ઑસ્ટ્રેલિયાને જિતાડવા પોતાને સક્ષમ માનશે ત્યાં સુધી રમતો રહેશે. જોકે તેની પત્ની અલીઝા હિલીએ કહ્યું છે કે 'છેલ્લાં થોડાં વર્ષોથી હું ઈજાને કારણે કંટાળી ગઈ હતી. માનસિક રીતે પણ એટલી બધી થાકી ગઈ છું કે હવે મારે નિર્ણય લેવો જ પડ્યો. હું જાહેરાત હમણાં નહોતી કરવા માગતી, પરંતુ જૂનના વિશ્વ કપ માટે કૅપ્ટન તથા ખેલાડીના રૂપમાં મારી અનુગામીનું સિલેક્શન આસાનીથી થઈ એ હેતુથી મેં નિવૃત્તિની જાહેરાત કરી છે.' ■

# વિજય હઝારેની સેમિની લાઇન-અપ નક્કી થઈ ગઈ

બેંગલૂરુઃ વિજય હઝારે ટ્રોફી વન-ડે ટૂર્નામેન્ટમાં સેમિ ફાઇનલની લાઇન-અપ નક્કી થઈ ગઈ છે. સૌરાષ્ટ્ર સામે ૧૬મી જાન્યુઆરીએ (બપોરે ૧.૩૦ વાગ્યાથી) બીજી સેમિ ફાઇનલમાં પંજાબ રમશે, જ્યારે એના આગલા દિવસે (૧૫મીએ) પ્રથમ સેમિમાં વિદર્ભનો મુકાબલો કર્ણાટક સાથે થશે. મંગળવારે બાકીની બે ક્વૉર્ટર ફાઇનલ રમાઈ હતી. પંજાબે કૅપ્ટન પ્રભસિમરન સિંહના ૮૮ રનની મદદથી છ વિકેટે ૩૪૫ રન કર્યા હતા જેના જવાબમાં મધ્ય પ્રદેશની ટીમ ૧૬૨ રનમાં આઉટ થઈ જતાં પંજાબનો ૧૮૩ રનથી વિજય થયો હતો. છેલ્લી ક્વૉર્ટર ફાઇનલમાં વિદર્ભએ યશ રાઠોડના ૮૬ રનની મદદથી નવ વિકેટે ૩૦૦ રન કર્યા બાદ ઈજાગ્રસ્ત રિષભ પંત વિનાની દિલ્હીની ટીમે ૨૨૪ રન કર્યા હતા અને વિદર્ભએ ૭૬ રનથી વિજય મેળવ્યો હતો. ■

# વિરાટનું બૅટ બોલે છેઃ શ્રેયસ થયો ફિદા

વડોદરાઃ ભારતીય ટીમના વાઈસ કેપ્ટન શ્રેયસ ઐયરે વિરાટ કોહલીની પ્રશંસા કરતા કહ્યું હતું કે ચેમ્પિયન ક્રિકેટર વર્ષોથી પોતાના બેટથી જવાબ આપી રહ્યો છે જેમાં ન્યૂઝીલેન્ડ સામેની પ્રથમ વન-ડેમાં શાનદાર ઇનિંગનો પણ સમાવેશ થાય છે. પ્રથમ વન-ડે મેચમાં કોહલીએ ૯૧ બોલમાં ૯૩ રન કર્યા હતા જેનાથી ભારતને ૩૦૧ રનના લક્ષ્યાંકનો પીછો કરવામાં અને ચાર વિકેટથી જીત મેળવવામાં મદદ મળી હતી.

આ ઇનિંગ દરમિયાન કોહલી ૨૮,૦૦૦ આંતરરાષ્ટ્રીય રન કરનાર સૌથી ઝડપી બેટ્સમેન બન્યો હતો. હવે તે સચિન તેંડુલકર પછી આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં બીજા ક્રમે સૌથી વધુ રન કરનાર બેટ્સમેન બન્યો છે. ઐયરે બીસીસીઆઈ દ્વારા પોસ્ટ કરાયેલા એક વીડિયોમાં કહ્યું હતું કે, ''આપણે તેની ઇનિંગ વિશે ગમે તેટલું કહીએ, તેટલું ઓછું હશે. અમે તેને ઘણાં વર્ષોથી જોઈ રહ્યા છીએ અને તે સતત રન કરી રહ્યો છે. જે રીતે તે સ્ટ્રાઇક બદલે છે અને બોલરોને ફટકારે છે, તે તેના બેટથી જવાબ આપે છે.''

ઈજામાંથી વાપસી કરી રહેલા ઐય્યરે કહ્યું હતું કે જીત સાથે શ્રેણી શરૂ કરવી ખૂબ જ સારી વાત છે. હું લાંબા સમય પછી ટીમ સાથે પાછો ફર્યો છું અને તે ખૂબ સારું લાગે છે. બધા સાથે ડ્રેસિંગ રૂમ શેર કરવાનો અનુભવ ખૂબ જ સારો છે. હું તેને ખૂબ જ યાદ કરી રહ્યો હતો અને પાછા આવીને ખૂબ જ સારું લાગે છે.■

# મૅરી કૉમને એક કરતાં વધુ અફેરઃ ભૂતપૂર્વ પતિનો આક્ષેપ

નવી દિલ્હીઃ ઑલિમ્પિક્સની બ્રૉન્ઝ મેડલિસ્ટ અને છ વખત પોતાની કૅટેગરીમાં વર્લ્ડ ચૅમ્પિયન બની ચૂકેલી બૉક્સર એમ. સી. મૅરી કૉમે ભૂતપૂર્વ પતિ કરુન્ગ ઑન્ખોલર (ઑન્લેર) સામે તાજેતરમાં જે ગંભીર આક્ષેપો કર્યા એના જવાબમાં ખુદ કરુન્ગે પણ સામા આક્ષેપો કર્યા છે જેમાં તેણે કહ્યું છે કે 'મૅરીને વર્ષો પહેલાં એક જુનિયર બૉક્સર સાથે તો અફેર હતું જ, તેને પોતાની ઍકેડેમીના એક પુરુષ સાથે પણ અફેર હોવાની જાણ થતાં કહી શકું એમ છું કે તેના એક કરતાં વધુ અફેર છે.'

મૅરી કૉમ અને કરુન્ગે ૨૦૨૩માં છૂટાછેડા લીધા હતા. મૅરીથી કરુન્ગને ત્રણ પુત્ર થયા છે જેમાં બે જોડિયા પુત્ર છે. મૅરી-કરુન્ગે એક છોકરીને દત્તક લીધી હતી. મૅરી કૉમનો આક્ષેપ છે કે કરુન્ગે તેની સાથે કરોડો રૂપિયાની છેતરપિંડી કરી હતી તેમ જ મુક્કાબાજીમાં પોતે જે પૈસાથી જમીન ખરીદી હતી એ ગીરવે મૂકવી પડી અને એ જમીનનો કબજો પણ જતો રહ્યો છે. જોકે કરુન્ગનો સામો દાવો છે કે મૅરી જૂઠ્ઠું બોલે છે.



તે કહે છે કે મેં તેની સાથે પાંચ કરોડ રૂપિયાની ચીટિંગ કરી છે. મારું બૅન્ક અકાઉન્ટ ચેક કરો.' ■

# પાકિસ્તાનમાં જન્મેલો અમેરિકી ક્રિકેટર કહે છે, મને ભારતે વિઝા ન આપ્યા

કોલંબોઃ ફેબ્રુઆરીમાં ભારત અને શ્રીલંકામાં સંયુક્ત રીતે રમાનારા મેન્સ ટી-૨૦ વર્લ્ડ કપ માટે રમવા આવવા માગતા પાકિસ્તાનમાં જન્મેલા અમેરિકન ક્રિકેટર અલી ખાનનો એવો દાવો છે કે તેને ભારતે વિઝા નકાર્યા છે. અલીએ આ દાવો ઇન્સ્ટાગ્રામ પરની સ્ટોરીની કૅપ્શનમાં કર્યો છે. સાતમી ફેબ્રુઆરીએ વર્લ્ડ કપ શરૂ થશે અને એને એક મહિનો પણ બાકી નથી ત્યારે અમેરિકાએ (આઇસીસીની મહેતલ પૂરી થઈ ગઈ હોવા છતાં) હજી સુધી ટીમની જાહેરાત નથી કરી. વર્લ્ડ કપમાં સાતમી ફેબ્રુઆરીએ પ્રથમ મૅચ વાનખેડે સ્ટેડિયમમાં ભારત અને અમેરિકા વચ્ચે રમાવાની છે.■

# આઇસીસીના આદેશ છતાં બાંગ્લાદેશ ટસનું મસ નથી થતું, માત્ર બે વિકલ્પ છે એના ક્રિકેટરો પાસે

દુબઈ/ઢાકાઃ આગામી ફેબ્રુઆરીના મેન્સ ટી-૨૦ વર્લ્ડ કપમાં બાંગ્લાદેશના ક્રિકેટરો અસલામતીના કારણસર ભારતમાં મૅચો નહીં રમે એટલે તેમની મૅચો શ્રીલંકામાં રાખવા બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (બીસીબી)એ જે માગણી કરી હતી એને ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી)એ ઠુકરાવી દીધી ત્યાર બાદ હવે બીસીબી ટસનું મસ થવા તૈયાર નથી અને એ માહોલમાં એની પાસે હવે બે વિકલ્પ બાકી રહ્યા છે.

બાંગ્લાદેશના ક્રિકેટરોએ હવે આઇસીસીના શેડ્યૂલ અનુસાર ભારતમાં મૅચો રમવી પડશે અથવા ટૂર્નામેન્ટમાંથી પોતાનું નામ પાછું લઈ લેવું પડશે. ટી-૨૦ વર્લ્ડ કપમાં બાંગ્લાદેશની ત્રણ મૅચ કોલકાતાના ઈડન ગાર્ડન્સમાં અને એક મૅચ મુંબઈના વાનખેડેમાં રમાવાની છે. ટૂર્નામેન્ટમાંથી પોતાનું નામ પાછું ખેંચી લેવાનું બીસીબી માટે શક્ય નથી કારણકે એની ભવિષ્યમાં એના માટે વિપરીત અસર જોવા મળી શકે. અગાઉ અહેવાલ મળ્યો હતો કે બાંગ્લાદેશને કોલકાતા-મુંબઈને બદલે ચેન્નઈ અથવા હૈદરાબાદમાં રમવાનું કહેવામાં આવશે. જોકે એ અહેવાલને હજી સુધી પુષ્ટિ નથી મળી.

દરમ્યાન બાંગ્લાદેશનું બોર્ડ ઝૂકવા તૈયાર નથી એવું પીટીઆઇના અહેવાલમાં જણાવાયું હતું. બીસીબીએ અનેક વખત આઇસીસીને વિનંતી કરી છે કે એની મૅચો ભારતમાંથી હટાવીને શ્રીલંકામાં રાખવામાં આવે. આઇસીસી શેડ્યૂલ બદલવા તૈયાર નથી અને બાંગ્લાદેશના ખેલાડીઓને ભારતમાં પૂરેપૂરી સલામતી મળી રહે એવી ખાતરી આપી રહી છે, જ્યારે બીસીબી ભારતમાં રમવા તૈયાર નથી જ. ટૂંકમાં, બન્ને પક્ષો વાટાઘાટ ચાલુ રાખવા સંમત થયા છે. ■

## દેશ-વિદેશ

# ગ્રીનલૅન્ડ ક્યારેય અમેરિકાનો ભાગ નહીં બનેઃ વડા પ્રધાન

કોપનહેગન (ડેન્માર્ક): ગ્રીનલૅન્ડના વડા પ્રધાન જેન્સ-ફ્રેડરિક નેલસને જણાવ્યું હતું કે ગ્રીનલૅન્ડ ક્યારેય અમેરિકાનો હિસ્સો નહિ બને. અમારે અમેરિકા અને ડેનમાર્કની વચ્ચે પસંદગી કરવાની હોય તો અમે ડેનમાર્કને પસંદ કરીશું.

તેમણે જણાવ્યું હતું કે ટ્રમ્પે ગ્રીનલૅન્ડ કબજે કરવાની આપેલી ધમકીને કારણે આર્કટિકનો પ્રદેશ ભૂ-રાજકીય કટોકટી (જિયોપોલિટિકલ ક્રાઇસીસ)માંથી પસાર થઇ રહ્યો છે.

દરમિયાન, ડેનમાર્કનાં વડાં પ્રધાન મેટ ફ્રેડરિકસને જણાવ્યું હતું કે અમેરિકાની 'દબાણ' લાવવાની નીતિ અયોગ્ય છે અને તેને ચલાવી ન લેવાય.

બન્ને દેશના નેતાએ ડેનમાર્કના કોપનહેગનમાંની વડા પ્રધાનની ઑફિસના મિરર હૉલ ખાતે યોજેલી પત્રકાર પરિષદમાં ટ્રમ્પની ગ્રીનલૅન્ડને લગતી નીતિની ટીકા કરી હતી.

જેન્સ-ફ્રેડરિક નેલસને જણાવ્યું હતું કે ગ્રીનલૅન્ડ ક્યારેય વૉશિંગ્ટનના નિયંત્રણ હેઠળ નહિ આવે. એક વાત સ્પષ્ટ છે કે ગ્રીનલૅન્ડ અમેરિકાના વહીવટીતંત્ર હેઠળ નહિ આવે. ગ્રીનલૅન્ડ અમેરિકાનો હિસ્સો નહિ બને.

આમ છતાં, ડેનમાર્કનાં વડાં પ્રધાન મેટ ફ્રેડરિકસને જણાવ્યું હતું કે આર્કટિકની સુરક્ષા માટે અમેરિકા, 'નાટો' અને યુરોપના દેશોની સાથે કામ કરીશું.

દરમિયાન, ટ્રમ્પ દાવો કરે છે કે અમેરિકાની રાષ્ટ્રીય સુરક્ષા માટે ગ્રીનલૅન્ડ જરૂરી છે. ટાપુના બનેલા આ રાષ્ટ્રની ફરતે રશિયા અને ચીનના જહાજો ગોઠવાયેલા છે. (એજન્સી)■

# બાંગ્લાદેશમાં વધુ એક હિન્દુની હત્યા, પચીસ દિવસમાં હિન્દુ મરણાંક આઠ

ઢાકાઃ બાંગ્લાદેશમાં લઘુમતી હિન્દુ સમુદાય વિરુદ્ધ હિંસાનો સિલસિલો અટકવાનું નામ નથી લઈ રહ્યો. ફરી એકવાર અમાનવીય ઘટના સામે આવી છે, જેમાં એક નિર્દોષ હિન્દુ યુવકની કરપીણ હત્યા કરવામાં આવી છે. છેલ્લા પચીસ દિવસમાં હિન્દુઓની હત્યાની આ ૮મી ઘટના છે, જે દર્શાવે છે કે ત્યાં લઘુમતીઓની સુરક્ષા ગંભીર ચિંતાનો વિષય બની ગઈ છે. આ ઘટનાએ બાંગ્લાદેશમાં વસતા હિન્દુ પરિવારોમાં ભારે ડર અને રોષનો માહોલ પેદા કર્યો છે.

સૂત્રોની જાણકારી પ્રમાણે આ ઘટના ફેગુઆના દાગનભુઆ વિસ્તારની છે, જ્યાં ૨૮ વર્ષીય સમીર દાસ નામના યુવકને નિશાન બનાવવામાં આવ્યો હતો. સમીર બેટરી રિક્ષા ચલાવીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવતો હતો. રવિવારે રાત્રે જ્યારે તે ઘરે ન પહોંચ્યો ત્યારે શોધખોળ શરૂ કરવામાં આવી હતી. મોડી રાત્રે તેનો લોહીલુહાણ દેહ દક્ષિણ કરીમપુર વિસ્તારમાંથી મળી આવ્યો હતો. હુમલાખોરો સમીરને ઢોરમાર મારી તેની રિક્ષા લૂંટીને ફરાર થઈ ગયા હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.

સ્થાનિક પોલીસના જણાવ્યા મુજબ, સમીર કુમાર દાસની હત્યા ૧૧ જાન્યુઆરીની સાંજે કરવામાં આવી હતી. થાણા પ્રભારી ફૈયાઝુલ અઝીમ નોમાનના કહેવા પ્રમાણે, આ હત્યા પાછળ કોઈ ઊંડું ષડ્યંત્ર હોવાની પણ શક્યતા છે. પરિવારે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે અને હાલમાં આરોપીઓને પકડવા માટે ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ફેની જનરલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે અને પોલીસ લૂંટ સિવાયના અન્ય પાસાઓની પણ તપાસ કરી રહી છે.

સમીર દાસ તેના પરિવારનો મોટો પુત્ર હતો અને આખા ઘરની જવાબદારી તેના પર હતી. કાર્તિક કુમાર દાસ અને રીના રાણી દાસના પુત્ર સમીરની હત્યાથી તેના માતા-પિતા અને પત્ની-બાળકો પર આભ તૂટી પડ્યું છે. સામાન્ય રીતે શાંત ગણાતા રામાનંદપુર ગામમાં આ ઘટનાને પગલે લોકોમાં સુરક્ષા અંગે પ્રશ્નો ઉઠી રહ્યા છે. એક તરફ પરિવાર ન્યાયની માંગ કરી રહ્યો છે, તો બીજી તરફ લઘુમતી સમુદાયના લોકો પોતાની જિંદગીને લઈને અસુરક્ષિત અનુભવી રહ્યા છે. ■

# ટેરર કનેક્શનઃ કાશ્મીર સરકારના પાંચ કર્મચારીને પાણીચું

શ્રીનગરઃ જમ્મુ અને કાશ્મીરના લેફટનન્ટ ગર્વનર મનોજ સિંહાએ મંગળવારે આતંકવાદી કનેક્શનની શંકાના આધારે વધુ પાંચ કર્મચારીઓને પાણીચું પકડાવ્યું હતું.

આતંકવાદી જૂથો માટે કામ કરતાં હોવાનું સર્વેલન્સમાં બહાર આવ્યા પછીથી એલજી વહીવટીતંત્રે ૨૦૨૦થી અત્યાર સુધીમાં ૮૫ સરકારી કર્મચારીઓને નોકરીમાંથી હાંકી કાઢ્યા છે. એક અધિકારીએ જણાવ્યું કે આ પગલાનો હેતુ સરકારી તંત્રની અંદર આતંકવાદી ઇકોસિસ્ટમના મૂળ અને તેના માળખાને નિશાન બનાવવાનો છે.

અધિકારીઓએ જણાવ્યું કે બરતરફ કરાયેલા કર્મચારીઓમાં શિક્ષક મોહમ્મદ ઇશ્તિયાક, લેબ ટેક્નિશિયન તારિક અહેમદ શાહ, આસિસ્ટન્ટ લાઇનમેન બશીર અહેમદ મીર, વન વિભાગમાં ફિલ્ડ વર્કર તરીકે કામ કરતાં ફારુક અહેમદ ભટ અને આરોગ્ય વિભાગમાં ડ્રાઇવર મોહંમદ યુસુફનો સમાવેશ થાય છે. આ કર્મચારીઓને બંધારણની કલમ ૩૧૧(૨)(સી) હેઠળ બરતરફ કરવામાં આવ્યા હોવાનું તેમણે જણાવ્યું હતું.

આ જોગવાઇ રાષ્ટ્રપતિ કે રાજ્યપાલને રાજ્યની સુરક્ષાના હિતમાં ઔપચારિક તપાસ વિના કોઇ સનદી કર્મચારીને બરતરફ કરવાની કે દૂર કરવાની મંજૂરી આપે છે. જો તેઓ તપાસ કરવી યોગ્ય નથી એ વાતથી સંતુષ્ટ છે તો. ફાઇલ અનુસાર બરતરફ કરાયેલા કર્મચારીઓ સામે એલઇટી અને હિઝબુલ મુજાહિદીન જેવા આતંકવાદી જૂથો સાથે સક્રિય રીતે કામ કરવાના આરોપો છે. ■

# ૫૪ લાખ મતદારોની ખોટી રીતે બાદબાકી થઈઃ મમતા

નવી દિલ્હીઃ રાજ્યમાં હાલ ચાલી રહેલા મતદારયાદીના સ્પેશ્યલ ઈન્ટેન્સિવ રિવિઝવ 'સર' દરમિયાન ચૂંટણી પંચે ડ્રાફ્ટ મતદારયાદીમાંથી ૫૪ લાખ નામની બાદબાકી કરી દીધી હોવાનો આક્ષેપ પશ્ચિમ બંગાળના મુખ્ય પ્રધાન મમતા બેનરજીએ મંગળવારે કર્યો હતો.

પત્રકારોને સંબોધન કરતાં મમતાએ દાવો કર્યો હતો કે ઈલેક્ટરોલ રજિસ્ટ્રેશન ઑફિસર્સ (ઈઆરઓ)ની સત્તાનો દુરુપયોગ કરીને આ નામોની બાદબાકી કરવામાં આવી છે જેને કારણે સાચા મતદારોને અસર થઈ હોવાનો તેમણે દાવો કર્યો હતો.

મતદારયાદીમાંથી બાકાત કરવામાં આવેલાં નામોમાં અનેક કાયદેસર મતદારોનો સમાવેશ થાય છે જેમના નામની 'સર' પ્રક્રિયા દરમિયાન ખોટી રીતે બાદબાકી કરવામાં આવી હોવાનું તેમણે કહ્યું હતું.

તેમણે આક્ષેપ કર્યો હતો કે જેમના નામની બાદબાકી કરવામાં આવી છે તેમાંનાં અનેકને કઈ ભૂમિકાને આધારે તેમનું નામ દૂર કરવામાં આવ્યું છે તેનું કારણ પણ જણાવવામાં આવ્યું નથી. આ કારણે અસરગ્રસ્ત લોકોને આ નિર્ણયને પડકારવાની કે પ્રતિક્રિયા આપવાની તક પણ નથી મળી.

તેમણે આક્ષેપ કર્યો હતો કે ભાજપ અને ચૂંટણી પંચ સાથે મળીને અંતિમ મતદારયાદીમાંથી વધુ એક કરોડ નામની બાદબાકી કરવાની યોજના બનાવી રહ્યા હતા.

'સર'ની કવાયત અંગે વિવાદ જાગ્યા બાદ સોમવારે મમતાએ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમારને પાંચમો પત્ર લખ્યો હતો. (એજન્સી)■

કવર સ્ટોરી_નિલેશ વાઘેલા
feedback@bombaysamachar.com



# કન્ટ્રોલ ક્રિપ્ટો કરન્સી પર

## બેકાબૂ બિટકોઈનને અંકુશમાં લેવાની કવાયત

ક્રિપ્ટો કરન્સીમાં બેફામ સટ્ટો થાય છે અને તેના ભાવમાં પણ ભળતી જ આસમાની સુલતાની જોવા મળે છે. આમ છતાં સામાન્ય રિટેલ રોકાણકારો અને સામાન્ય ગૃહિણીઓ પણ ઝડપથી પૈસા કમાવાની લાલચમાં ક્રિપ્ટોના સટ્ટામાં ઝંપલાવી રહી હોવાનું જોવા મળે છે.

આ જોખમો ધ્યાનમાં લેતા ખાસ કરીને ભારતીય રિઝર્વ બેન્કે આ કરન્સીને સત્તાવાર માન્યતા આપી નથી અને સરકારે તેના પર કરવેરા જરૂર લાદ્યા છે, પરંતુ તેને સત્તાવાર ઘોષિત કરી નથી. આ ઉપરાંત, ક્રિપ્ટોનો ઉપયોગ હવાલા માટે થતો હોવાની આશંકાઓ વચ્ચે સર્વોચ્ચ અદાલતે સરકારને ક્રિપ્ટો સંદર્ભે સત્તાવાર સ્પષ્ટતા કરવા સૂચના આપી હતી.

આ વાતને જોકે કેટલાંક વર્ષો થઇ ગયા, પરંતુ સરકારે હવે ક્રિપ્ટો ટ્રેડિંગ માટે પાંચ કડક નિયમો જાહેર કર્યા છે. આવો જાણીએ કે આ નિયમો આભાસી ચલણના દુરુપયોગને અંકુશમાં લેવામાં નિયમનકારી સંસ્થાઓને માટે કઇ રીતે ઉપયોગી નિવડશે!

**ક્રિપ્ટો ટ્રેડિંગ એલર્ટ:** ભારતમાં બિટકોઇન અને ક્રિપ્ટોનો વેપાર કરનારાઓ માટે સરકારે નાણાં મંત્રાલય હેઠળના ફાઇનાન્શિયલ ઇન્ટેલિજેન્સ યુનિટના નિર્દેશો હેઠળ કડક નિયમો જાહેર કર્યા છે. નવા ફેરફાર અનુસાર હવે લોકેશન ટ્રેકિંગ, લાઇવ સેલ્ફી કેવાયસી, વીપીએન પર પ્રતિબંધ, ભંડોળના સ્રોત વિશેની માહિતી અને લાભાર્થીઓની વિગતો હવે ફરજિયાત રહેશે.

આ નિયમોનું ઉલ્લંઘન કરનારાઓના એકાઉન્ટ ફ્રીઝ થઈ શકે છે. ભારતમાં બિટકોઇન અથવા ક્રિપ્ટો કરન્સીમાં ટ્રેડિંગ કરનારાઓએ હવે આ નિયમો પાળવાના રહેશે. સરકાર અને ફાઇનાન્સિયલ ઇન્ટેલિજન્સ યુનિટ (એફઆઇયુ-ઇન્ડ)એ ભારતમાં બિટકોઇન, ઇથેરિયમ (ઇટીએચ) અથવા અન્ય કોઈપણ ક્રિપ્ટો કરન્સીમાં રોકાણ કરનારાઓ માટે ઉપરોક્ત કડક નિયમો લાગુ કર્યા છે.

મની લોન્ડરિંગ અને ઓનલાઈન છેતરપિંડી જેવી ઘટનાઓ અટકાવવા માટે દેશમાં ક્રિપ્ટો એક્સચેન્જોને અંકુશ હેઠળ લાવવા માટે આ નિયમો લાગુ કરવામાં આવ્યા છે. સરવાળે કોઈપણ ભારતીય એક્સચેન્જ અથવા ભારતમાં નોંધાયેલા કોઈપણ વિદેશી એક્સચેન્જ પર ટ્રેડિંગ હવે પહેલા જેટલું સરળ નથી રહેવાનું.

**લોકેશન ટ્રેકિંગ:** સૌથી મોટો અને મહત્ત્વનો ફેરફાર લોકેશન સંબંધિત છે. હવે, જ્યારે પણ તમે ક્રિપ્ટો એપમાં લોગ ઇન કરશો, ત્યારે એપ તમારા લાઇવ લોકેશનની ઍક્સેસ માગશે. જો તમે લોકેશન એક્સેસ (આઇપી ઍડ્રેસ) નહીં આપો અથવા આઇપી ઍડ્રેસ ભારતની બહારનું મળી આવે, તો તમારું એકાઉન્ટ ફ્રીઝ થઈ શકે છે. સરકારનો ઉદ્દેશ્ય એ સુનિશ્ચિત કરવાનો છે કે વપરાશકર્તાઓ ભારતીય નિયમોનું પાલન કરે.

**લાઈવ સેલ્ફી:** ફક્ત આધાર કાર્ડ અથવા પેન કાર્ડ અપલોડ કરવું હવે પર્યાપ્ત નથી. કેવાયસી વધુ કડક કરવામાં આવ્યું છે, હવેથી લાઈવનેસ ચેક ફરજિયાત બની ગયું છે. હવે તમારે એપ પર લાઈવ સેલ્ફી લેવાની જરૂર પડશે અને ક્યારેક વીડિયો વેરિફિકેશન આપવાની જરૂર પડી શકે છે. આ પગલું નકલી એકાઉન્ટ બંધ કરવા માટે લેવામાં આવ્યું છે.

**વીપીએન ઉપયોગ પર પ્રતિબંધ:** વેપારીઓ ઘણીવાર તેમની ઓળખ છુપાવવા માટે વીપીએન (વર્ચ્યુઅલ પ્રાઇવેટ નેટવર્ક)નો ઉપયોગ કરે છે. નવા નિયમો અનુસાર, જો સિસ્ટમને ખબર પડે કે તમે વીપીએનનો ઉપયોગ કરી રહ્યા છો, તો એક્સચેન્જને તાત્કાલિક તમારા વ્યવહારને અવરોધિત કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.

**ભંડોળનો સ્રોત:** જો તમે ચોક્કસ થ્રેશોલ્ડ (દા.ત., રૂ.૫૦,૦૦૦ કે તેથી વધુ)થી વધુ ભંડોળનું રોકાણ કરો છો, તો તમારે ભંડોળનો સ્રોત જાહેર કરવો આવશ્યક છે. આ માટે એક્સચેન્જ તમારી પાસેથી બેંક સ્ટેટમેન્ટ અથવા પગાર સ્લિપની વિનંતી કરી શકે છે.

**બેનિફિશિઅરીની માહિતી:** ક્રિપ્ટો ટ્રાન્સફર સંદર્ભે ટ્રાવેલ રૂલ્સનો કડક અમલ કરવામાં આવશે. જો તમે તમારા વોલેટમાંથી બીજા કોઈના વોલેટમાં ક્રિપ્ટો મોકલી રહ્યા છો, તો તમારે એક્સચેન્જને રિસિવરનું નામ, સરનામું અને વોલેટની વિગતો આપવી પડશે. સંપૂર્ણ માહિતી વિના, વ્યવહાર નિષ્ફળ જશે.

**શું ભારતમાં બિટકોઇન માઇનિંગ કાયદેસર છે?**

ભારતમાં ક્રિપ્ટો ટ્રેડિંગ કાયદેસર છે, પરંતુ તે કડક નિયમોને આધીન છે. સરકાર ક્રિપ્ટો કરન્સીને મિલકત (વીડીએ) તરીકે ગણે છે, જે કાનૂની ટેન્ડર નથી, પરંતુ તેના પર કરવેરા અને ડીડીએસ સહિતના કમ્પ્લાયન્સ લાગુ થાય છે.

સરળ ભાષામાં ક્રિપ્ટોકરન્સીને વર્ચ્યુઅલ ડિજિટલ એસેટ્સ (વીપીએન) ગણવામાં આવે છે. તમે કાયદેસર રીતે તેમાં ખરીદી, વેચાણ, હોલ્ડિંગ અને ઇન્વેસ્ટમેન્ટ કરી શકો છો, પરંતુ તે કાયદેસર ટેન્ડર એટલે કે ચલણ નથી. ભારતમાં વર્તમાન ક્રિપ્ટો ટેક્સ નિયમો હેઠળ, ક્રિપ્ટોના વેચાણ અથવા ટ્રાન્સફરથી થતા નફા પર ૩૦ ટકાના દરે કર લાદવામાં આવે છે. ૨૦૨૬થી, ક્રિપ્ટોકરન્સીને આવકવેરા કાયદા, ૧૯૬૧ હેઠળ વર્ચ્યુઅલ ડિજિટલ એસેટ્સ (વીડીએ) તરીકે કાયદેસર રીતે વ્યાખ્યાયિત કરવામાં આવી છે. આનાથી ભારતમાં ક્રિપ્ટો કરન્સી રાખવી, ખરીદવી અને વેચવી કાયદેસર બને છે. જો કે, ક્રિપ્ટો કરન્સીનો ઉપયોગ ચલણ તરીકે થઈ શકતો નથી.

**ભારતમાં બિટકોઈન ટ્રેડિંગ હવાલા ટ્રેડિંગનું નવું સ્વરૂપ હોવાની આશંકા:** સુપ્રીમ કોર્ટે લગભગ આઠ મહિના પહેલા ક્રિપ્ટો કરન્સી નિયમન પ્રણાલીના અભાવ પર ખેદ વ્યક્ત કર્યો હતો. સુપ્રીમ કોર્ટે એવી ટિપ્પણી કરી હતી કે, ભારતમાં બિટકોઈન ટ્રેડિંગ હવાલા ટ્રેડિંગના નવા સ્વરૂપ સાથે વ્યવહાર કરવા જેવું છે. કોર્ટે ખેદ વ્યક્ત કર્યો હતો કે કેન્દ્ર સરકારે હજુ સુધી ક્રિપ્ટો કરન્સીને નિયંત્રિત કરવા માટે કોઈ સિસ્ટમ સ્થાપિત કરી નથી. ન્યાયાધીશ સૂર્યકાંત અને એન. કોટિશ્વર સિંહની બેન્ચે નોંધ્યું હતું કે કોર્ટે બે વર્ષ પહેલાં કેન્દ્ર સરકારને ક્રિપ્ટો કરન્સી ટ્રેડિંગ અંગેની તેની નીતિ વિશે કોર્ટને જાણ કરવા કહ્યું હતું, પરંતુ કોઈ જવાબ મળ્યો નથી.

ગેરકાયદેસર બિટકોઈન ટ્રેડિંગ માટે ધરપકડ કરાયેલા એક વ્યક્તિની જામીન અરજીની સુનાવણી કરતી વખતે સુપ્રીમ કોર્ટે આ અવલોકન કર્યું હતું. ૨૫ ફેબ્રુઆરી, ૨૦૨૨ના રોજ, સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર પાસે જવાબ માગ્યો હતો, કે શું ક્રિપ્ટો કરન્સી ટ્રેડિંગને નિયંત્રિત કરવા માટે કોઈ કાયદો છે? કોર્ટ બિટકોઈન ટ્રેડિંગ અને ઉચ્ચ વળતરનું વચન આપીને દેશભરમાં રોકાણકારો સાથે છેતરપિંડી કરવાના આરોપસર એક વ્યક્તિ સામે દાખલ કરાયેલી અનેક એફઆઇઆર રદ કરવા સંબંધિત કેસની સુનાવણી કરી રહી હતી.

હાલ જ્યારે ભૂ-રાજકીય તંગદિલી રોજ વધતી જાય છે અને તેને કારણે એકતરફ ઇક્વિટી માર્કેટમાં જબરદસ્ત ધોવાણ થઇ રહ્યું છે અને બીજી તરફ સોનાચાંદી તેમ જ કોમોડિટીમાં દાઝી જવાય એવી તેજી ભભૂકતી જાય છે ત્યારે ક્રિપ્ટો તરફ વધી રહેલા પ્રવાહને જોતા સરકારે આખરે આ બાબતને ગંભીર લઇને નિયમો ઘડ્યા છે. હવે તેની ક્રિપ્ટોના ટ્રેડિંગ પર કેવી અસર પડે છે, તે જોવી રહી! ■

પ્રાસંગિક__અમૂલ દવે
feedback@bombaysamachar.com

# ઈરાનમાં સતત હિંસક વિરોધ પ્રદર્શનો વધી રહ્યાં છે...

## આના કારણે ત્રીજા વિશ્વ યુદ્ધની આશંકા વધી રહી છે

ઈરાનના રસ્તાઓ અત્યારે લોહી, આંસુ વત્તા આક્રોશથી ખરડાયેલા છે. કેટલાંક અઠવાડિયાથી ચાલી રહેલા તીવ્ર વિરોધ પ્રદર્શનોએ હવે લોહિયાળ વળાંક લીધો છે.

અત્યાર સુધીમાં ૨૦૦થી વધુ દેખાવકારો સરકારી દમનનો ભોગ બનીને જીવ ગુમાવી ચૂક્યા છે. ઈરાની રિયાલના મૂલ્યમાં થયેલા ઐતિહાસિક ઘટાડા અને આકાશને આંબતી મોંઘવારીએ સામાન્ય જનતાને મરવા અથવા લડવા માટે મજબૂર કરી દીધી છે. જોકે આ માત્ર એક આંતરિક બળવો નથી. તે તો એક મોટા વૈશ્વિક યુદ્ધની પ્રસ્તાવના જેવું જણાય છે. આ અસ્થિરતા પાછળ આર્થિક પીડા જેટલો જ મોટો ભાગ આંતરરાષ્ટ્રીય રાજનીતિ અને ઊર્જા સંસાધનો પરના વર્ચસ્વનો છે.

ઇતિહાસ સાક્ષી છે કે જ્યાં તેલ છે, ત્યાં પશ્ચિમી દેશોના હિતો હંમેશાં ટકરાયા છે. પશ્ચિમી વિશ્લેષકો માને છે કે અમેરિકા ઈરાનમાં લોકશાહી સ્થાપવાના નામે હસ્તક્ષેપ કરીને ત્યાંના વિશાળ તેલના ભંડારો પર નિયંત્રણ મેળવવા માગે છે. ઈરાન પાસે દુનિયાનો ચોથો સૌથી મોટો તેલનો ભંડાર છે. જે રીતે અમેરિકાએ ભૂતકાળમાં ઈરાકમાં સદ્દામ હુસૈન અને વેનેઝુએલામાં નિકોલસ માદુરો સામેની કાર્યવાહી પાછળ ઊર્જા સુરક્ષાનો છુપો એજન્ડા રાખ્યો હતો તેમ ઈરાનમાં પણ 'શાસન પરિવર્તન' દ્વારા પોતાના આર્થિક હિતો સાધવાનો પ્રયાસ થઈ રહ્યો હોવાના આરોપો લાગી રહ્યા છે.

આપણામાં એક કહેવત છે: 'લોભે લક્ષણ જાય'. અમેરિકાની આ ઊર્જા ભૂખ સમગ્ર પશ્ચિમ એશિયાને રાખમાં ફેરવી શકે છે. ઈરાન પર લાદવામાં આવેલા આર્થિક પ્રતિબંધોએ ત્યાંની જનતાની કમર તોડી નાખી છે, જેના કારણે બેરોજગારી અને ગરીબીમાં ભયાનક ઉછાળો આવ્યો છે.

ઈરાન અને ઇઝરાયલ વચ્ચેનો સીધો મિસાઈલ જંગ હવે ખુલ્લેઆમ મેદાનમાં આવ્યો છે. ઈઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ વારંવાર ચેતવણી આપી છે કે એ ઈરાનને કોઈપણ સંજોગોમાં પરમાણુ શક્તિ બનવા દેશે નહીં. આ તણાવ વચ્ચે ઈરાનના સર્વોચ્ચ નેતા આયતુલ્લા અલી ખામેનીના વરિષ્ઠ સલાહકાર કમાલ ખરાઝીએ આપેલું નિવેદન આખા વિશ્વ



ઈરાનમાં ખામેની વિરુદ્ધ પ્રદર્શન

માટે ચિંતાનો વિષય બન્યું છે. ખરાઝીએ સ્પષ્ટપણે દાવો કર્યો છે કે ઈરાન પાસે પરમાણુ બોમ્બ બનાવવાની તમામ ટેકનિકલ ક્ષમતા અને સામગ્રી ઉપલબ્ધ છે. જો ઈરાનની પ્રાદેશિક અખંડિતતા કે સાર્વભૌમત્વ પર કોઈ ખતરો આવશે તો ઈરાન પોતાની સંરક્ષણ નીતિ બદલીને પરમાણુ પરીક્ષણ કરતા પણ અચકાશે નહીં...!

આ પરિસ્થિતિમાં અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પની આક્રમક નીતિએ બળતામાં ઘી હોમવાનું કામ કર્યું છે. ટ્રમ્પે સ્પષ્ટ કર્યું છે કે જો ઈરાની સૈન્ય પ્રદર્શનકારીઓ પર ગોળીબાર કરવાનું બંધ નહીં કરે, તો અમેરિકા ઈરાનના સૈન્ય અને તેલના મથકો પર સીધો હવાઈ હુમલો કરશે. ટ્રમ્પની આ 'મેક્સિમમ પ્રેશર' નીતિ ઈરાનને યુદ્ધ માટે ઉશ્કેરી રહી છે. જોકે ઈરાનમાં પરિસ્થિતિ ઝડપથી બદલાતી જાય છે. હાલમાં તહેરાનમાં ખામેની તરફી મોટું પ્રદર્શન યોજાયું હતું. ટ્રમ્પે દાવો કર્યો છે કે ઈરાન અમારી જોડે વાત કરવા માગે છે અને અમે વાતચીત પહેલાં પણ ઈરાન પર હુમલો કરી શકીએ. જોકે હકીકત એ છે કે પેન્ટાગોન અને સંરક્ષણ નિષ્ણાતોએ ઈરાન પર તૈયારી વિના હુમલો કરવા સામે ટ્રમ્પને ચેતવણી આપી છે.

બીજી તરફ, રશિયા અને ચીન આ લડાઈમાં ઈરાનની પડખે ઉભા છે. રશિયા પોતે અમેરિકા દ્વારા તેનાં વહાણો અને સંપત્તિઓ જપ્ત કરવાથી ક્રોધિત છે. જવાબમાં રશિયાએ ઈરાનને અત્યાધુનિક હથિયારો, મિસાઈલ સિસ્ટમ્સ અને ફાઈટર જેટ્સ પૂરા પાડવા માટે અનેક કાર્ગો વિમાનો તેહરાન મોકલ્યા છે. આ વૈશ્વિક ધ્રુવીકરણ એ સંકેત આપે છે કે જો અમેરિકા ઈરાન પર હુમલો કરશે, તો તે માત્ર બે દેશ વચ્ચેનો જંગ નહીં રહે, પરંતુ ત્રીજા વિશ્વ યુદ્ધની શરૂઆત સાબિત થશે.

ઈરાની સત્તાવાળાનો દાવો છે કે આ વિરોધ પ્રદર્શનો કુદરતી નથી, પરંતુ મોસાદ અને સીઆઈએ દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવ્યા છે. અમેરિકામાં વસતા ઈરાનના ક્રાઉન પ્રિન્સ રેઝા પહલવી આ સમયે કેન્દ્રસ્થાને છે. પશ્ચિમી મીડિયા તેમને ઈરાનના મુક્તિદાતા તરીકે રજૂ કરી રહ્યું છે, જ્યારે ઈરાની શાસન તેમને અમેરિકાના 'કઠપૂતળી' તરીકે જુએ છે. રેઝા પહલવીએ પ્રદર્શનકારીઓને સમર્થન આપીને ઈરાનમાં લોકશાહીના નવા સ્વરૂપ માટે હાકલ કરી છે, જેનાથી ઈરાનનું આંતરિક વાતાવરણ વધુ ગંભીર બન્યું છે. અહીં આપણી અન્ય એક ગુજરાતી કહેવત સાર્થક થાય છે: 'ઘરના છોકરા ઘંટી ચાટે અને પાડોશીને આટો'. ઈરાનની સામાન્ય જનતા ભૂખમરો અને બેરોજગારીમાં પીસાઈ રહી છે, જ્યારે વિશ્વની મોટી સત્તાઓ તેમના દુ:ખનો ઉપયોગ પોતાના રાજકીય અને આર્થિક ફાયદા માટે કરી રહી છે.

પરિસ્થિતિનું ઊંડું વિશ્લેષણ કરતા જણાય છે કે જો યુદ્ધ ફાટી નીકળશે તો તેની અસર સૌથી વધુ સામાન્ય જનતા પર પડશે. ઈરાન પર હુમલો થવાની સ્થિતિમાં તે ઈઝરાયેલ પર હજારો મિસાઈલોનો મારો ચલાવી શકે છે, જે સમગ્ર મધ્ય પૂર્વને અસ્થિર કરી દેશે. આ સંઘર્ષને કારણે વૈશ્વિક તેલના ભાવમાં મોટો ઉછાળો આવી શકે છે, જે ભારત સહિતના વિકાસશીલ દેશોની અર્થવ્યવસ્થાને ખેદાન-મેદાન કરી નાખશે. ત્રીજા વિશ્વ યુદ્ધની આશંકા હવે માત્ર કલ્પના નથી, પરંતુ બહુ ઝડપથી એક નરી વાસ્તવિકતા બની રહી છે. સંયુક્ત રાષ્ટ્રસંઘે હવે માત્ર નિવેદનો છોડીને સક્રિય રીતે મેદાનમાં આવવું પડશે. જો શાંતિપૂર્ણ વાટાઘાટો દ્વારા રસ્તો નહીં નીકળે, તો ૨૧મી સદીનું સૌથી ભયાનક યુદ્ધ આપણી સામે હશે. તમામ પક્ષોએ અત્યારે સંયમ રાખવાની જરૂર છે, કારણ કે યુદ્ધમાં કોઈ જીતતું નથી, માત્ર માનવતા હારે છે. ■

### અત્યારની પરિસ્થિતિ જો વધુ કથળે તો ભારત પર સંભવિત અસર...

**મોંઘવારીનો માર:** ભારત તેની જરૂરિયાતનું ૮૦% થી વધુ તેલ આયાત કરે છે. જો હોર્મુઝની સામુદ્રધુની (Strait of Hormuz) બ્લોક થાય, તો ભારતમાં પેટ્રોલ-ડીઝલના ભાવ આસમાને પહોંચશે, જેનાથી સામાન્ય મોંઘવારી વધશે.

**ચાબહાર પોર્ટ પ્રોજેક્ટ:** ભારત માટે વ્યૂહાત્મક રીતે મહત્ત્વનું 'ચાબહાર બંદર' જોખમમાં આવી શકે છે, જે અફઘાનિસ્તાન અને મધ્ય એશિયા સાથેના ભારતના વેપારનો મુખ્ય માર્ગ છે.

**ભારતીય સમુદાય:** ઈરાન અને પડોશી અખાતી દેશોમાં લાખો ભારતીયો વસે છે. યુદ્ધની સ્થિતિમાં તેમની સુરક્ષા અને વતન વાપસી ભારત માટે મોટો પડકાર બની જશે.


**રાજદ્વારી સંતુલન:** ભારત માટે અમેરિકા-ઈઝરાયેલ અને ઈરાન-રશિયા વચ્ચે સંતુલન જાળવવું મુશ્કેલ બનશે.

# આ તો સ્કેમ છે...

# બનાવટી ખાતા નં. ૨૯૭૦ થકી બદનામીનો કારસો થયો ફ્લોપ




પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com



વિશ્વનાથ પ્રતાપસિંહ



અજય સિંહ

**તદ્દન** બનાવટી અને બદઈરાદા પ્રેરિત સેંટ કિટ્સ કૌભાંડ જો વર્તમાન સમયમાં બહાર આવ્યું હોત તો વ્હોટસએપ, ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, એકસ વગેરે પર વી.પી. સિંહ ઍન્ડ સન કેવા-કેટલાં ટ્રોલ થયા હોત? એમાંય રાજકારણ પ્રાયોજિત ટ્રોલિયા ગેંગે તો કેવો ભયંકર ઉત્પાત મચાવ્યો હોત એની કલ્પના થઈ શકે છે.

જોકે એ સમયે લાંબી-લાંબી આક્ષેપબાજી, અદાલતબાજી વચ્ચે આ ગંદી રમતના બે મુખ્ય પાત્ર સૌની નજર વચ્ચેથી એકદમ અદ્રશ્ય થઈ ગયા. આ બે નામ હતા. લેરી જે. કોલ (Larry J. Kolb) અને જ્યોર્જ મેકલિન (George Mclean) આ બેઉંના નામોલ્લેખ પહેલીવાર આવ્યો એટલે તેમના વિશે થોડુંક જાણી લઈએ. લેરી કોલ ભેદી અમેરિકન ફિક્સર હતો, જે શસ્ત્રોનાં સોદાગરો સાથે કડી ધરાવતો હતો. આ માણસ ન જાણે ક્યારે ક્યાં અદ્રશ્ય થઈ ગયો કે એને ક્યારેય પ્રત્યાર્પણ કરીને ભારત લાવી ન શકાયો.

જ્યોર્જ મેકલિનનો દોષ કે ગુનો મોટો અને એકદમ ગંભીર હતો. સેંટ કિટ્સ બૅંક સાથે સંકળાયેલા આ જ્યોર્જે જ સેંટ કિટ્સ સ્થિત ફર્સ્ટ ટ્રસ્ટ કોર્પોરેશન બૅન્કમાં વી.પી. સિંહના દીકરા અજેય સિંહને નામે બનાવટી બૅન્ક એકાઉન્ટ નંબર ૨૯૭૦નો ખેલ પાડનારો અસલી ખેલાડી હતો. આ મહાશયને પણ અદાલત દ્વારા નિર્દોષ જાહેર કરાયો હતો! એની સામેના આરોપો આધારવિહોણા મનાયા હતા. પત્યું? હવે કેસમાં કંઈ રહ્યું ખરું?

અસ્તિત્વ ન ધરાવતા અને બનાવટથી ઊભા કરાયેલા વિદેશી બૅન્ક ખાતાના વિવાદમાં મહત્ત્વનાં પાત્રો, કડી, પુરાવા અને સાબિતી ગાયબ થઈ ગયા. આ સંજોગોમાં બનાવટી સ્કુપ જાહેર થયાના આઠ વર્ષ બાદ છેક ૧૯૯૭ની ૨૮મી જુલાઈમાં કેસનો અદાલતી ખટલો શરૂ થયો ત્યારે તપાસ કરવાં માટે ભાગ્યે જ કંઈ બચ્યું હતું. અને છતાં તપાસ ધીરે-ધીરે ઢસડાતી રહે, છેક સાત વર્ષ સુધી.

અને ૨૦૦૪ની ચોથી એપ્રિલે ફરિયાદી પક્ષે પોતાની તરફથી પુરાવા રજૂ કરવાની કાર્યવાહી પૂરી કરી હતી. ઑગસ્ટમાં ચંદ્રાસ્વામીએ દાવો કર્યો: રાજીવ ગાંધી અને નરસિંહ રાવ સાથેની નિકટતાને લીધે મને બલિનો બકરો બનાવાયો છે. બાકી, હું તો સાવ નિર્દોષ છું. એ ઑગસ્ટની ૩૧મી તારીખે કેન્સરને લીધે અન્ય આરોપી મામાજી ફાની દુનિયા છોડી ગયા.

હવે બચ્યું કોણ? ચંદ્રાસ્વામી. અને ૨૦૦૪ની ૨૫મી ઑક્ટોબરે વિશેષ ન્યાયમૂર્તિ દિનેશ દયાલના ચુકાદામાં ગૉડમેન પણ નિર્દોષ જાહેર થઈ ગયા. અલબત્ત, અદાલતે સ્પષ્ટ શબ્દોમાં સ્વીકાર્યું કે ફોર્જરી-બનાવટ ચોક્કસ કરાઈ જ છે, જેનો ઈરાદો અજેય સિંહનું વિદેશી બૅન્કમાં ખાતું હોવાનું સાબિત કરવાનો હતો, પરંતુ આ બનાવટ કોણે કરી એ સાબિત કરવામાં ફરિયાદી પક્ષ સફળ નિવડ્યો નથી.

આ મામલામાં સી.બી.આઈ.ની હાલત કેવી થઈ? ફોર્જરીમાં ચંદ્રાસ્વામી સંડોવણીના પુરાવા ન આપી શકી. કેસના ચાવીરૂપ સાક્ષીમાં નાંદી અને મેકમિલનની જીવનની ફાઈલ કાયમ માટે બંધ થઈ ચુકી હતી, તો કોલ હતો લાપતા.

કોર્ટમાંથી નિર્દોષ છૂટીને બહાર નીકળતી વખતે ચંદ્રાસ્વામીએ મીડિયાને કહ્યું કે સત્યમેવ જયતે. પણ રૂા. ૭૦ કરોડની રકમ ધરાવતો બૅન્ક એકાઉન્ટ બનાવટી હતો. કોઈકે અચૂક બદમાશી-ફોર્જરી કરી બનાવટી દસ્તાવેજો જાહેર કરીને. અપરાધ થયો પણ અપરાધી ન પકડાયા અને કોઈને ક્યારેય સજા ન થઈ.

રાજકારણમાં યોગ્ય સમયે જુઠ્ઠાણાથી કોઈને કેવી રીતે બદનામ કરી શકાય એનું ઉદાહરણ બનીને રહી ગયું. સેંટ કિટ્સ સ્કૅમ કલ્પના કરી જુઓ કે પોતાના વેપાર-ધંધાના કારણસર પણ અજેય સિંહનું કોઈ વિદેશી બૅન્કમાં ખાતું હોત અને એમાં પાંચ-દસ હજાર રૂપરડી ખરેખર હોત તો?

સદ્ભાગ્યે વિશ્વનાથ પ્રતાપસિંહ કાયમ અડગ અને મક્કમ રહ્યા. ચુકાદા બાદ તેઓ બોલ્યા કે આ મારી વિરુદ્ધનું કાવતરું હતું અને સમયે મને સાચો પુરવાર કર્યો. સદ્ભાગ્યે આ રાજકીય છેતરપિંડીની પ્રજા પર અસર ન થઈ, નહિતર દેશને ક્યારેય વી.પી.સિંહ વડા પ્રધાન તરીકે ન મળ્યા હોત.

આપણે યાદ રાખવું પડે કે બધા એક્સક્લુઝિવ, બ્રેકિંગ ન્યૂઝ કે સનસનાટી, કાયમ સમાચાર કે સચ્ચાઈ નથી હોતા. એ બૅન્કનું ખાતા નંબર ૨૯૭૦ પણ હોઈ શકે. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી henry.shastri@bombaysamachar.com

## વેલ્થની સતામણી નહીં, વાળની છેતરપિંડી



આજકાલ સાત ફેરા ફર્યાને સાત મહિના ન થયા હોય ત્યાં સુધીમાં સાતસો વાંધાવચકા પડે અને વાત કોર્ટ કચેરીએ પહોંચી ડિવોર્સનો કેસ ફાઈલ થાય એની નવાઈ નથી રહી. છૂટાછેડા માટેનાં કારણોમાં કૌટુંબિક વાતાવરણ - સાસરિયાની સતામણી કે પછી પૈસાની પળોજણ મુખ્યત્વે જોવા મળતી હોય છે. જોકે, ઉત્તર પ્રદેશના નોઈડા વિસ્તારમાં પત્નીએ પતિ અને સાસરિયાં વિરુદ્ધ કરેલી ફરિયાદ જાણ્યા પછી ટીકુ તલસાણિયાની સ્ટાઈલમાં ‘યે ક્યા હો રહા હૈ’ એમ બૂમ પાડવાનું તમને મન થઈ શકે છે. અરમાનોની ઈમારત ચણી પ્રભુતામાં પગલાં માંડ્યા પછી પત્નીને ખબર પડી છે કે એની સાથે છેતરપિંડી કરવામાં આવી છે. મોટેભાગે આવા મામલામાં કેશ (વેલ્થ) કેન્દ્રમાં હોય છે, પણ અહીં મામલો કેશ (વાળ)નો હતો. ફરિયાદમાં શ્રીમતીએ વિલાપ કર્યો છે કે લગ્ન વખતે સાસરા પક્ષ તરફથી પતિના બાહ્ય દેખાવ, શિક્ષણ અને આર્થિક પરિસ્થિતિ જેવી આજના સમયની ટોપ ત્રણ બાબત પર ઢાંકપિછોડો કરી આભાસી ચિત્ર રજૂ કરવામાં આવ્યું હતું. વિગતો અનુસાર માથે ઘટા ઘનઘોર ઉમેદવારની કન્યાને ખાતરી આપવામાં આવી હતી, પણ પછી વિગ નીકળી ગઈ અને જાણ થઈ કે માથા પર તો નાનકડા અને છૂટાછવાયા ઘાસના તણખલા જ છે. વાત આટલે નથી અટકતી. બાયોડેટામાં વરરાજાની શૈક્ષણિક લાયકાત બી.કોમ. ડિગ્રી દર્શાવવામાં આવી હતી, પણ હકીકત એ છે કે ભાઈ બારમું માંડ પાસ છે. એટલું જ નહીં, મુરતિયાની વાર્ષિક આવક ૧૮ લાખ રૂપિયા હોવાનો દાવો પણ પોકળ સાબિત થયો છે. આ સિવાય પણ બીજા આરોપ કરવામાં આવ્યા છે. અલબત્ત પોલીસ આ ત્રણ આરોપને ગંભીરતાથી લેશે કે કેમ એ અટકળનો વિષય છે.

## પહાડ જેવી મુસીબત - દરિયા જેવું દિલ



રાઈનો પહાડ કરવાનો માણસ સ્વભાવ હોય છે એ વાત સાચી, પણ વિપદા, મુસીબત કે તકલીફ સામે માણસને ક્યારેક નજીવી - સામાન્ય લાગે, પણ જેને માથે આવી પડી હોય એને ક્યારેક એ પહાડ જેવી મહાકાય લાગી શકે છે. એવી જ રીતે નાનકડી મદદ કે દયાભાવ મેળવનારને દરિયા જેવા અગાધ લાગી શકે છે. દિલ્હીનો પ્રસંગ એનો પુરાવો છે. દિલ્હીમાં એક મહાશયે નિર્ધારિત સ્થળે પહોંચવા ફોનની ઍપથી રિક્ષા તો કરી, પણ પછી ખ્યાલ આવ્યો કે ખિસ્સામાં પાંચ પૈસા પણ નથી. જોકે, ક્યૂઆર કોડથી પેમેન્ટ કરી શકાશે એની ધરપત હતી. મજા તો એ વાતની થઈ કે રિક્ષામાંથી ઊતરતી વખતે ખ્યાલ આવ્યો કે બેટરી ડાઉન હોવાથી ફોન બંધ થઈ ગયો છે. હવે કરવું શું? કડકડતી ઠંડીમાં મહાશયે રિક્ષાવાળાને સમજાવ્યું કે મારો ફોન બંધ થઈ ગયો છે અને હું ઘરેથી પૈસા લાવી ચૂકવી દઉં છું. સામાન્યપણે આવી પરિસ્થિતિમાં રિક્ષાવાળા રોષે ભરાઈ બૂમાબૂમ કરતા હોય છે, ઉતારુ ગાયબ થઈ જશે એવો ભય એમને સતાવતો હોય છે, પણ દિલ્હીના રિક્ષાવાળાએ તો ઉતારુ મહાશયના ખભે પ્રેમથી હાથ મૂક્યો અને સાંત્વન આપતા સ્વરે જણાવ્યું કે ‘અરે કોઈ નહીં ભાઈ, (કશો વાંધો નહીં મારા ભાઈ). તમે ઠંડીમાં ધ્રૂજી રહ્યા છો, થાકેલા લાગો છો, ઘરે જઈ આરામ કરો’. અને મુસાફર મહાશય નામ પૂછે કે એનો નંબર નોટ કરે એ પહેલા તો રિક્ષાવાળાએ મારી મૂકી. દિલ્હીની હવામાં પ્રદૂષણે માઝા મૂકી છે, પણ દિલ્હીવાસીઓના દિલમાં તો નિર્મળ દયાભાવ - અનુકંપા જોવા મળી રહ્યા છે.

## મકરસંક્રાંતિનું ‘હમ નહીં ગિરેંગે’ દહીં



આજે ૧૪ જાન્યુઆરી. મકરસંક્રાતિનો દિવસ અને મુખ્ય તો પતંગ ચગાવવાનો, પેચ લડાવવાનો, કાયપો છે ના શોરગુલનો, તલ - મમરા - શીંગની ચીકી અને ઊંધિયું ઝાપટવાનો તહેવાર. સાથે સાથે બિહારમાં દહીં - ચૂડા ખાવાનો પણ મહિમા. દહીં - ચૂડા એટલે પૌઆ, દહીં, ગોળ, ફ્રૂટ અને કાજુ - બદામ ઉમેરી ઝાપટવાની મજાની ડિશ. બિહારના નીતીશ બાબુ રાજકારણમાં વારે ઘડીએ પલટી મારવા માટે ખ્યાતિ ધરાવે છે, પણ મકાઈના ઉત્પાદન માટે જાણીતા બિહારના ખગડિયા જિલ્લાના દહીંની ખ્યાતિ નીતીશ બાબુ કરતા વિપરીત છે. સામાન્યપણે દહીં જમાવવાની આવડત કે ઈજારો સ્ત્રીનો હોય છે, પણ ખગડિયાના એક વડીલ દહીં એવું આબાદ જમાવે છે કે ભરેલું માટલું ઊંધું કરો તો પણ એક ટીપું દહીં જમીનદોસ્ત ન થાય. પાલો યાદવ નામના ચાચા વર્ષોથી પારંપરિક રીતે દહીં જમાવતા આવ્યા છે. પહેલા દૂધ ઉકાળે, પછી ચોક્કસ માત્રામાં મેળવણ ઉમેરે અને આખી રાત ઠંડકવાળી જગ્યામાં રાખવાથી સવારે દહીં એવું જામી ગયું હોય કે ‘આ દહીં નથી, પથ્થર છે’ એવું પણ કેટલાક લોકો હસતા હસતા કહેતા હોય છે. અલબત્ત અહીં પથ્થરની ઉપમા શિરપાવ છે, ટીકા નહીં. આ દહીં ગમછામાં બાંધી લઈ જવાનો રિવાજ જૂનો છે, કારણ કે એક ટીપું નહીં પડે એની ૧૦૦ ટકા ગેરંટી હોય છે. બિહારના અનેક ઠેકાણેથી યાદવના પથ્થર દહીં માટે ઓર્ડર આવે છે.

## ઊલટી ગંગાઃ વીડિયો ગેમ્સ રમવા શાળા છોડાવી





ટેકનોલોજી મનુષ્ય જીવનમાં એ હદે છવાઈ ગઈ છે કે બાળક આંગણામાં કે મેદાનમાં રમત રમતા શીખે એ પહેલા મોબાઈલ - કમ્પ્યુટર પર વીડિયો ગેમ્સ રમતા શીખી જાય છે. હાથ - પગ ચલાવી શરીરને વ્યાયામ આપતી રમતો પહેલા હાથના આંગળી - અંગૂઠાના ટેરવાથી રમાતી ગેમ્સનો બંધાણી બની જાય છે. પરિવાર - સમાજ અને હવે તો ઓસ્ટ્રેલિયા, ફ્રાન્સ સહિત કેટલાક દેશોએ તો સ્માર્ટફોનના વપરાશ અંગે બાળકો પર પ્રતિબંધ મૂકતો કાયદો જ ઘડી કાઢ્યો છે. વેણીભાઈ પુરોહિત પ્રેમીની લાગણીઓ માટે લખી ગયા છે કે ‘તારી આંખનો અફીણી, તારા બોલનો બંધાણી’ પણ બાળકો સ્માર્ટફોનના બંધાણી બને એનો વ્યાપક વિરોધ છે. જોકે, જાપાનના એક યુગલે ઊલટી ગંગા વહેતી હોય એવું પગલું ભર્યું છે. ૧૩ વર્ષનો દીકરો વ્યવસાયિક ધોરણે વીડિયો ગેમ્સ રમવા પર ધ્યાન કેન્દ્રિત કરી શકે એ માટે માતાપિતાએ એને નિયમિત શાળા શિક્ષણમાંથી ઉઠાવી લેવાનો અજબ દુનિયાનો ગજબ નિર્ણય લીધો છે. દીકરો ટારો ત્રણ વર્ષની ઉંમરથી જ વીડિયો ગેમ્સ રમવા લાગ્યો હતો. શોખનું રૂપાંતર લગનીમાં થયું અને એ પાંચ વર્ષનો થયો ત્યાં સુધીમાં તો બાપા કરતા નિપુણ થઈ ગયો. શાળાના બીજા ધોરણમાં આવ્યો ત્યારે તો એ પ્રોફેશનલ ખેલાડીઓને નિયમિતપણે મહાત કરવા લાગ્યો હતો. સંતાનની કુશળતા ધ્યાનમાં આવતા પેરન્ટ્સે ૨૦૨૦માં દીકરાની સ્વતંત્ર યુ ટ્યૂબ ચેનલ શરૂ કરી અને આજની તારીખમાં એના સવા બે લાખ સબસ્ક્રાઈબર છે. આ જ ચેનલ પર ટારોએ ઈ - સ્પોર્ટ્સ પર ફોકસ કરવા અને વીડિયો ગેમ્સના વર્લ્ડ કપમાં પાત્ર ઠરવા સ્કૂલ એજ્યુકેશનને બાય બાય કરવાનો નિર્ણય જાહેર કર્યો હતો. મોટાભાગના પેરન્ટ્સએ જીવનમાં સફળતા હાંસલ કરવા શાળા શિક્ષણની આવશ્યકતા પર જોર આપી બાળકને સમજાવવાની કોશિશ ચોક્કસ કરી હોત. જોકે, શિક્ષણ છોડવાનું જોખમ જાણતા હોવા છતાં સંતાનનું શમણું સાકાર કરવા માતાપિતા સહમત થયા છે. આ નિર્ણય યોગ્ય કે અયોગ્ય એ તો આવનારો સમય જ કહેશે.

## લ્યો કરો વાત!

*ઊંઘની સપનાંની દુનિયા અને જાગૃત અવસ્થાની દુનિયામાં ઘણી વાર આસમાન જમીનનો ફરક હોય છે. ઊંઘમાં બાદશાહી ભોગવતા હોઈએ પણ જાગ્યા પછી બે ટંક ભોજનના પણ ફાંફાં હોય એ વાસ્તવિકતા હોય. ૩૩ વર્ષના અમેરિકન ગૃહસ્થ સ્ટીફન ચેઝને એક ચમત્કારિક અનુભવ થયો છે. શાળા અભ્યાસ દરમિયાન સ્ટીફનને સ્પેનિશ શીખતી વખતે તકલીફ પડતી હતી. એકથી દસની સંખ્યા અને કેટલાક શબ્દો - વાક્યો માંડ બોલી શકતો હતો. જોકે, તાજેતરમાં સર્જરી થયા પછી સ્ટીફન ભાઈ કડકડાટ સ્પેનિશ બોલવા લાગ્યા જેની એમને પોતાને પણ નવાઈ લાગી. ફોરેન લેન્ગવેજ સિન્ડ્રોમ તરીકે ઓળખાતી બીમારી ૧૯૦૭માં પહેલી વાર ધ્યાનમાં આવી હતી અને ૧૧૮ વર્ષમાં આશરે ૧૦૦ કેસ નોંધાયા છે. મગજ પર માર વાગવો, મગજમાં ગાંઠ થવી કે પછી જનરલ એનેસ્થેસિયા આપ્યા પછી દરદી આ સિન્ડ્રોમથી પીડાતો હોવાનું જાણવા મળ્યું છે. આ વખતે સ્ટીફન ભાઈ એનેસ્થેસિયાની અસરમાંથી મુક્ત થયા અને સ્પેનિશ બોલવા લાગ્યા એનું અચરજ થઈ રહ્યું છે.* ■

શરદ જોશી સ્પીકિંગ ___ સંજય છેલ
feedback@bombaysamachar.com

# અપના દેશ મજબૂત માંગતા...




**તમે** ઘણીવાર નેતાઓનાં ભાષણોમાં સાંભળતા હશો કે, ‘આપણો દેશ મજબૂત હોવો જોઈએ!’ હવે આ દેશ ક્યાંથી અને કઈ બાબતમાં મજબૂત હોવો જોઈએ એ વાતને લઈને કોઈ પાસે કોઇ જ ઠોસ વિચાર સ્પષ્ટ નથી... તો મજબૂત થવાની પ્રક્રિયામામાં શું શું કરવું એ પ્રાથમિકતાઓ નક્કી કરવામાં આવી છે, જેમ કે, ‘પહેલા શું મજબૂત કરવું પડશે?’ એવું લાગે છે કે બસ, ગમે તે થઈ જાય, બધું જ મજબૂત થવા દો, પણ મજબૂત થવાની પ્રક્રિયા દરમિયાન કેટલીક એવી બાબત છે, જે પરંપરા સાથે મજબૂત રીતે ચાલતી આવી રહી છે અને એ નબળી પડવા માંડી છે. ત્યારે એક બીજું વાક્ય સાંભળવા મળે છે કે, ‘કમજોર નહીં થાવ!’ આમ જાણ્યા - સમજ્યા વગર સાંભળવાનું કે ક્યાં શું થવાનું છે? આપણે તો માત્ર એટલું જાણીએ છીએ કે આપણે નબળા નથી પડવાનું અને મજબૂત થવાનું છે.

ચાલો, માની લઈએ કે દેશની તાકાતના સંદર્ભમાં સેનાની મજબૂતી અને આર્થિક મજબૂતી સૌથી જરૂરી છે, પણ દેશમાં અંદર અંદર જે લડાઈઓ ચાલતી રહે છે એના સંદર્ભમાં ભાષણમાં કહેવામાં આવશે કે- ‘આપણી એકતા મજબૂત હોવી જોઈએ!’ અથવા તો પછી એવું કે ‘એકતા માટે સરકાર મજબૂત હોવી જોઈએ!’ પણ જેવી સરકાર મજબૂત થાય કે બધે ત્રાહિમામ થવા માંડે છે અને આર્થિક ક્ષેત્રના વિકાસમાં ગડબડ થવા માંડે છે. જ્યાં સુધી આર્થિક સ્થિતિ મજબૂત નહીં થાય ત્યાં સુધી સેના કેવી રીતે મજબૂત થશે? અને એ પણ કે સરકારની મજબૂતી લોકશાહીના સ્વભાવ પર આધાર રાખે છે. એટલા માટે પાછું એવું પણ કહેવાય છે કે લોકશાહી મજબૂત હોવી જોઈએ!

સારું છે કે આવું બધું બોલવા કે વિચારવાવાળા લોકો સદભાગ્યે બહુ ઊંડાણથી નથી વિચારતા, નહીંતર તો સૌ પાગલ થઈ જાય કે આ દેશમાં પહેલા શું મજબૂત હોવું જોઈએ? એમાંથી મોટાભાગના નેતાઓ, પોતાના પક્ષને મજબૂત કરવામાં અને પક્ષથી પણ વધારે પોતાની ખુરશીને મજબૂત કરવામાં વ્યસ્ત રહેતા હોય છે. એમના જીવનની ફિલોસોફી જ એ છે કે અમારો પક્ષ ચૂંટણીમાં જીતતો રહે અને અમે અમારા પદ પર ટકી રહીએ તો સમજો બધું મજબૂત છે!

જો આ બધી ચર્ચાઓથી દૂર થવું હોય અને પછી પણ મજબૂતીની વાતો કરવી અને નિવેદનો અપાતાં હોય તો ખરેખર તો મુખ્ય વાત એ છે કે તમે એ સવાલ ઉઠાવો કે પહેલાં કેન્દ્ર મજબૂત હોવું જોઈએ કે રાજ્ય મજબૂત હોવું જોઈએ? વર્ષોથી આ જ ચર્ચા ચાલી રહી છે અને ક્યારેય કોઈ પરિણામ પર રાષ્ટ્ર પહોંચી નથી શક્યું! પણ મજબૂતી પર ચર્ચા, મજબૂતીથી ચાલે રાખે છે. રાષ્ટ્રને મજબૂત કરતાં પહેલાં એ બાબત નક્કી કરવી પડશે કે રાષ્ટ્રનો કયો ભાગ મજબૂત હોવો જોઈએ- કેન્દ્ર કે રાજ્ય?

આ રીતની ચર્ચાનો આગામી વિસ્તાર રાજ્યોમાં થવો જોઈએ કે પહેલાં શું મજબૂત બનાવીએ? રાજ્યનું પાટનગર મજબૂત હોવું જોઈએ કે રાજ્યના જિલ્લા? ભોપાલ મજબૂત હોવું જોઈએ કે રતલામ જિલ્લો? અને તમે જ કહો કે રતલામ મજબૂત કેમ ન હોવું જોઈએ?

એક જીવતા જાગતા, નોર્મલ જીવન જીવનારા માણસને એ સવાલ પૂછવો જોઈએ કે, ‘શું સાહેબ? તમે તમારી ખોપરી મજબૂત રાખવાનું પસંદ કરશો કે હાથ-પગ? કે પછી તમારું દિલ?’ પછી ખબર નથી એ બિચારો શું જવાબ આપશે? જો એ કમજોર શરીરનો હશે તો કહેશે- કંઈ પણ મજબૂત કરી દો ભાઇ, પણ કરી આપો એટલે તમારી મહેરબાની થશે!

એ જ રીતે દેશનો કોઈ પણ સામાન્ય માણસ કહેશે કે કેન્દ્ર, રાજ્ય, લોકશાહી, એકતા, આર્થિક પરિસ્થિતિ, ગમે તેને પણ મજબૂત કરી શકો તો કરો, પણ ઝટ કરો! ■

ઔર યે મૌસમ હંસીં...
દેવલ શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# શિયાળોઃ રોમાન્સ ઉજવવાની ભરપૂર મોસમ


પ્રતીકાત્મક તસવીર

**આપણી** સંસ્કૃતિમાં ઋતુઓને ખાસ મહત્ત્વ આપવામાં આવ્યું છે. આપણી કથાઓ, ભોજનની લુફ્ત, ફેશન, ઉત્સવો, પ્રણાલિઓમાં ઋતુઓ જ ભાગ ભજવે છે. આપણા પ્રાચીન ગ્રંથોથી માંડીને આધુનિક સાહિત્ય અને સિનેમા સુધી ઋતુઓનું વર્ણન કરવું એ એક કળા છે. તેમાં પણ શિયાળો એવી ઋતુ છે જેને રોમાંટિક અને સુંદરતાના પ્રતીક તરીકે દર્શાવવામાં આવી છે.

મહાન કાલિદાસ ‘ઋતુસંહાર’માં છ ઋતુનું વર્ણન કરે છે. આ અદ્‌ભુત કાવ્યમાં શિયાળાને હેમંત મીન્સ શિયાળાની શરૂઆત અને પછી કડકડતી ઠંડીનો ઉત્સવ એટલે શિશિરને ઉજવવા જેવો છે.

ઋતુસંહારની હેમંત ઋતુ એટલે પ્રેમ અને રોમાન્સની નજાકત કહી શકાય. શિયાળો અને પ્રેમનું જોડાણ પ્રાચીન સમયથી છે. કાલીદાસ કથન મુજબ હેમંત ઋતુમાં ઠંડીના આરંભમાં પ્રેમીઓ એકબીજામાં ખોવાઈ જાય છે અને તેમના મિલન પછીના દાંતના નિશાન અને ઉઝરડાનું વર્ણન છે, હેમંત ઋતુમાં શિયાળાની ઠંડી કરતાં પ્રેમની ગરમાહટ વધુ છે. આમ તો વિશ્વના દરેક ખૂણે શિયાળો પ્રેમની ઋતુ તરીકે જોવાય છે. દુનિયાભરમાં ક્રિસમસ વેકેશનમાં પાર્ટનર સાથે વધુ સમય વિતાવતા હોવાના અભ્યાસ થયા છે.

શિશિરમાં શિયાળો વધુ કઠોર બને છે. કાલિદાસ તેને એવી ઋતુ તરીકે વર્ણવે છે જ્યાં લોકો ઘરમાં રહેવાનું પસંદ કરે છે. પ્રેમીઓ પ્રેમમાં મગ્ન થાય છે; બીજા દિવસે સ્ત્રીઓના વાળ તાજા ધોવાયેલા, ચહેરા સુશોભિત અને પ્રેમના ચિહ્નો શરીર પર જોવા મળે છે. પ્રેમ અને રોમાન્સ આમ તો કોઈ પણ ઋતુમાં હોઈ શકે છે, પરંતુ શિયાળામાં રોમાન્સની અલગ મજા હોય છે. ઠંડીના માહોલમાં તાપણું સળગાવીને બેઠા હોય, હળવું સંગીત ચાલતું હોય અને હાથમાં કોફીનો કપ હોય આ દરેકનું સ્વપ્ન છે. ઠંડી વધતી જાય અને એક જ કંબલ છે એમાં એકબીજાને સ્પર્શીને બેઠા હોય ત્યારે સ્વર્ગની અનુભૂતિ ધરતી પર થવા લાગે છે. આ ભલે સિનેમેટિક કલ્પના છે પણ આ આનંદ કોને નથી ગમતો? સરવાળે શિયાળો આવે ત્યારે ફક્ત હવા જ ઠંડી થતી નથી, પરંતુ દિલમાં એક અજબની ગરમાહટ જાગે છે. આ ઋતુ માત્ર બરફ અને ધુમ્મસ કે ફરિયાદો કરવા માટે નથી, પરંતુ આ સીઝનમાં પ્રેમનું સૌથી ગાઢ કેન્વાસ બનાવી શકાય છે, જ્યાં હૂંફ, રોમાન્સ અને સેક્સનાં તત્ત્વો એકબીજા સાથે વીંટળાઈ અવનવા રંગો પેદા કરે છે.

સિનેમાએ શિયાળાના બ્લ્યુ કલરને અનેરી રીતે પ્રસ્તુત કર્યો છે. જે દ્રશ્યમાં બ્લ્યુ કલરનો ભરપૂર ઉપયોગ થાય એટલે દર્શક સમજી જાય કે વાત શિયાળાના રોમાન્સની ચાલે છે, બ્લ્યુ કલરની સાડી, શર્ટ, બ્લ્યુ બરફનો શેડ બ્લુ કલરનો ઉપયોગ શિયાળાને રોમેન્ટિક અને વિઝ્યુઅલી આકર્ષક બનાવે છે. તે કુદરતી રિયલિઝમ, સાયકોલોજિકલ ઇફેક્ટ અને આર્ટિસ્ટિક ચોઇસનું મિશ્રણ છે, જ્યાં ફક્ત રોમાન્સ છે. આપણી ફિલ્મોમાં શિયાળો વધુ રોમેન્ટિક અને ગીત-સંગીતના સીન્સમાં વપરાય છે, જ્યારે પશ્ચિમીમાં તે વૈવિધ્યપૂર્ણ અને રિયલિસ્ટિક છે. બોલિવૂડમાં શિયાળો પ્રેમ અને ઉત્સવ સાથે જોડાયેલો છે, પરંતુ પશ્ચિમીમાં તે માણસની એકલતા અને સંઘર્ષને દર્શાવે છે.

જો કે પશ્ચિમમાં પણ શિયાળાના રોમાન્સ પર જાતજાતના અભ્યાસ થયા છે. પુરુષો શિયાળામાં મહિલાઓના શરીરને વધુ આકર્ષક માને છે અને ટેસ્ટોસ્ટેરોન ઓક્ટોબર-નવેમ્બરમાં પીક પર હોય છે, જે સેક્સ્યુઅલ ડિઝાયર વધારે છે. પરિણામે યુએસ અને યુકેમાં જન્મદરો જુલાઈ-સપ્ટેમ્બરમાં સૌથી વધુ હોય છે, ઠંડા વેધરમાં વધુ ઇન્ટિમેટ થનારાઓમાં ૭૭% લોકો માને છે કે તેમનું શિયાળાનું સેક્સ અન્ય ઋતુઓ કરતાં વધુ સારું હોય છે. કુછ સમજે?

આમ તો પશ્ચિમની દુનિયા શિયાળાને કફિંગ સીઝન તરીકે ઓળખે છે. શિયાળામાં એટલે કે લગભગ ઓક્ટોબરથી ફેબ્રુઆરી સુધીના આ સમયે વ્યક્તિ અને એમાંય ખાસ કરીને સિંગલ વ્યક્તિઓ શોર્ટ-ટર્મ રિલેશનશિપ અથવા કમ્પેનિયનશિપ શોધે છે. સિમ્પલ ભાષામાં કહીએ તો પાર્ટનર શોધે છે, આ ટર્મને કફિંગ મીન્સ હાથકડી પરથી આવ્યો છે, જેનો અર્થ થાય છે કે વ્યક્તિને શિયાળા દરમિયાન પાર્ટનર સાથે બંધાઈ જવા માંગે છે, કારણ ઠંડીમાં એકલતા વધુ અનુભવાય છે અને સપોર્ટની જરૂર પડે છે. મનોવૈજ્ઞાનિકો એવું માને છે કે શિયાળામાં એકલતા અનુભવતી વ્યક્તિના વર્તણૂકમાં ફેરફાર આવતો હોય છે. પશ્ચિમમાં આ સમયે વેકેશન હોવાથી સાથે ફરવા રખડવા એક સાથીની ઊણપ વર્તાય છે.

ભારત જેવા સામાજિક તાણાવાણા ધરાવતા દેશમાં કફિંગ સીઝનની ખાસ અસર નથી. આપણો શિયાળો અતિશય ઠંડો નથી, શિયાળો એકલતાને બદલે ઉત્સવો અને સમુદાય સાથે જોડાયેલો છે. અને હા, આપણે ક્લાસિક પ્રજાતિ એવી ગુજરાતી શિયાળાને પ્રેમ કરવામાં, સોરી શિયાળામાં પ્રેમ કરવાની રીતને કોઇ ના પહોંચે બધા સુખોને સોરી, બધા શાકને ભેગા કરીને દુનિયા કરતાં ઊંધું કરવા માટે જાણીતી પ્રજાતિ મસ્ત મજાનું ઊંધિયુ ખાશે અને કોકની પતંગ કાપવાની મજા માણશે

પશ્ચિમી ફિલોસોફીમાં શિયાળો અને રોમાન્સનું જોડાણ સીધું સાદું નથી, જાતજાતની ફિલોસોફીઓ લખી છે. આમ પણ ત્યાં ઠંડી કાતિલ હોવાથી અલગ રીતે વિચારતા હશે. ત્યાં ઠંડી સંઘર્ષ છે અને આપણી ઠંડી રોમાન્સ છે.

આપણે ગુજરાતીઓ ખાણીપીણીના શોખ સાથે બોનફાયર આસપાસ બેસીને જાતજાતની વાર્તાઓ કહેવી, ગરમ ચા પીવી અને પરિવાર સાથે સમય વિતાવવો છે પણ આપણે શિયાળામાં ય ગાજરનો હલવો, મેથીના થેપલા, બાજરીના રોટલા સાથે ખાટી કે મીઠી કઢી અને પાલક, મેથી અથવા તુવેરનું શાક હોય. આ ભોજનમાં સોશ્યલ મીડિયામાં ચાલતી રિલ્સ મુજબ કફને કેવી રીતે સંતુલિત કરે છે એની ચર્ચાઓ કરીને જલસા જલસા પડી જાય. ■

**ધ એન્ડ :**

***પ્રેમ વગરનો સેક્સ ફક્ત એક સ્વસ્થ કસરત હોય છે. (રોબર્ટ હેનલેન)***

કચ્છી ચોવક ___ કિશોર વ્યાસ
kishor.vyas@bombaysamachar.com

# મહેમાન કોને કહેવાય...

**ઘણીવાર** આપણે પણ કોઈના મહેમાન બનતા હોઈએ છીએ અને આપણે ત્યાં પણ મહેમાન આવતાં હોય છે. પણ, મહેમાન કોને કહેવાય? એ દર્શાવતી ચોવક છેઃ ‘હિકડા! વિગર નોંતરયા નેં બ્યા કિરીયાતા બોરા’ જોકે આ ચોવક વણનોતર્યા મહેમાન માટે છે. એક તો વણનોતર્યા હોય અને વળી મહેમાનગતિની અપેક્ષા વધારે પડતી રાખતા હોય! ‘વિગર નોંતરયા’ એટલે વણનોતર્યા અને ‘કિરીયાતા’નો અર્થ થાય છેઃ અપેક્ષા વાળા. એની સાથે ‘બોરા’ ઉમેરો એટલે વધારે અપેક્ષાવાળા.

પણ, મિત્રો જેમ શોભતું હોય તેમ જ શોભે. આ રહી મહેમાન કેવાં હોવાં જોઈએ તે સમજાવતી ચોવકઃ ‘હિકડો ડીં મેંમાણ, બે ડીં મઈ, ત્રયો ડીં ખમોં ત અટો વિંજે વઈ’ એક દિવસ કોઈને ત્યાં રોકાઈએં તો સાચા મહેમાન ગણાઈએં. બે દિવસ રોકાઈએં તો યજમાનની મહેમાનગતિમાં ઉણપ આવે, અને જો ત્રણ દિવસ રોકાઈ જઈએં તો ભોજનમાં પણ ઊણપ વર્તાય! ‘મેંમાણ’ એટલે મહેમાન. ‘મઈ’નો ભાવાર્થ છે, મહેમાનની ઉતરતી કક્ષા, ‘ખમોં’નો ગુજરાતીમાં અર્થ થાય છે ‘રોકાવું’ ‘ખચવું’. ‘અટો’ એટલે લોટ, ‘વિંજે’ એટલે ‘જાય’ અને ‘વઈ’નો અર્થ થાય છે ઓછો થતો જાય! ટૂંકમાં ઉપરોક્ત બન્ને ચોવકો એમ કહેવા માગે છે કે, દરેક બાબત તેની મર્યાદામાં જ શોભા દે!

ઘણી વખત લોકો બહુ વધારે પડતી આશામાં જીવતા હોય છે. ત્યારે કહેવાય છે કેઃ ‘અણકમાઉ નેં ઉનાં પાણી’ કમાણી કાણી કોડીની ન હોય પણ અપેક્ષાઓ આકાશને આંબતી હોય છે. ‘અણ કમાઉ’ એટલે કંઈ ન કમાતા, ‘ઉનાં પાણી’નો અર્થ થાય છે ‘ઊંડાં પાણી’!

આપણને ઘણી વખત અનુભવ થતો હોય છે કે, ઘણાને વાંકું બોલવાની જ આદત હોય છે. ગુજરાતીમાં એક કહેવતનો પ્રયોગ થતો જોવા મળે છે કે ‘દૂધમાંથી ફોરાં (પોરાં) કાઢવાં!’ વાંકું બોલનારાના શબ્દોમાં વ્યંગ તો જાણે તેમના વ્યંજનમાં જ વણાઈ ગયો હોય છે! તેવા લોકો માટે કચ્છીમાં એક સરસ ચોવક છેઃ ‘કંધ મિંજા કુછણું’ બહુ મર્મસ્પર્શી ચોવક છે. ‘કંધ’ એટલે કાંધ, ‘મિંજા’ એટલે માંથી અને કુછણુનો અર્થ થાય છે બોલવું. તમે વિચારો કોઈ કાંધમાંથી બોલી શકે ખરું? પણ એ વાંકું બોલનારાઓ માટે વપરાય છે.

વ્યક્તિ કે વસ્તુની ગુણવત્તા કે તેના ગુણ દર્શાવવા માટે એક સુંદર ચોવક છેઃ ‘ઓરત રાકડીને સોપારી વાંકડી’ ચોવકના દર્શાવ્યા મુજબ ‘રાંક’ સ્ત્રી હોવી એ તેનો ગુણ છે અને સોપારી ખાનારા ‘વાંકડી’ સોપારી જ પસંદ કરે છે. હવે આ બે બાબતોની ખોટ સ્ત્રી અને સોપારીમાં જોવા મળે ત્યારે સમાજ એમ કહે કે, ‘કાં વટ ડીયે મેં નાંય, કાં તેલ તરે મેં નાંય’ મતલબ કે કાંતો દીવામાં વાટ નથી ને કાં તો દીવાના તળિયામાં તેલ નથી! નહીં તો દીવો જરૂર પ્રગટે! ગુણહીન સ્ત્રી અને પૌરુષ્યહીન પુરુષ માટે આ ચોવક પ્રચલિત હોય તેવું જણાય છે.

દુનિયામાં, આપણા સમાજમાં દરેક વ્યક્તિ સમજદાર જ હોય છે, અપવાદ પણ હોઈ શકે પરંતુ બધા બુદ્ધુ તો નથી જ હોતા. એ કહેવા માટે એક લાજવાબ ચોવક છેઃ ‘ધુનીયાં મેં મિડે અન્ન ખેંતા, ઘા કો નતો ખાય’ ચોવકનો શબ્દાર્થ છેઃ દુનિયામાં બધા જ અનાજ ખાય છે કોઈ ઘાસ નથી ખાતું. ‘ઘા’ એટલે ઘાસ. ‘કો’ એટલે કોઈ ભાવાર્થ એવો હોઈ શકે કે, સમજદારીનું પ્રમાણ વિષયવાર ઓછું કે વધુ હોઈ શકે અને સમજદારીની પણ મર્યાદા હોઈ શકે! ■

## સિક્કાની ત્રીજી બાજુ

_જયવંત પંડ્યા
feedback@bombaysamachar.com

# એકબીજાના પતંગ કાપી નાખવાની ‘રમત’માં મશગૂલ છે અનેક દેશ...

- વેનેઝુએલાના રાષ્ટ્રપ્રમુખનો પતંગ કાપી લીધા પછી ટ્રમ્પ દાદા ભુરાટા થયા છે. હવે ગ્રીનલેન્ડ નામના પતંગ પર એમનો ડોળો છે...
- વિશ્વમાં અત્યારે અનેક દેશો વચ્ચે અને અનેક દેશોની અંદર મોટા પાયે હિંસક પેચ લડાવાઈ રહ્યા છે.

આજે ઉત્તરાયણ છે. અમેરિકાએ વેનેઝુએલાની અંદર જઈને તેના રાષ્ટ્રપ્રમુખ નિકોલસ માદુરોનો પતંગ ઝૂંટવી લીધો. આવી દાદાગીરીભરી ચેષ્ટાથી સમગ્ર વિશ્વ અમેરિકાના બાહુબળ આગળ નતમસ્તક છે. સ્તબ્ધ છે.

અમેરિકાએ વિશ્વભરમાં એવો માંઝો બિછાવેલો છે કે તેને તોડવો કોઈ પણ દેશ માટે અઘરો છે. એક તો અમેરિકા સૈન્ય અને આર્થિક રીતે મહાસત્તા છે, એની સાથે તેની પાસે પરમાણુ શક્તિ છે. ત્રીજું, તેની પાસે ‘નાટો’ અર્થાત્ ઉત્તર એટલાન્ટિક સંધિ હેઠળ ૩૨ દેશોનું પીઠબળ છે. અમેરિકા પર કોઈ પણ દેશ આક્રમણ કરે તો આ ૩૧ દેશો અમેરિકા સાથે મળીને તે દેશ પર તૂટી પડે. ચોથું, તે ઇરાન હોય કે બાંગ્લાદેશ, પાકિસ્તાન હોય કે સીરિયા, દરેક દેશમાં આંતરિક વિદ્રોહ વિગ્રહ કરાવીને પ્રતિકૂળ શાસકોને ઊથલાવવાનું સામર્થ્ય ધરાવે છે. તેની પાસે મીડિયા, હોલિવૂડની, ઑસ્કાર-નોબેલ-મેગ્સેસે-પુલિત્ઝર, જેવાં પારિતોષિકો, હાર્વર્ડ વિશ્વ વિદ્યાલય, બીજા દેશોમાં સળીઓ કરતી એનજીઓ વગેરેનો સોફ્ટ પાવર પણ છે.

આની સામે બ્રિક્સ, એસસીઓ, આસિયાન વગેરે અનેક સંગઠનો હોવા છતાં રશિયા, ચીન, ભારત, ઈરાને મૂંગામંતર બનીને અમેરિકાને પતંગ કાપતા, લૂંટતા જોવા સિવાય કંઈ કરવાનું નથી. તેમની વચ્ચે એકતા નથી. ઉલટું, તેઓ અંદરોઅંદર પેચ લડાવ્યા કરે છે. અમેરિકાએ તેમને અંદરોઅંદર પેચ લડાવતા રાખ્યા છે અને આ દેશોના વડાઓ પણ પોતાના દેશની અંદર પ્રભુત્વ બતાવવા અમેરિકાના બદલે પડોશી દેશોની સામે આંખના ડોળા બતાવ્યા કરે છે.

બીજી તરફ, એક વાર દેશો વચ્ચે (અથવા રાષ્ટ્રપ્રમુખો વચ્ચે) કડવાશ, ખટાશ, તીખાશ એવા મોઢાં બગાડે તેવા સ્વાદ આવી જાય એટલે યુદ્ધ અવશ્યંભાવિ થઈ જાય છે. ઘણી વાર ચૂંટણી જીતવા પણ થતું હોય છે. અમેરિકામાં હવે મધ્યવર્તી ચૂંટણી આવવાની છે.

વેનેઝુએલાનો પતંગ કાપી લીધા પછી ટ્રમ્પભાઈને હવે ગ્રીનલેન્ડ નામનો પતંગ લૂટી લેવો છે, પરંતુ વેનેઝુએલા જેટલો આ કાચો દોરો નથી, કારણકે તે યુરોપે પાયેલો છે. સીરિયામાં પણ અમેરિકા આઈએસઆઈએસનાં સ્થાનો પર દોરીની ઘીચપીચ કરી હાથની ખંજવાળ મટાડે છે.



આંતરિક વિગ્રહનું એક દૃશ્ય

માત્ર અમેરિકાને જ બીજા દેશોના પતંગ કાપવાની રમત સૂઝી છે તેવું નથી. પાકિસ્તાનનો પતંગ ભારતીય સેનાના હાથે અનેક વાર કપાઈ ચૂક્યો છે તોય ભારત સાથે જ તેને પેચ લેવા છે. આ વખતે તેણે બાંગ્લાદેશને પણ વચ્ચે લંગર નાખવા ઉશ્કેર્યું છે. બાંગ્લાદેશમાં ભારત વિરોધી પ્રવૃત્તિઓ થાય છે. ભારતનું નાક, વિશેષ કરીને સત્તાધારી ભાજપનું નાક દબાવવા હિન્દુઓની હત્યાઓ, બળાત્કાર, ઘરને આગ વગેરે ઘટનાઓ થાય છે.

બીજી તરફ, પાકિસ્તાન પણ જમ્મુ-કાશ્મીર સીમાએ કંઈ ને કંઈ અળવીતરા કરે રાખે છે તો આ તરફ, ચીન પેંગોંગ તળાવ પાસે સૈન્ય માળખું નિર્માણ કરી રહ્યું છે તેવી ઉપગ્રહ દ્વારા ઝડપેલી છબિઓ સામે આવી છે.

આ બધા વચ્ચે ઇઝરાયલ અને હમાસ, ઇઝરાયલ અને હિઝબુલ્લા વચ્ચે બથંબથી ચાલુ જ છે ત્યાં હમાસના ત્રાસવાદી નેતાઓ પાકિસ્તાન સ્થિત લશ્કર-એ- તૈયબાના આતંકવાદીઓને મળવા આવી ગયા. હવે જે નવા-જૂની થાય તે ખરી. ઇઝરાયલે સામેથી ભારતને કહ્યું છે કે હમાસને ત્રાસવાદી સંગઠન જાહેર કરો... નાઇજીરિયામાં મુસ્લિમ સંગઠન ‘બોકો હરામ’ ખ્રિસ્તીઓને લક્ષ્ય બનાવી હિંસા કરે છે,

તેથી ટ્રમ્પ દાદાના નિશાન પર નાઇજીરિયા પણ છે. સુદાનમાં ૨૦૨૩થી ગૃહ યુદ્ધ ચાલી રહ્યું છે.

ઈરાનમાં કટ્ટરવાદી સર્વોચ્ચ નેતા અલી ખામેની વિરુદ્ધ લોકો વિદ્રોહ કરી રહ્યા છે. પોતાનો આગવો વિદ્રોહ વ્યકત કરવા ત્યાંની મહિલાઓ ખામેનીની તસવીર બાળીને તેમાંથી સિગારેટ સળગાવી રહી છે અને બુરખા ઉતારી ટૂંકાં કપડાંમાં વીડિયો શૂટ કરી રહી છે. ત્યાં આ આંતર વિગ્રહમાં સાડા પાંચસો જેટલા લોકોનાં મૃત્યુ પણ થઈ ચૂક્યાં છે

ઇતિહાસમાં પ્રથમ વાર સાઉદી અરેબિયા અને યુએઇ યમનમાં લડી રહેલાં જૂથોના મુદ્દે સામસામે આવ્યા છે. ત્યાં પહેલાં તો સાઉદી અરેબિયા અને યુએઇ ‘હમ સાથ સાથ હૈ’ વાળી સ્થિતિમાં હતા, પણ હવે ‘હમ આપ કે હૈ કૌન?’ વાળી સ્થિતિમાં છે. યુએઇ વિદ્રોહી જૂથ સાઉધર્ન ટ્રાન્સિશનલ કાઉન્સિલને ટેકો આપે છે. જ્યારે સાઉદી ત્યાં આંતરરાષ્ટ્રીય રીતે જે સરકારને માન્યતા મળી છે તેને ટેકો આપે છે. સાઉદીએ તાજેતરમાં યુએઇએ જ્યાં શસ્ત્રો સાથેનું જહાજ મોકલ્યું હતું તે મુકલ્લા પટનમ (બંદરગાહ) પર બોમ્બમારો કર્યો. આથી હવે સુન્ની દેશો વચ્ચેય તડાં પડ્યાં છે.

આપણે એ પણ ન ભૂલીએ કે યુક્રેઇન અને રશિયાએ તો શિંગડાં ભરાવેલાં જ છે ત્યાં ઉત્તર એટલાન્ટિકમાં રશિયાના

ઑઇલ જહાજને અમેરિકાએ પકડી લીધું. એક મોરચો અમેરિકા અને ફ્રાન્સ વચ્ચે પણ છે.

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ અને ફ્રાન્સના રાષ્ટ્રપ્રમુખ ઇમેન્યૂએલ મેક્રોં વચ્ચે જરાય બનતું નથી. તાજેતરમાં જ ટ્રમ્પે એવી મશ્કરી કરી કે જ્યારે અમેરિકાએ ફ્રાન્સને સીમા શુલ્કની ધમકી આપીને ઔષધિઓ (દવા)ના ભાવ ત્રણ ગણા વધારવા દબાણ કર્યું ત્યારે મેક્રોંએ ટ્રમ્પને યાચના કરી હતી કે ‘ડોનલ્ડ, હું તમને આજીજી કરું છું. હું દવાના ભાવ વધારી દઈશ પરંતુ આ વાત જનતાને નહીં કહેતા.’

આ બધાના લીધે ત્રીજા વિશ્વ યુદ્ધની ચર્ચા તો બહુ છે, પરંતુ શક્યતા ઓછી છે. અમેરિકાની સાથે ઇઝરાયલ પણ છે. આ બંનેનો માંઝો પાકો છે. વળી, અમેરિકા સાથે અન્ય ત્રીસ દેશોની ‘નાટો’ હેઠળ સંધિ છે. આથી અમેરિકા પર આક્રમણ એટલે યુરોપ પર આક્રમણ. એટલે વિશ્વએ તો મૂંગા મોંએ તાલ જ જોવાનો છે. ■

## સટાક સવાલ... ફટાક જવાબ

### રમૂજી સવાલના મનમોજી જવાબ

દર્શન ભાવસાર

શું મારવા છતાંય વાગતું નથી?
* આંખ-ફાંકો- ડંફાંસ

દશા અને દિશા ક્યારે બદલાય?
* સંબંધના ભરચક ટ્રાફિકમાંથી ટર્ન લો ત્યારે...

ગુલ અને ફૂલ કોણ ખીલવે?
* ગુલ મજનૂ ખીલવે અને ફૂલને માળી.

રવિ ના પહોંચે ત્યાં પહોંચે કવિ. પછી કવિ ક્યાં જતા હશે?
* કવિ સંમેલનમાં...અને પ્રકાશકને ત્યાં.

ગુસ્સાથી ચહેરો લાલ- પીળો થઈ જાય. બીજો રંગ કેમ નહીં?
* ટ્રાફિક સિગ્નલની જેમ કહે છે : થોભો...!

આજકાલ પાંવ જમીન પર નહીં હોતે....કવિ શું કહેવા માગે છે?
* એ જ કે પડોશણના પતિએ કવિને એવો ઠપકાર્યો છે કે બેઉ પગે પાટા આવ્યા છે!

જોર જુલમ અને જોરૂ જુલમમાં ફરક શું?
* એક જાહેરમાં અને બીજો ઘરમાં...

રાજયોગની જેમ રાણી યોગ મળે?
* કોઈને રાજ યોગ મળે પછી જ એને રાણી યોગ ફળે...

હવે ડિવોર્સ મોંઘા થઈ રહ્યા છે...
* આ અમસ્તી જ વાત કરો છો કે અંગત અનુભવ?

લગ્નની જેમ ડિવોર્સ વખતે વરે અણવર લઈ જવો પડે?
* ના, વકીલ લઈ જવા પડે...

પરીક્ષાની જેમ પ્રેમમાં એટીકેટી મળે તો?
* રિપીટર વધી જાય...

ભાગદોડ એટલે શું ?
* દોડીને ભાગી જાવ એ...

સંપેતરાં મોકલવામાં પેંતરો રચે એને શું કહેવાય?
* સંપેતરાંબાજ.

## તસવીરની આરપાર

__ભાટી એન.
feedback@bombaysamachar.com

# ...તો પ્રેમભર્યું જીવતર પતંગ થઈ જાય છે

૧૪મી જાન્યુઆરીને મકરસંક્રાંતિ’નો દિવસ પ્રસ્થાપિત કરવામાં આવેલ છે. સૂર્ય(ભાસ્કર) ને ઉર્દૂમાં ખુરશીદના નામે સૃષ્ટિમાં અનુપમ પ્રકાશનો ઉપહાર આવે છે. તેની મૂલ્યવાન નિઃસ્વાર્થ સેવા--ભાવ પ્રત્યે દરેક બંધુ-ભગિનીને ગુરુત્વાકર્ષણ રહે છે. તેના વિના સૃષ્ટિનું વીજળી તંત્રનું સંચાલન કોણ કરે? સૂરજનાં કિરણોની પ્રેમાળ હૂંફ સદીઓથો પ્રાણી માત્રને આપે છે, એક પાઈ લીધા વિના કે કોઈ વીજ બિલ આપ્યા વિના નોન સ્ટોપ પ્રકાશ આપે તેનું ઋણ આપણે કદી ચૂકવી ના શકીએ, પણ આજે મકરસંક્રાંતિનો પવિત્ર દિવસ છે, એટલે પતંગ ચગાવીશું ચીક્કી, શેરડી ખાશું અને મોજથી આકાશ સપ્તરંગી લાગશે. આજે સૂર્ય ઉપાસનાનો ઉત્તમ અવસર છે.

આમ જોઈએ તો સૂર્યની બાર સંક્રાંતિ વર્ષમાં આવે છે. ટોટલ ૧૨ રાશિ અને ૧૨ મહિનામાં સૂર્યદાદા દરેક મહિને એક રાશિમાંથી બીજી રાશિમાં મંગલ પ્રવેશ કરે તેને સંક્રાંતિ કહેવામાં આવે છે. ધનાક માસ (ધનુર્માસ)માં શુભકાર્યો કરવાની અનુમતિ સાંપડે છે. ૧૪ મી જાન્યુઆરીના દિવસે મકરસંકાંતિથી સૂરજ પૃથ્વીની પ્રદક્ષિણા કરવાની દિશા ચેન્જ કરે છે અને થોડી ઉત્તર તરફ ઢળીને ગતિમાન થાય છે. આ પ્રક્રિયા ૧૪મી જાન્યુઆરીથી ૫ મહિના સુધી રહે છે. આ બીનાને ઉતરાયણ જયોતિષશાસ્ત્ર માંડે છે. ધન રાશિમાંથી સૂરજ મકર રાશિમાં પ્રવેશે તે ચોક્કસ સમયને દાન પુણ્યકાળને ‘મકરસંક્રાંતિ’ કહે છે. હિન્દુ શાસ્ત્રોક વિધિમાં બારેય સંક્રાંતિમાં ‘મકર સંક્રાંતિ’ને અતી વિશેષ મહત્ત્વ છે. તે દા’ડે દાન-પૂન કરવામાં આવે તો અનેકાનેક ગણું પુણ્ય સાંપડે છે. આજથી શુભ કાર્યો શરૂ થાય છે, ત્યારે ગુજરાતનાં વિખ્યાત કવિ રમેશ પારેખની પતંગ પરની અદ્‌ભુત કવિતાનું પઠન કરીએ.

**કવિની ઉત્તરાણ...**

*દોર બાંધીને છોડ્યો છે મનનો ઉમંગ ઊડે આભે એ થઇને ઉત્તરાણની પતંગ,*
*હોય દોર હાથમાં ને હોય દોસ્ત સાથમાં તો તરત ઊડી પતંગ નભને લઇ લે બાથમાં.*
*પતંગ સંગ રંગરંગના લગાવી ફૂમતાં પતંગ તે મનુષ્યના નભે ઉમંગ ઘૂમતા કેટલા ખેલ્યા હતા તેં જંગ ? ખુદા પૂછશે તેં લૂંટયો’તો કેટલો ઉમંગ ? ખુદા પૂછશે.*
*કેટલી ઉત્તરાણમાં આભે ચડાવી’તી પતંગ ?*
*તેં જીવનમાં કોને વહેંચ્યા રંગ ? ખુદા પૂછશે,*
*પ્રેમ કોઈ માણસની સંગ થઇ જાય છે તો પ્રેમભર્યું જીવતર પતંગ થઈ જાય છે.*
*ઉમળકો ઊભરાતો હોય અંગઅંગ દોસ્ત હોય સંગ, હોય મનમાં ઉમંગ,*
*દોર જરા ઢીલો હોય, હોય જરા તંગ તો જ સડસડાટ આભ ચૂમશે પતંગ.*
*પ્રેમ અને મસ્તીનો સંગ થઇ જાય તો માણસનો ચહેરો પતંગ થઇ જાય,*
*કલેશ સાથે જંગનો છે રોકડો હિસાબ*
*હોંશ ને ઉમંગનો છે રોકડો હિસાબ*
*દિલની સંગ રંગનો છે રોકડો હિસાબ*
*દોર ને પતંગનો છે રોકડો હિસાબ*
*પતંગ રૂપે માણસની આકાશે ઊડતી ભાષા કે અમને છે રંગીન થઇને ઊડવાની અભિલાષા*
*પતંગ પર લખી એ પ્રશ્ન મોકલી રહ્યા અમે પ્રભુ! તને પતંગ આ રીતે ઉડાડવી ગમે?*

– રમેશ પારેખ ■

## ફન વર્લ્ડ

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

અંગ્રેજી - ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| PRAM | ટીખળ |
| PRAISE | બાબાગાડી |
| PRAY | કૂદકો |
| PRANK | વિનવણી |
| PRANCE | પ્રશંસા |

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ■ | ■ | ૪ | | ૫ | ૬ |
| | ■ | ૭ | | ૮ | ■ | | ■ | ૯ | |
| ૧૦ | ૧૧ | | ■ | ૧૨ | ૧૩ | ■ | ૧૪ | ■ | |
| ■ | | ■ | ૧૫ | | | ■ | ૧૬ | | |
| ૧૭ | | ૧૮ | ■ | ■ | ૧૯ | | | ■ | ■ |
| ■ | ■ | ૨૦ | | ૨૧ | ■ | | ૨૨ | ૨૩ | |
| ૨૪ | | | ■ | ૨૫ | ૨૬ | | ■ | | ■ |
| | ■ | | ■ | ૨૭ | | ■ | ૨૮ | | ૨૯ |
| ૩૦ | ૩૧ | ■ | ૩૨ | ■ | ૩૩ | ૩૪ | | ■ | |
| ૩૫ | | | | ■ | ■ | ૩૬ | | | |

**આડી ચાવી**

૧. કાશીના મહાદેવ (૪)
૪. જૈન ધર્મનો એક સંપ્રદાય (૪)
૭. અડસટ્ટો, અંદાજ (૩)
૯. હંમેશાં (૨)
૧૦. વેતન, દરમાયો (૩)
૧૨. મૂગું, અવાચક (૨)
૧૫. --- ગામમાં એરંડો પ્રધાન (૩)
૧૬. જળાશય (૩)
૧૭. પરીક્ષા (૩)
૧૯. દરકાર, કાળજી (૩)
૨૦. ગળા કે છાતીમાં રૂંધામણ (૩)
૨૨. બનાવટી (૩)
૨૪. કુબુદ્ધિ (૩)
૨૫. સસલું (૩)
૨૭. વારિ, પાણી (૨)
૨૮. ચીજ, વસ્તુ (૨)
૩૦. તારું (૨)
૩૩. વજીર, પ્રધાન (૩)
૩૫. અનેક વેષ ધારણ કરનાર (૪)
૩૬. રોમાંચ (૪)

**ઊભી ચાવી**

૧. કદરૂપું (૩)
૨. સસરો (૩)
૩. લક્ષ્મી (૨)
૪. સફેદ (૨)
૫. તોર, મગરૂરી (૨)
૬. ધૂળનો ઝીણો કણ (૪)
૮. મજાક, મશ્કરી (૩)
૧૧. ઘેટું (૩)
૧૩. અંકુશ, દાબ (૩)
૧૪. તવંગર, પૈસાદાર (૪)
૧૮. મજબૂત બાંધાનું (૪)
૨૧. સશનાઈ, સામટો પ્રકાશ (૩)
૨૩. એક ફૂલઝાડ (૩)
૨૪. કાર્ય (૪)
૨૬. સળેખમ (૩)
૨૮. --- અને મરણ ઈશ્વરનાં હાથમાં છે (૩)
૨૯. આનંદથી, ખુશીથી (૩)
૩૧. પત્ની, પુત્રવધૂ (૨)
૩૨. --- કરવી=મસળવું કે દબાવવું તે (૨)
૩૪. ક્રમ, વખત (૨)

**ગયા વખતનો ઉકેલ**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ઉ | ૨ પ | વા | ૩ સ | ■ | ■ | ૪ ગ | પ | ૫ સ | ૬ પ |
| ૭ ખા | ણ | ■ | ૮ ન | ૯ શો | ■ | તિ | ■ | ૧૦ મા | ડ |
| ણું | ■ | ૧૧ ખ | સ | ખ | ૧૨ સ | ■ | ૧૩ રા | ધિ | કા |
| ■ | ૧૪ પ | ■ | ના | ■ | ૧૫ વિ | લં | બ | ■ | ર |
| ૧૬ ક | ટો | ક | ટી | ■ | તા | ■ | ■ | ૧૭ ચ | ■ |
| ■ | ળે | ■ | ■ | ૧૮ શ | ■ | ૧૯ અ | ગ્રે | સ | ર |
| ૨૦ આ | ■ | ૨૧ ના | દા | ર | ■ | લ્પ | ■ | કો | ■ |
| ૨૨ રા | ૨૩ બે | તો | ■ | ૨૪ દ | ૨૫ ર | કા | ર | ■ | ૨૬ બા |
| ૨૭ વા | સ | ■ | ૨૮ ત્રા | ■ | ૨૯ બ | લી | ■ | ૩૦ ના | વ |
| ૩૧ રા | ણી | વા | સ | ■ | ■ | ૩૨ ન | ફિ | ક | રું |

### માતૃભાષાની મહેક

ખોરાકના ચાર પ્રકાર છેઃ ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય અને ચોષ્ય. દાંત વડે ચૂરેચૂરો કરીને ખવાય એ આદિ ભક્ષ્ય, જે કેવળ જીભ વડે હલાવી ચગળીને ઉતારાય છે તે આદિ ભોજ્ય, જે જીભ વડે ચાટીને રસાસ્વાદથી દ્રવીભૂત કરી ઉતારાય છે તે ગોળ વગેરે લેહ્ય કહેવાય છે. જે દાઢ વડે ચૂસીને રસનો અંશ ઉતારી બાકીનાં છોતાં વગેરે કાઢી નખાય છે તે ચોષ્ય કહેવાય છે.

### ગુજરાત મોરી મોરી રે

‘નીતિપૂર્વકનું જીવન જીવતાની રક્ષા થાય’ એ મતલબની કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે યોગ્ય રીતે ગોઠવી કહેવત જણાવો.

ભસે નીતિએ કૂતરાં ને વસે અનીતિએ નારાયણ

### ઈર્શાદ

*બનાવટની છે બલિહારી ઉકરડા બાગ થઈને બેઠા,*
*ન જાતે જોઈ શકતા તે જગ ચિરાગ થઈને બેઠા.*

*– કરસનદાસ માણેક*

### ઓળખાણ પડી?



ભવ્યતા સાથે સૌંદર્યનું પ્રતીક ગણાતો તેમ જ આપણા દેશના સૌથી મોટો સામુદ્રિક મહેલ કયા શહેરમાં છે એની ઓળખાણ પડી?

અ) નાગપુર બ) વિશાખાપટ્ટનમ ક) અગરતલા ડ) સમસ્તીપુર

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

‘તિમિર તસ્કરને સાંપડી જાય છે’ વાક્યમાં ‘તસ્કર’ શબ્દનો અર્થ શું થાય એ જણાવો.

અ) મજૂર બ) પ્રકાશ ક) ચોર ડ) અજ્ઞાની

### માઈન્ડ ગેમ

ભૌમિતિ આકૃતિ ચતુષ્કોણના ચાર ખૂણાનું માપ ૬૮, ૭૫, ૯૨ હોય તો ચોથા ખૂણાનું માપ કેટલું હોય એ ગણિતના જ્ઞાનને આધારે જણાવો.

અ) ૯૮ બ) ૧૦૦ ક) ૧૦૮ ડ) ૧૨૫

### સુડોકુ-૯૧૯૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૬ | | ૩ | | | | | |
| | | ૯ | | ૮ | | | | |
| ૪ | | | ૧ | | | | ૮ | ૯ |
| ૯ | ૪ | ૭ | | | | | ૩ | |
| | | ૬ | | | | ૨ | | |
| | ૩ | | | | | ૧ | ૬ | ૭ |
| ૭ | ૨ | | | | ૯ | | | ૩ |
| | | | | ૩ | | ૪ | | |
| | | | | | ૨ | | ૧ | ૮ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૧૯૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૭ | ૨ | ૯ | ૫ | ૩ | ૪ | ૬ | ૮ |
| ૫ | ૪ | ૮ | ૨ | ૬ | ૭ | ૩ | ૧ | ૯ |
| ૬ | ૯ | ૩ | ૧ | ૮ | ૪ | ૫ | ૭ | ૨ |
| ૪ | ૮ | ૧ | ૭ | ૩ | ૬ | ૯ | ૨ | ૫ |
| ૭ | ૫ | ૯ | ૪ | ૧ | ૨ | ૬ | ૮ | ૩ |
| ૨ | ૩ | ૬ | ૮ | ૯ | ૫ | ૧ | ૪ | ૭ |
| ૩ | ૬ | ૭ | ૫ | ૪ | ૮ | ૨ | ૯ | ૧ |
| ૯ | ૨ | ૪ | ૩ | ૭ | ૧ | ૮ | ૫ | ૬ |
| ૮ | ૧ | ૫ | ૬ | ૨ | ૯ | ૭ | ૩ | ૪ |

### ગયા બુધવારના જવાબ

| A | B |
|---|---|
| PORE | છિદ્ર |
| PORT | બંદર |
| POUR | રેડવું |
| PURE | ચોખ્ખું |
| PORCH | છાપરાવાળું પ્રવેશદ્વાર |

**ગુજરાત મોરી મોરી રેઃ**
ન મામા કરતાં કહેણા મામા સારા

**ઓળખાણ પડી?**
રબારી

**માઈન્ડ ગેમ :**
૭

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :**
સુધારવું

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૪) સુભાષ મોમાયા (૫) ભારતી બુચ (૬) શ્રદ્ધા આશર (૭) હર્ષા મહેતા (૮) વિપીન શાહ (૯) ખુશરૂ કાપડિયા (૧૦) નૂતન વિપીન શાહ (૧૧) પુષ્પા પટેલ (૧૨) કિરીટ છેડા (૧૩) મીનળ કાપડિયા (૧૪) ચેતના છેડા (૧૫) જ્યોતિ ખાંડવાલા (૧૬) ભાવના કર્વે (૧૭) મનીષા શેઠ (૧૮) ફાલ્ગુની શેઠ (૧૯) નિખિલ બંગાળી (૨૦) અમીશી બંગાળી (૨૧) ભરત કજરિયા (૨૨) પ્રવીણ વોરા (૨૩) મહેન્દ્ર લોઢાવિયા (૨૪) અલકા વાણી (૨૫) દેવેન્દ્ર સંપટ (૨૬) અંજુ ટોલિયા (૨૭) વિણા સંપટ (૨૮) ડાયના સંતોકે (૨૯) કમલ માતલિયા (૩૦) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૧) પુષ્પા ખોના (૩૨) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૩) નયના ગિરીશ મિસ્ત્રી (૩૪) દિપીકા દોશી (૩૫) જ્યોત્સના ગાંધી (૩૬) હિનાબેન દલાલ (૩૭) ઈનાક્ષીબેન દલાલ (૩૮) રમેશભાઈ દલાલ (૩૯) નિતીન જયંતિલાલ બજરિયા (૪૦) ડો. પ્રકાશ કટકિયા (૪૧) પ્રતિમા પમાણી (૪૨) ધીરેન્દ્ર મુલરાજ (૪૩) મહેશ દોશી (૪૪) જયવંત પદમશી ચિખલ

# શૅરબજારમાં તોફાની અફડાતફડીઃ સેન્સેક્સ ફરી ૯૯૫ પોઈન્ટ પટકાઈને ૩૦૦ પોઈન્ટની રિકવરી બાદ ૨૫૦ના ઘટાડે બંધ થયો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ વિદેશી ભંડોળની એકધારી વેચવાલી અને ઇન્ડેક્સ હેવીવેઇટ બ્લુચિપ શેરોમાં વધેલી વેચવાલી વચ્ચે મંગળવારે સેન્સેક્સ ૨૫૦.૪૮ પોઈન્ટ અથવા ૦.૩૦ ટકા ઘટીને ૮૩,૬૨૭.૬૯ના સ્તરે બંધ થયો હતો, જ્યારે નિફ્ટી ૫૭.૯૫ પોઈન્ટ અથવા ૦.૨૨ ટકા ઘટીને ૨૫,૭૩૨.૩૦ની સપાટી પર બંધ થયો હતો.

શેરબજારમાં સપ્તાહની શરૂઆતથી શરૂ થયેલો તોફાની અફડાતફડીનો દોર ચાલુ રહ્યો છે. સેન્સેક્સ ફરી સત્રની ટોચની સપાટી સામે ૯૯૫ પોઇન્ટ પટકાઇને ૩૦૦ પોઇન્ટની રિકવરી બાદ ફરી લપસી અંતે ૨૫૦ના ઘટાડે બંધ થયો છે. સત્ર દરમિયાન સેન્સેક્સ ૬૧૫.૩૮ પોઇન્ટના ગાબડાં સાથે ૮૩,૨૬૨.૭૯ની નીચી સપાટીને અથડાયો હતો.

નોંધવુ રહ્યું કે, એકધારા પાંચ સત્રની પીછેહઠ બાદ સોમવારે સેન્સેક્સ દિવસની ટોચની સપાટી સામે ૧૦૦૦ પોઇન્ટના જોરદરા કડાકા બાદ અંતે ૩૦૦ પોઇન્ટના સુધારે સ્થિર થયો હતો. ભારતમાં આવનારા અમેરિકન રાજદૂતે ૧૩ જાન્યુઆરીએ ટ્રેડ ડીલ પર ચર્ચા શરૂ થવાના સંકેત આપ્યા પછી, નવી દિલ્હી અને વોશિંગ્ટન વચ્ચે વેપાર અંગે નવી આશા જાગવાથી રોકાણકારોએ રાહત અનુભવી હતી.

કોર્પોરેટ પરિણામની મોસમની શરૂઆત નબળી થઇ હોવાથી બજારનું સેન્ટિમેન્ટ પણ સુસ્ત હતું. આઇટી સેકટરની ટોચની કંપની ટીસીએસ અને એચસીએલ ટેકના નફામાં ઘટાડો જોવા મળ્યો છે અને આઇટડી સેરકટર માટે આગળનું ચિત્ર પણ અસ્પષ્ટ છે.

સેન્સેક્સ કંપનીઓમાંથી, ટ્રેન્ટ, લાર્સન એન્ડ ટુબ્રો, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, ઇન્ટરગ્લોબ એવિએશન, મારુતિ, આઇટીસી, અદાણી પોર્ટ્સ અને ભારત ઇલેક્ટ્રોનિક્સ સૌથી વધુ ઘટનારા શેરોમાં સામેલ હતા. જ્યારે તેનાથી વિપરીત, ઇટરનલ, આઇસીઆઇસીઆઇ બેંક, ટેક મહિન્દ્રા, સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા અને ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ સૌથી વધુ સુધારો નોંધાવનારા શેરોમાં સામેલ હતા.

ડેટા મેનેજમેન્ટ અને પ્રોસેસ ઓટોમેશનમાં મિશન-ક્રિટીકલ સોલ્યુશન્સ પ્રોવાઇડર વૈશ્વિક સ્તરે કાર્યરત પ્લેટફોર્મ-લેડ સર્વિસ કંપની, ઇન્ટેન્સ ટેક્નોલોજીસ લિમિટેડે તેના અનઓડિટેડ નાણાકીય પરિણામો ત્રીજા ક્વાર્ટરમાં કોન્સોલિડેટેડ ધોરણે રૂ.૩,૪૦૦.૯૦ લાખની કુલ આવક, રૂ. ૪૦૯.૨૦ લાખનો એબિટા, ૧૨ ટકાનો એબિટા માર્જિન, રૂ. ૨૩૧.૬૯ લાખનો ચોખ્ખો નફો અને સાત ટકાનું પીએટી માર્જિન નોંધાવ્યું છે.

દેશની સૌથી મોટી આઇટી સેવાઓ નિકાસકાર ટીસીએસે સોમવારે ડિસેમ્બર ક્વાર્ટરમાં નફો ૧૩.૯૧ ટકા ઘટીને રૂ. ૧૦,૬૫૭ કરોડ નોંધાવ્યો હતો, જે મુખ્યત્વે નવા લેબર કોડની એક વખતની અસરને કારણે હતો. એચસીએલ ટેકના શેરમાં ત્રીજા ક્વાર્ટરના પરિણામ બાદ તેના શેરમાં બે ટકા જેવો ઘટાડો જોવા મળ્યો હતો. ડિસેમ્બર ક્વાર્ટરમાં કંપનીએ કોન્સોલિડેટેડ નેટ પ્રોફિટમાં ૧૧.૨ ટકાનો ઘટાડો નોંધાવ્યો હતો.

સેન્સેક્સ સમાવિષ્ટ સ્ક્રિપ્સમાં ઈટર્નલ ૩.૨૪ ટકા, ટેક મહિન્દ્ર ૧.૭૪ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૧.૬૬ ટકા, સ્ટેટ બેન્ક ૧.૩૨ ટકા, તાતા કન્સલ્ટન્સી ૦.૯૯ ટકા, બજાજ ફિનસર્વ ૦.૩૭ ટકા, ઈન્ફોસિસ ૦.૧૩ ટકા, એનટીપીસી ૦.૦૭ ટકા એચડીએફસી બેન્ક ૦.૦૬ ટકા અને પાવર ગ્રીડ ૦.૦૪ ટકા વધ્યા હતા.

જ્યારે મુખ્યત્વે ટ્રેન્ટ ૩.૩૯ ટકા, લાર્સન ૩.૨૫ ટકા, રિલાયન્સ ૨.૧૪ ટકા, ઈન્ડિગો ૧.૯૫ ટકા મારુતિ ૧.૧૩ ટકા, આઈટીસી ૧.૦૯ ટકા, અદાણી પોર્ટ્ટ્સ ૧.૦૫ ટકા, બીઈએલ ૧.૦૪ ટકા, એક્સિસ બેન્ક ૦.૮૮ ટકા ભારતી એરટેલ ૦.૮૪ ટકા હિંદુસ્તાન યુનિલિવર ૦.૬૪ ટકા અને મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૦.૬૨ ટકા ઘટ્યા હતા.



દરમિયાન, રિટેલ ફુગાવો ડિસેમ્બરમાં વધીને ૧.૩૩ ટકાના ત્રણ મહિનાના ઉચ્ચતમ સ્તરે પહોંચ્યો, જે મુખ્યત્વે ખાદ્ય ચીજવસ્તુઓના ઊંચા ભાવને કારણે હતો, પરંતુ તે ભારતીય રિઝર્વ બેંકના નીચા સહનશીલતા સ્તરથી નીચે રહ્યો હતો.

એક્સચેન્જ ડેટા અનુસાર, પાછલા સત્રમાં સોમવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ રૂ. ૩,૬૩૮.૪૦ કરોડના શેર વેચ્યા હતા, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઇઆઇ)એ રૂ. ૫,૮૩૯.૩૨ કરોડના શેર ખરીદ્યા હતા. એફઆઇઆઇની એકધારી વેચવાલી બજારને ઠરવા દેતી નથી.

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે હવે નવા ફતવા હેઠળ જાહેર કર્યું છે કે ઈરાન સાથે વ્યાપાર કરનાર કોઈપણ દેશો વોશિંગ્ટન સાથેના વેપાર પર પચ્ચીસ ટકા ટેરિફ ચૂકવવો પડશે, આ પગલું તેહરાનના મુખ્ય વેપારી ભાગીદારો જેમ કે ભારત, ચીન અને યુએઈ પર અસર કરી શકે છે.

તાત્કાલિક રીતે અસરકારક રીતે, ઈરાન સાથે વેપાર કરનાર કોઈપણ દેશ યુનાઇટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા સાથે કરવામાં આવતા કોઈપણ અને તમામ વ્યવસાય પર પચ્ચીસ ટકા ટેરિફ ચૂકવશે. આ આદેશ અંતિમ અને નિર્ણાયક છે, એમ ટ્રમ્પે સોમવારે ટ્રુથ સોશિયલ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું. બજારના સાધનોએ જણાવ્યું હતું કે, ભારતીય ઇક્વિટી બજારોમાં વીકલી એક્સપાઇરીના દિવસે તીવ્ર અફડાતફડી જોવા મળી હતી. વૈશ્વિક ટેરિફ સંબંધિત ચિંતાઓ, ત્રીજા ક્વાર્ટરની કમાણી પર મિશ્ર પ્રતિક્રિયાઓ અને વીકલી એક્સપાઇરી સામેની રાબેતા મુજબની સ્વિંગ વચ્ચે પ્રારંભિક આશાવાદ ધોવાયો અને વેતવાલીનું દબાણ વધી ગયું હતું.

એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો કોસ્પી ઇન્ડેક્સ, જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગસેંગ ઇન્ડેક્સ ઊંચો રહ્યો હતો, જ્યારે શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ નીચો રહ્યો હતો. નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ ત્રણ ટકાથી વધુ વધ્યો હતો. યુરોપમાં બજારો મિશ્ર નોંધ પર ટ્રેડ કરી રહ્યા હતા. સોમવારે યુએસ બજારો હકારાત્મક ક્ષેત્રમાં બંધ થયા હતા. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક, બ્રેન્ટ ક્રૂડ ૧.૮૬ ટકા ઉછળીને ૬૫.૦૬ ડોલર પ્રતિ બેરલ પર પહોંચ્યો હતો. સોમવારે, સેન્સેક્સ ૩૦૧.૯૩ પોઈન્ટ અથવા ૦.૩૬ ટકા વધીને ૮૩,૮૭૮.૧૭ પર સ્થિર થયો હતો. નિફ્ટી ૧૦૬.૯૫ પોઈન્ટ અથવા ૦.૪૨ ટકા વધીને ૨૫,૭૯૦.૨૫ પર બંધ રહ્યો.

ભારે અફડાતફડી છતાં મંગળવારના સત્રમાં રોકાણકારોને સરખામણીએ વધુ નોંધપાત્ર નુકસાની થઇ નથી. સેક્ટરલમાં ફોકસ્ડ આઈટી અને પીએસયુ બેન્ક ઈન્ડેક્સ સૌથી અધિક વધ્યા હતા, જ્યારે ટેલિકોમ્યુનિકેશન અને ઈન્ડસ્ટ્રિયલ્સ સૌથી વધુ ઘટ્યા હતા અને માર્કેટ કેપમાં રૂ.૯૪૦૦૦ કરોડનો ઘટાડો નોંધાયો હતો. સેન્સેક્સની ૧૦ સ્ક્રિપ્સ વધી હતી, જ્યારે ૨૦ સ્ક્રિપ્સ ઘટી હતી. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૧૬ ટકા ઘટ્યો અને બીએસઈ સ્મોલકેપ ૦.૪૬ ટકા વધ્યો હતો. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૨૭ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૧૫ ટકા વધ્યા હતા. મંગળવારે બીએસઈ સેન્સેક્સ ગત સોમવારના ૮૩,૮૭૮.૧૭ના બંધથી ૨૫૦.૪૮ પોઈન્ટ્સ (૦.૩૦ ટકા) ઘટ્યો હતો. સેન્સેક્સ ૮૪,૦૭૯.૩૨ ખૂલી ઊંચામાં ૮૪,૨૫૮.૦૩ અને નીચામાં ૮૩,૨૬૨.૭૯ સુધી જઈને છેવટે ૮૩,૬૨૭.૬૯ બંધ રહ્યો હતો. માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૪૬૮.૭૩ લાખ કરોડથી રૂ.૦.૯૪ લાખ કરોડ ઘટીને રૂ.૪૬૭.૭૯ લાખ કરોડ રહ્યું હતું.

સેક્ટરલ ઈન્ડેક્સમાં બીએસઈ ફોકસ્ડ આઈટી ૦.૭૮ ટકા, પીએસયુ બેન્ક ૦.૬૭ ટકા, આઈટી ૦.૫૫ ટકા, મેટલ ૦.૩૯ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસીસ ૦.૩ ટકા, કોમોડિટીઝ ૦.૧૯ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૦.૧૨ ટકા, બેન્કેક્સ ૦.૦૬ ટકા અને પ્રાઈવેટ બેન્ક ૦.૦૩ ટકા વધ્યા હતા, જ્યારે ટેલિકોમ્યુનિકેશન ૧.૧૮ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ૧.૦૯ ટકા, કેપિટલ ગુડ્સ ૦.૬૭ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૬૩ ટકા, રિયલ્ટી ૦.૫૬ ટકા, એનર્જી ૦.૫૧ ટકા, સર્વિસીસ ૦.૪૯ ટકા, ઓટો ૦.૩૭ ટકા અને પાવર ૦.૩૪ ટકા ઘટ્યા હતા.

એક્સચેન્જમાં ૪,૩૨૭ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૨,૦૩૮ સ્ટોક્સ વધ્યા હતા, ૨,૦૯૯ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૯૦ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૬૯ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૨૩૨ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. ૯ સ્ટોક્સને ઉપલી જ્યારે ૮ સ્ટોક્સને નીચલી સર્કીટ લાગી હતી. બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં મંગળવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૩૪૮.૨૦ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૧,૬૯૨ સોદામાં ૨,૦૭૧ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૨૬,૭૧,૧૬૨ કોન્ટ્રેક્ટ્સના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ (અનુમાનિત) ટર્નઓવર રૂ.૧,૦૬,૧૯,૦૪૦.૧૧ કરોડનું રહ્યું હતું.

# ડૉલર સામે રૂપિયો છ પૈસા નરમ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક બજારમાં ડૉલર ઈન્ડેક્સ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં સુધારાતરફી વલણ, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની અવિરત વેચવાલીનું દબાણ રહેતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો છ પૈસા નબળો પડીને ૯૦.૨૩ની સપાટીએ બંધ રહ્યો હતો.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૦.૧૭ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૯૦.૨૪ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૦.૩૦ અને ઉપરમાં ૯૦.૧૮ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે છ પૈસા ઘટીને ૯૦.૨૩ની સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયામાં એક પૈસાનો સુધારો જોવા મળ્યો હતો.

હાલમાં વૈશ્વિક સ્તરે પ્રવર્તી રહેલા ભૂરાજકીય તણાવ અને ક્રૂડતેલના ભાવમાં થઈ રહેલો વધારો, ઈક્વિટી માર્કેટમાં નરમાઈ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની અવિરત વેચવાલી રૂપિયાને વધુ દબાણ હેઠળ રાખે છે. જોકે, અમેરિકા ભારત વચ્ચે ટ્રેડ ડીલ થવાનો આશાવાદ અને ગત સપ્તાહે અમેરિકાનાં રોજગારીના ડેટા નબળા આવ્યા હોવાથી ફેડરલ રિઝર્વ દ્વારા રેટ કટ કરવામાં આવે તેવો આશાવાદ પ્રબળ બનવાની સાથે રિઝર્વ બૅન્કનો સંભવીત હસ્તક્ષેપ રૂપિયાને અમુક અંશે ટેકો આપે છે, એમ મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે અમારા મતે આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયાની રેન્જ ૯૦.૧૦થી ૯૦.૭૦ આસપાસની જોવા મળે તેવી શક્યતા છે.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૭ ટકા વધીને ૯૮.૬૯ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૧.૪૭ ટકા વધીને બેરલદીઠ ૬૪.૮૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે સ્થાનિકમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી અનુક્રમે ૨૫૦.૪૮ પૉઈન્ટ અને ૫૭.૯૫ પૉઈન્ટ ઘટીને બંધ રહ્યા હોવાથી તેમ જ ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૩૬૩૮.૪૦ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાથી રૂપિયો વધુ દબાણ હેઠળ આવ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

### અમેરિકાના ફુગાવાની જાહેરાત પૂર્વે વૈશ્વિક સોનું વિક્રમ સપાટીની લગોલગ

# ચાંદીમાં ₹ ૬૨૫૬ની આગેકૂચ, સોનામાં ₹ ૧૬૫ની પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આજે મોડી સાંજે અમેરિકાના ડિસેમ્બર મહિનાના ફુગાવાની જાહેરાત પૂર્વે લંડન ખાતે સત્રના આરંભે ખાસ કરીને આંતરરાષ્ટ્રીય સ્તરે રશિયાએ યુક્રેન પર વધારેલા હુમલા અને અમેરિકના વેનેઝુએલા, ગ્રીનલેન્ડ અને ઈરાન વચ્ચે વધેલા ભૂરાજકીય તણાવને ધ્યાનમાં લેતા આજે હાજરમાં સોનાના ભાવ ઔંસદીઠ ૪૬૦૦ ડૉલરની વિક્રમ સપાટીની લગોલગ રહ્યા હતા, જ્યારે ચાંદીના ભાવ ૦.૯ ટકા વધીને ક્વૉટ થઈ રહ્યા હતા. આમ વૈશ્વિક બજાર પાછળ સ્થાનિક ઝવેરી બજારમાં ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૬૨૫૬ની આગેકૂચ જળવાઈ રહી હતી, જ્યારે સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૬૫નો ઘસરકો આવ્યો હતો.



બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે ચાંદીમાં તેજીનું વલણ જળવાઈ રહેતાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૬૨૫૬ વધીને રૂ. ૨,૬૩,૦૩૨ના મથાળે રહ્યા હતા. જોકે, ઊંચા મથાળેથી માત્ર રોકાણલક્ષી અને ઔદ્યોગિક વપરાશકારોની છૂટીછવાઈ લેવાલી હતી, જ્યારે જ્વેલરી ઉત્પાદકો નવી ખરીદીથી દૂર રહ્યા હતા. વધુમાં આજે સોનામાં ઊંચી સપાટીએથી રોકાણકારો, જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ શુષ્ક રહી હતી. તેમ જ વિશ્વ બજારમાં ભાવ સાંકડી વધઘટે અથડાયેલા હોવાથી સ્થાનિકમાં વેરારહિત ધોરણે ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૬૫ ઘટીને ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧,૩૯,૭૨૨ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧,૪૦,૨૮૪ના મથાળે રહ્યા હતા. નીતિવિષયક વલણ બદલવા માટે અમેરિકી ફેડરલ રિઝર્વ સમક્ષ કોઈ દબાણ ન હોવાનું ન્યૂયોર્ક ફેડના પ્રમુખ જહોન વિલિયમ્સે ગઈકાલે જણાવ્યું હોવાથી તેમ જ આજે મોડી સાંજે અમેરિકાના ફુગાવાના ડેટાની જાહેરાત થનાર હોવાથી લંડન ખાતે સત્રના આરંભે સોનામાં સાવચેતીના અભિગમ વચ્ચે ભાવ ગઈકાલના બંધ સામે સાધારણ ૦.૨ ટકાના ઘટાડા સાથે ઔંસદીઠ ૪૫૮૬.૧૫ ડૉલર આસપાસ અને વાયદામાં ભાવ ૦.૪ ટકાના ઘટાડા સાથે ૪૫૯૫.૧૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૯ ટકા વધીને ઔંસદીઠ ૮૫.૭૨ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

ન્યૂયોર્ક ફેડના પ્રમુખે આપેલા તંગ નાણાનીતિના સંકેતો સાથે આજે ડૉલર ઈન્ડેક્સમાં મક્કમ વલણ રહેવાથી તેમ જ રોકાણકારોની નજર અમેરિકાના ફુગાવાના ડેટા પર હોવાથી સોનામાં સુધારો અટક્યો હોવાનું એક્ટિવ ટ્રેડનાં વિશ્લેષક રિકાર્ડો ઈવાન્જેલિસ્ટાએ જણાવ્યું હતું.

આજે રશિયાએ યુક્રેન પર તીવ્ર મિસાઈલ હુમલાઓ કર્યાના અહેવાલ ઉપરાંત અમેરિકાએ ઈરાન સાથે વેપાર કરતાં દેશોએ અમેરિકા સાથેના વેપારમાં ૨૫ ટકા ટૅરિફનો સામનો કરવો પડશે એમ જણાવ્યું હોવાથી ભૂરાજકીય તણાવમાં વધારો થવાથી સોનામાં મોટો ઘટાડો અટક્યો હતો.

વધુમાં ઈવાન્જેલિસ્ટાએ જણાવ્યું હતું કે હાલ સોનાના ભાવ ઔંસદીઠ ૪૫૦૦ ડૉલર આસપાસ કોન્સોલિડેટ થઈ રહ્યા છે, પરંતુ ડૉલરમાં નબળાઈ અને ભૂરાજકીય અનિશ્ચિતતાને ધ્યાનમાં લેતા વર્તમાન વર્ષ ૨૦૨૬નાં પહેલા છમાસિકગાળામાં ભાવ વધીને ઔંસદીઠ ૫૦૦૦ ડૉલર સુધી પહોંચે તેવી શક્યતા નકારી ન શકાય.

# વર્ષ ૨૦૨૫માં દેશની ઈલેક્ટ્રોનિક્સ નિકાસ ₹ ચાર લાખ કરોડની પારઃ વૈશ્ણવ

નવી દિલ્હીઃ ગત કૅલેન્ડર વર્ષ ૨૦૨૫માં દેશની ઈલેક્ટ્રોનિક્સની નિકાસનો આંક રૂ. ચાર લાખ કરોડની સપાટી પાર કરી ગયો છે અને જ્યારે દેશમાં સેમીકન્ડક્ટરના ચાર પ્લાન્ટ ધમધમતા થઈ જશે ત્યારે નિકાસમાં હજુ વૃદ્ધિ જોવા મળે તેવો આશાવાદ કેન્દ્રીય પ્રધાન અશ્વીની વૈષ્ણવે વ્યક્ત કર્યો હતો.

અધિકૃત અંદાજ અનુસાર વર્ષ ૨૦૨૪-૨૫માં દેશમાં ઈલેક્ટ્રોનિક ઉત્પાદન ૧૧.૩ કરોડનું હતું અને નિકાસ રૂ. ૩.૩ લાખ કરોડના સ્તરે રહી હતી, જ્યારે વર્ષ ૨૦૨૫માં દેશની ઈલેક્ટ્રોનિક્સ નિકાસ રૂ. ચાર લાખ કરોડની સપાટી પાર થઈ ગઈ છે, રોજગાર સર્જન થયું છે અને વિદેશી હૂંડિયામણ પણ આવી રહ્યું છે.


હવે વર્ષ ૨૦૨૬માં સેમીકન્ડક્ટરનાં ચાર એકમોમાં વેપારી ધોરણે ઉત્પાદન શરૂ થતું આ વલણ જળવાઈ રહેશે, એમ તેમણે આજે સોશ્યલ મીડિયાની એક પોસ્ટમાં જણાવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે હાલમાં ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદનના ક્ષેત્રમાં મુખ્ય ફાળો મોબાઈલ ફોન ઉદ્યોગનો છે. તેમ જ ઉદ્યોગના અંદાજ અનુસાર ઈકક્ટ્રોનિક્સ ક્ષેત્રે ૨૫ લાખ કર્મચારીઓ સંકળાયેલા છે. વધુમાં તેમણે પ્રસાર માધ્યમને આંકડાકીય માહિતી આપતા જણાવ્યું હતું કે વર્ષ ૨૦૨૫માં ભારતથી આઈફોનની નિકાસ લગભગ બમણી થઈને રૂ. ૨.૦૩ લાખ કરોડની સપાટીએ પહોંચી હતી. વર્ષ ૨૦૨૪માં એપલની નિકાસ રૂ. ૧.૧ લાખ કરોડના સ્તરે રહી હતી.

વધુમાં મોબાઈલ ઉત્પાદક સંગઠન ઈન્ડિયા સેલ્યુલર ઍન્ડ ઈલેક્ટ્રોનિક્સ એસોસિયેશનના જણાવ્યાનુસાર વર્તમાન નાણાકીય વર્ષના અંત સુધીમાં દેશમાં મોબાઈલ ફોનનું ઉત્પાદન ૭૫ અબજ ડૉલર (અંદાજે રૂ. ૬.૭૬ લાખ કરોડ)ની સપાટીએ પહોંચશે અને નિકાસ ૩૦ અબજ ડૉલર (રૂ. ૨.૭ લાખ કરોડ) સુધી પહોંચે તેવી શક્યતા છે. નોંધનીય બાબત એ છે કે ગત નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં દેશમાં રૂ. ૫.૫ લાખ કરોડના મૂલ્યના મોબાઈલ ફોનનું ઉત્પાદન થયું હતું અને નિકાસ રૂ. બે લાખ કરોડની સપાટીએ રહી હતી.

માર્કેટ રિસર્ચ અને એનાલિસિસ કરતી કંપની કાઉન્ટરપૉઈન્ટનાં સહ સ્થાપક અને વાઈસ પ્રેસિડૅન્ટ નેઈલ શાહે જણાવ્યું હતું કે અમેરિકાએ ચીન પર ઊંચી ટૅરિફ લાદયા બાદ ભારતમાં ઉત્પાદનનું વિસ્તરણ કરતાં એપલ ભારતમાં પોસ્ટર ચાઈલ્ડ બની ગયું છે. ભારતમાં વર્ષ ૨૦૨૫માં મોબાઈલ ફોનનું ઉત્પાદન ૩૦ કરોડ યુનિટના સ્તરે પહોંચ્યુ છે અને દર ચારમાંથી એક સ્માર્ટફોનની ભારતથી નિકાસ થઈ છે. ઊંચા સરેરાશ વેચાણ ભાવ અથવા તો પ્રીમિયમ ધરાવતી અમેરિકાની બજાર એપલ, સેમસંગ અને મોટરોલા માટે સૌથી મોટું નિકાસ મથક રહ્યું હોવાનું તેમણે ઉમેર્યું હતું.

# ટીન, નિકલ અને કોપરની વેરાઈટીઓમાં નફારૂપી વેચવાલી



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ તાજેતરમાં વિવિધ ધાતુઓમાં એકતરફી તેજીનું વલણ જોવા મળ્યા બાદ આજે ખાસ કરીને ટીન, નિકલ, કોપર, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને ઝિન્ક સ્લેબમાં છૂટીછવાઈ નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ૧૧ સુધીનો ઘટાડો આવ્યો હતો, જ્યારે એકમાત્ર બ્રાસમાં ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધી આવ્યા હતા, જ્યારે એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા લીડ ઈન્ગોટ્સમાં ખપપૂરતી માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે સ્થાનિકમાં એકતરફી તેજી પશ્ચાત્ ચોક્કસ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીનું દબાણ જોવા મળ્યું હતું. જેમાં ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૧૧ ઘટીને રૂ. ૪૪૩૮, નિકલના ભાવ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને રૂ. ૧૬૪૮, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ચાર ઘટીને રૂ. ૧૦૯૦, કોપર કેબલ સ્ક્રેપ, કોપર સ્ક્રેપ હેવી અને કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને અનુક્રમે રૂ. ૧૨૦૨, રૂ. ૧૧૯૨ અને રૂ. ૧૧૭૭, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને રૂ. ૩૨૦ અને કોપર વાયરબાર તથા ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને અનુક્રમે રૂ. ૧૨૭૬ અને રૂ. ૩૧૫ના મથાળે રહ્યા હતા. જોકે, આજે બ્રાસ શીટ કટિંગ્સ અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં ઔદ્યોગિક વપરાશકારોની માગ ઉપરાંત સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલીને ટેકે ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને અનુક્રમે રૂ. ૮૧૫ અને રૂ. ૭૧૦ના મથાળે રહ્યા હતા. આ સિવાય ખપપૂરતી માગને ટેકે એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સના ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૨૨૭ અને રૂ. ૧૯૨ની સપાટીએ ટકેલા રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# શિકાગો પાછળ આયાતી તેલમાં જળવાતો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે ગઈકાલે સોયાતેલના વાયદામાં ૫૬ સેન્ટનો સુધારો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ હતા, જ્યારે આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૨૭ રિંગિટ ઘટી આવ્યા હતા. આમ વૈશ્વિક મિશ્ર અહેવાલ છતાં સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં આજે હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે છૂટાછવાયાં કામકાજોને ટેકે દેશી-આયાતી તેલોમાં ૧૦ કિલોદીઠ સોયા રિફાઈન્ડમાં રૂ. ૨૦નો, સન રિફાઈન્ડમાં રૂ. ૧૫નો અને આરબીડી પામોલિનમાં રૂ. ૧૦નો સુધારો આગળ ધપ્યો હતો. તેમ જ આજે મથકો પાછળ કપાસિયા રિફાઈન્ડમાં રૂ. ૧૦ વધી આવ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૨૫૧ અને સન રિફાઈન્ડના રૂ. ૧૫૪૧, ગોકુલ એગ્રોના જાન્યુઆરી અને ફેબ્રુઆરી ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૨૬૫, ઈમામીના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૧૦, એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૨૦, પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના રૂ. ૧૨૭૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૨૭ અને સન રિફાઈન્ડના રૂ. ૧૫૩૭થી ૧૫૪૭, ગોલ્ડન એગ્રીના આરબીડી પામોલિનના રૂ. ૧૨૮૫ અને જી-વનના આરબીડી પામોલિન તથા સોયા રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૨૭૫ અને રૂ. ૧૩૩૫ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ છૂટાછવાયાં વેપારો પણ ગોઠવાયા હતા.

આજે ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીની ૧૮,૦૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૨૦૦થી ૧૪૩૦માં ટકેલા ધોરણે થયા હતા, જ્યારે રાજકોટ મથકે આજે ૫૦,૦૦૦ ગૂણી મગફળીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૨૦૦થી ૧૪૦૦માં થયા હતા. વધુમાં આજે મધ્ય પ્રદેશનાં મથકો પર અંદાજે બે લાખ ગૂણી સોયાસીડની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૪૮૦૦થી ૫૧૦૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૫૧૨૫થી ૫૨૦૦માં થયાના અહેવાલ હતા.

હાજરમાં આજે વિવિધ દેશી-આયાતી તેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૭૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૩૫, સન રિફાઈન્ડના રૂ. ૧૫૬૦, સિંગતેલના રૂ. ૧૬૪૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૧૦ અને સરસવના રૂ. ૧૫૦૫ના મથાળે રહ્યા હતા.

જ્યારે આજે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૫૪૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૬૦૦માં ટકેલા ધોરણે થયા હતા.

# માંગરોળ નગરપાલિકાની ભાજપ પેનલ સંકટમાં, કોંગ્રેસની અવિશ્વાસની દરખાસ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકાની નગરપાલિકામાં ભૂકંપ જેવો માહોલ સર્જાયો છે. અહીંની ભાજપ પેનલ હાલમાં સંકટમાં આવી ગઈ છે. ભાજપના જ ૮ સભ્યે નારાજગી વ્યક્ત કર્યા બાદ કોંગ્રેસે પાલિકાના પ્રમુખ ક્રિષ્ણા થાપણીયા અને ઉપપ્રમુખ સૈયદ અબ્દુલ્લાહમીયા વિરુદ્ધ અવિશ્વાસની દરખાસ્ત રજૂ કરી હતી. જોકે ઉપપ્રમખ આ વાતને નકારી રહ્યા છે, પરંતુ નાનકડા શહેરમાં રાજકીય ગરમાવો આવી ગયો હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે.

૩૬ સભ્યની નગરપાલિકામાં ૧૫-૧૫ સભ્ય કોંગ્રેસ અને ભાજપના છે. અપક્ષ અને આપના એક-એક અને બસપાના ચાર સભ્ય છે. બસપા સાથે ગઠબંધન કરી ભાજપે સત્તા સ્થાપી હતી, પરંતુ પોતાના જ પક્ષના કારભાર અને આંતરિક જૂથવાદને કારણે સત્તા હાલકડોલક થઈ રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

કોંગ્રેસે ચીફ ઓફિસરને પત્ર પાઠવ્યો હતો, જેમાં ખૂબ જ ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા હતા. પાલિકાના રેઢિયાર કારભાર અને પાયાની સુવિધા પૂરી પાડવામાં નિષ્ફળતા અંગે ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા હતા. થોડા સમય પહેલા જ એક કેસમાં કોર્ટ દ્વારા પાલિકાની મિલકતો જેવી કે ફર્નિચર, પંખા, ટેબલ અને કોમ્પ્યુટર જપ્ત કરવાની ફરજ પડી હતી, જેથી પાલિકાની પ્રતિષ્ઠાને ફટકો પડ્યો હતો.

હાલમાં તો ભાજપ અને બસપા આને માત્ર કોંગ્રેસનો દુષ્પ્રચાર ગણાવી રહી છે, પરંતુ આઠ સભ્યની નારાજગી ભાજપને ભારે પડી શકે તેમ છે, તેમ રાજકીય વર્તુળોમાં ચર્ચા ચાલી રહી છે. ચીફ ઓફિસરને આપેલો પત્ર અને ત્યારબાદની કાર્યવાહી પર સૌની નજર છે, તેમ સૂત્રોએ જમાવ્યું હતું. ■



જૂનાગઢમાં ઉત્તરાયણ પર્વને અનુલક્ષીને બજારમાં ખરીદી નીકળી હતી, સવારથી સાંજ સુધી ખરીદદારોની ભીડ જોવા મળી હતી. મોટી સંખ્યામાં લોકો બજારમાં પતંગ, દોરી, માસ્ક, ટોપીઓ, ગોગલ્સ સહિતની સામગ્રીની ખરીદી કરવા ઊમટ્યા હતા... (તસ્વીરઃ હરેશ સોની, જુનાગઢ)

# અમરેલીના બે વર્ષના બાળક પર દીપડાનો હુમલો, બાળક બચી જતા રાહત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમરેલી વિસ્તારમાં ફરી એક માસૂમ બાળક જંગલી પશુનો શિકાર બન્યો હતો. જોકે સદ્ભાગ્યે પરિવારે બાળકને બચાવી લીધો હતો, પરંતુ અહીં રહેતા લોકો ફરી ભય અનુભવવા લાગ્યા છે. અમરેલીના ખાંભા તાલુકાના હનુમાનપુર ગામે સોમવારે મોડી સાંજે ઘરઆંગણે રમી રહેલા બે વર્ષના બાળક પર હુમલો કર્યો હતો. તે સમયે અહીં દીપડો આવી ચડ્યો હતો અને બાળક પર હુમલો કર્યો હતો. પરેશ પરમાર નામના ભાગિયાનો પરિવાર અહીં રહી ખેતમજૂરી કરે છે. તેમનો પુત્ર ઈશ્વર વાડીમાં રમતો હતો ત્યારે અચાનક દીપડો ત્રાટક્યો હતો અને બાળકને માથેથી પકડી ભાગવાની કોશિશ કરતો હતો. બાળકની ચીસો સાંભળી પરિવાર દોડ્યો હતો અને દીપડો ભાગી ગયો હતો. જોકે બાળકને ગળા અને માથાના ભાગે ઈજાઓ થઈ છે અને હજુ તે સારવાર હેઠળ છે. ત્યારે વનવિભાગે વિસ્તારમાં પાજરા ગોઠવી દીપડાને પકડવાની તૈયારીઓ કરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# પ્રજાનાં નાણાંનો વેડફાટ, જૂનાગઢ મનપાએ વીજબિલ મોડું ભરતા દંડ ફટકાર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પ્રજાના પૈસાનો વેડફાટ આપણા નેતાઓ અને અધિકારીઓ અલગ અલગ રીતે કરે છે. જૂનાગઢ મહાનગરપાલિકાએ પણ જનતાનાં નાણાંનો વેડાફટ કર્યાનું બહાર આવ્યું હતું. મનપાના વર્ષ ૨૦૨૦-૨૦૨૧ના સરકારી ઓડિટ રિપોર્ટમાં વોટરવર્ક્સ ડિપાર્ટમેન્ટની એક ભૂલ પ્રકાશમાં આવી છે, જેમાં વીજબિલ ચૂકવવામાં વિલંબ થયો હોવાનું અને તેને લીધે મનપાએ દંડ ભરવો પડ્યો હોવાનું બહાર આવ્યું હતું.

મનપામાં વિપક્ષના નેતા લલિત પરસાણાએ આક્ષેપ કર્યો હતો કે વોટરવર્ક્સ ડિપાર્ટમેન્ટ લગભગ રૂ. ૭૫ લાખ જેટલું વીજબિલ સમયસર ભર્યું ન હતું. આને કારણે તેમણે રૂ. ૮ લાખ જેટલી મોટી રકમ દંડપેટે ચૂકવવી પડી હતી. પરસાણાએ વોટરવર્ક્સ ડિપાર્ટમેન્ટના અધિકારી પર પણ આક્ષેપો કર્યા હતા. આ સાથે તેમણે માગણી કરી હતી કે જવાબદાર અધિકારીઓએ પોતાની જવાબદારી સમજી આ નાણાં તેમના પગારમાંથી કાપવામાં આવે. આ અંગે મનપા સાથે સંપર્ક સાધી શકાયો ન હતો.

# સુરેન્દ્રનગરમાં ગમખ્વાર અકસ્માતમાં દંપતીનું મોત, આખું ગામ રડ્યું

અમદાવાદઃ સુરેન્દ્રનગરમાં એકસાથે પતિ-પત્નીએ દુનિયા છોડી દીધી હોવાની ઘટનાએ સમગ્ર ગામને શોકમાં ડૂબાડી દીધું હતું. અહીં રહીને રિક્ષા ચલાવી પરિવારનું ગુજરાન કરતા ૩૨ વર્ષીય જિગ્નેશ મારૂણીયા અને તેમના પત્ની સંગીતા રિક્ષામાં સુરેન્દ્રનગરથી પેસેન્જર ભરી ધ્રાંગધ્રા ગયા હતા અને ત્યાંથી પરત ફરી રહ્યા હતા. સુરેન્દ્રનગર-ધ્રાંગધ્રા હાઈ વે પર કટુડા ગામ પાસે સાઈડમાં રિક્ષા રોકી હતી. બન્ને પતિ-પત્ની ત્યાં રિક્ષા પાસે ઊભા હતા ત્યારે અચાનકથી આવેલી પીકઅપ વાને રિક્ષાને જોરદાર ટક્કર મારી હતી. વાન સંગીતાબેન પર પડી હતી અને તેમનું ઘટના સ્થળે જ મોત થયું હતું, જ્યારે જિગ્નેશને હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો, પરંતુ સારવાર પહેલા જ તેને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. આમ દંપતીનું એકસાથે મોત થતા આખા વડનગર વિસ્તારમાં શોકનું મોજું ફરી વળ્યું હતું.

# ધીણોધરથી કાળા ડુંગર સુધી કાતિલ ઠંડીની આણઃ નલિયા છ ડિગ્રી લઘુતમ તાપમાન સાથે રાજ્યભરમાં સૌથી ઠંડુ મથક

ભુજઃ મકરસંક્રાંતિના પર્વ ટાંકણે કચ્છભરમાં લોકોને પતંગ ઉડાડવા ધાબા પર કેમ જવું તેની ચિંતા સતાવી રહી છે કારણ કે ઠંડીએ સમગ્ર કચ્છને શીતાગારમાં પરિવર્તિત કરી દીધું છે. કચ્છના અબડાસા તાલુકાના મુખ્ય મથક નલિયા ખાતે લઘુતમ તાપમાનનો આંક ૬ ડિગ્રી સેલ્સિયસ પર પહોંચ્યો હતો. તો રાજનગર ભુજના લોકોએ પણ ઠંડો દિવસ અનુભવ્યો હતો અને તાપમાન ૯ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. નલિયા ઉપરાંત દેશના પશ્ચિમ કાંઠાના મહાબંદર કંડલા ખાતે લઘુતમ તાપમાન ૧૨.૪ ડિગ્રી,બંદરીય શહેર માંડવી ખાતે ૧૧ ડિગ્રી સે.તાપમાન નોંધાયું હતું તો બીજી તરફ કચ્છના સંત્રી સમા ખાવડા પાસેના કાળા ડુંગર આસપાસના સરહદી વિસ્તારોમાં તાપમાન ૧૦ ડિગ્રીથી નીચું જતા આ રણપ્રદેશને જાણે કાતિલ ઠંડીએ ભરડામાં લીધો હતો. તેવી જ રીતે કચ્છની ઓળખ સમા ભાતીગળ બન્ની પ્રદેશના ગામોમાં પણ ઠંડીએ બોકાસો બોલાવતા પશુપાલકોને ભારે ઠંડીનો સામનો કરી રહેવો પડી રહ્યો છે. આ ઉપરાંત ભારત-પાકિસ્તાન વચ્ચેની આંતરરાષ્ટ્રીય ભૂમિસીમાં આસપાસ આવેલી સરહદી સલામતી દળની બૉર્ડર આઉટ પોસ્ટ પર ફરજ પર મુકાયેલા જવાનોને ઠંડીએ પરેશાન કર્યા છે. જમ્મુ કાશ્મીર,ઉત્તરાખંડ અને સમગ્ર ઉત્તર ભારતમાં થઇ રહેલી ભારે હિમવર્ષાને કારણે સતત વધી રહેલી ઠંડીના લીધે લોકોને ગરમ વસ્ત્રોમાં સજ્જ થઇને રહેવું પડી રહ્યું છે. કચ્છના મોટાભાગના શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં ટાઢોડું તીવ્ર બનતાં લોકોએ વિના કારણે બહાર જવાનું ટાળ્યું છે. ઠંડીની અસર ઉત્તરાયણના તહેવારને અનુલક્ષીને કરવાની થતી તલ-સાંકડી,ઊંધિયું,પતંગ-દોરી સહિતની ચીજ-વસ્તુઓની ખરીદી પર પડી છે.

# પધ્ધર નજીક મોટરસાઈકલ સવાર પરપ્રાંતીય દંપતીને ડમ્પરે હડફેટે લેતાં પતિનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ અકસ્માત ઝોન બની રહેલા ભચાઉ-ભુજ ધોરીમાર્ગ પર પધ્ધર-કનૈયાબે ગામના પાદરે આવેલી બી.કે.ટી. કંપની નજીક મોટરસાઇકલ પર જઈ રહેલાં પરપ્રાંતીય આદિવાસી દંપતીને પૂરપાટ દોડતા ડમ્પરે અડફેટે લેતાં ૨૮ વર્ષીય અજયકુમાર લલ્લુભાઇ ઉર્ફે લાલુ બિલવાળ (આદિવાસી)નું ગંભીર ઇજાને પગલે મોત નીપજ્યું હતું, જ્યારે તેની પત્ની શિલ્પાબેન બિલવાળને અસ્થિભંગ સહિતની ઈજાઓ પહોંચી હતી.

પોલીસ કંટ્રોલ રૂમ પાસેથી પ્રાપ્ત મુજબ, ગત તા ૧૧-૧ના બપોરે અજયકુમાર અને તેની પત્ની શિલ્પા મોટરસાઇકલ પર સવાર થઈને કનૈયાબે ખાતેની બી.કે.ટી. કંપની પાસે દર રવિવારે ભરાતી બજારમાં ખરીદી કરવા માટે જઈ રહ્યા હતા. આ વેળાએ પૂરપાટ ઝડપે ધસી આવેલાં ડમ્પરએ મોટરસાઈકલને ટક્કર મારી દેતાં અજયકુમારનું ગંભીર ઇજાને પગલે મોત નીપજ્યું હતું, જયારે પત્નીને અસ્થિભંગની ઇજા પહોંચી હતી. પધ્ધર પોલીસમથકે મૃતકની પત્નીએ ડમ્પરચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

# સુરેન્દ્રનગરમાં ૬૩૩ બુટલેગરમાંથી ૧૦૨ મહિલા, પોલીસે યાદી જાહેર કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં દારૂબંધી છે અને તેના કારણે બુટલેગરોનો ધંધો પણ પુરબહારમાં ખિલે છે. દરેક તાલુકા અને ગામમાં એવા લોકો છે, જે ગેરકાયદે દારૂ વેચવાનો ધંધો કરે છે. સુરેન્દ્રનગર પોલીસે ખુદ જિલ્લાના બુટલેગરોની યાદી બહાર પાડી હતી. પોલીસે ૬૩૩ બુટલેગરની યાદી બહાર પાડી હતી, જેમાંથી ૧૦૨ મહિલા હોવાની ચોંકાવનારી માહિતી સૂત્રોએ આપી હતી. પોલીસે પ્રોહિબિશન ઍક્ટ હેઠળ યાદી જાહેર કરી હતી, પરંતુ એક જિલ્લામાં આટલા મોટા પ્રમાણમાં બુટલેગર હોવાની હકીકત પણ પ્રકાશમાં આવી ગઈ હતી.

આ યાદીમાં બુટલેગરના નામ અને સરનામા છે અને તેમને ત્યાં દર મહિને એકવાર રેડ પાડવામાં આવશે, તેવી માહિતી પોલીસ સૂત્રોએ આપી હતી. આ સાથે દર મહિને આ યાદીને અપડેટ કરવામા આવશે. હવે સવાલ એ છે કે તેમની સામે કેટલા કડક પગલાં ક્યાં સુધી લેવામાં આવશે.

યાદીમાં કુલ ૧૭ ટકા મહિલા બુટલેગર છે આ સાથે અમુક યુવાન છોકરાઓના નામ પણ છે, જે વધારે ચિંતા જગવાનારું છે.

# અંજારના ભીમાસરની કંપનીમાંથી રૂ. ૧.૮૩ લાખનો એલ્યુમિનિયમનો ભંગાર ચોરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છમાં આ વખતના શિયાળામાં પડી રહેલી કાશ્મીર જેવી કડકડતી ઠંડીને કારણે લદાઈ જતી સ્વયંભૂ સંચાર બંધીનો ગેરલાભ લઇ લાખોની મતાની ઘરફોડ ચોરીઓને અંજામ આપી રહેલી તસ્કર ટોળકીએ અંજાર તાલુકાના ભીમાસર ખાતે આવેલી કંપનીમાંથી રૂ.૧,૮૩,૭૫૦ના એલ્યુમિનિયમના સ્ક્રેપની ચોરી તેમ જ ભચાઉના આંબલિયારા અને જંગી સીમમાં રહેલી ત્રણ પવન-ચક્કીઓમાંથી રૂ. ૨,૦૩,૦૦૦ના મૂલ્યના કોપર વાયરની ચોરી કરી જતાં ચકચાર પ્રસરી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ, ભીમાસરની મેટનેર લિમિટેડ નામની કંપનીના ખુલ્લા યાર્ડમાં ઘૂસી આવેલા તસ્કરોએ ૩૫ કિલોગ્રામ વજનના ૨૫ જેટલા કિંમત રૂ. ૧,૮૩,૭૫૦ના એલ્યુમિનિયમ સ્ક્રેપ ભરેલા બોક્સની ઉઠાંતરી કરી હતી.

કિંમતી ભંગારની આ તસ્કરી અંગે કંપનીના મેનેજર માંજા સવા અવાડિયાએ અજ્ઞાત તસ્કરો વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

# ભાવનગરમાં વ્યાજખોરના ત્રાસથી કંટાળી યુવાને પતરીના ઘા મારી આત્મહત્યાનો પ્રયાસ કર્યો

## રૂ.૨,૪૦,૦૦૦ પંદર ટકા વ્યાજે લીધા હતા. વ્યાજે લીધેલા રૂપિયાનું દર મહિને રૂ.૧૫ હજાર વ્યાજ પરેશભાઈ ચૂકવતા હતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેરના ભરતનગર શાકમાર્કેટ વિસ્તારમાં રહેતા યુવાને વ્યાજે લીધેલા રૂપિયાની ઉઘરાણી કરી માર મારી છરી બતાવી પરિવારના સભ્યોને પરેશાન કરવાની ધમકી આપતા યુવાને ગળા પર પતરી મારી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. આ બનાવની વિગતે એવી છે કે ભાવનગર શહેરના ભરતનગર શાકમાર્કેટ વિસ્તારમાં રહેતા પરેશભાઈ જગદીશભાઈ મૂળચંદણીએ અજય ભલાભાઈ મેર પાસેથી ચારેક વર્ષ પહેલા રૂ.૨,૪૦,૦૦૦ પંદર ટકા વ્યાજે લીધા હતા. વ્યાજે લીધેલા રૂપિયાનું દર મહિને રૂ.૧૫ હજાર વ્યાજ પરેશભાઈ ચૂકવતા હતા. દરમિયાનમાં પરેશભાઈ પાસે રૂપીયાની સગવડ ન હોય અજયને વ્યાજના રૂપીયા આપેલ નહિ જેથી રાત્રીના સાડા દસેક વાગ્યે પરેશભાઈ બ્લોકમાં ઘરેથી લીફ્ટમાં બેસીને નીચે જતા હતા ત્યારે આ દરમ્યાન લિફ્ટની અંદર ગોપાલ ભલાભાઇ મેર (રહે. માલધારી, શિક્ષક સોસાયટી) પણ હતો. જેણે લીફ્ટ અંદર મારામારી કરી ગાળો આપી વ્યાજ અને મુળગા રૂપિયાની કરી અને કહેલ કે જો તુ મારા ભાઈ અજયના વ્યાજના રૂપીયા આપીશ નહિ તો તને આજે જીવતો જવા નહિ દવ તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપી લિફ્ટમાંથી નીચે લાવી ગોપાલે ઢીંકા પાટુંનો માર મારી છરી કાઢી કહેલ કે આ છરી તારી સગી નહિ થાય તેમ કહી બળજબરી કરી રૂ.એક લઇ લીધા હતા અને ગોપાલે જતા જતા કહેલ કે તુ મારા ભાઇ અજયના વ્યાજના રૂપીયા નહિ આપ તો તેને તથા તારા ઘરના સભ્યોની હેરાન પરેશાન કરી નાખીશ તેમ કહિ ને જતો રહ્યો હતો. અને આ ગોપાલ મેર તથા અજય મેરની બીકના કારણે પોતાના ફલેટમાં નીચે જાતેથી ગળાના ભાગે પતરી મારી ઇજા આત્મહત્યાનો પ્રયાસ કરતા પરેશભાઈને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફત સર ટી. હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા. આ બનાવ સંદર્ભે પરેશભાઈએ બે શખ્સ વિરૂદ્ધ ભરતનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# રાપરના અયોધ્યાપુરી ખાતે કપડાંની દુકાનમાંથી પ્રતિબંધિત ચાઈનીઝ દોરાની ૧૨૦ રીલ પકડાઈ,

## એક આરોપીની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ઉત્તરાયણ પર્વ આવી ચૂક્યું છે ત્યારે માનવો અને પશુ-પક્ષીઓ માટે જીવલેણ એવી પ્રતિબંધિત ચાઈનીઝ દોરીના વપરાશ અને વેંચાણને નાથવા માટે રાજ્યસ્તરે ચાલી રહેલાં કોમ્બિંગ અંતર્ગત કચ્છ પોલીસે સીમાવર્તી રાપર ખાતે એક દુકાનમાંથી રૂ.૬૦,૦૦૦ની પ્રતિબંધિત ચાઈનીઝ દોરીની ૧૨૦ રીલ જપ્ત કરી આરોપી દુકાનદારની ધરપકડ કરી હતી.

આ અંગે રાપર પોલીસમથકના પી. આઈ. જે. બી. બુબડિયાએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, કોમ્બિંગ દરમ્યાન મળેલી પૂર્વ બાતમીના આધારે રાપરના અયોધ્યાપુરી ખાતે આવેલી ટોપટેન નામની કપડાંની દુકાનમાં દરોડો પાડવામાં આવ્યો હતો. દુકાનદાર એવા પાર્થ પ્રકાશ માલી (ઉં.વ.૨૩) પાસેથી પ્રતિબંધિત ચાઇનીઝ દોરાની કિંમત રૂ.૬૦,૦૦૦ની ૧૨૦ જેટલી રીલ મળી આવી હતી. આ પ્રકરણમાં હેમંત ચૌહાણ (રહે. તકિયાવાસ, રાપર,) નામનો એક આરોપી હાજર મળી આવ્યો ન હતો અને તેને ફરાર જાહેર કરવામાં આવ્યો હોવાનું જે.બી.બુબડિયાએ ઉમેર્યું હતું.

# ભાવનગરમાં ઉત્તરાયણ પર્વે પક્ષી બચાવવા માટે 'રન ફોર બર્ડ્સ' મેરેથોનનું આયોજન

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ઉતરાયણના પર્વમાં લોકો ઉતરાયણના પર્વની મજા માણતા હોય છે, પરંતુ ઘાતકી દોરીના કારણે નિર્દોષ પક્ષીઓ તેનો ભોગ બનતા હોય છે, આવા સંજોગોમાં લોકોમાં જાગૃતતા આવે પક્ષીઓને મહત્તમ બચાવી શકાય તે માટે ભાવનગર વન વિભાગ દ્વારા ભાવનગરના વિક્ટોરિયા પાર્ક ખાતે ૧૨ જાન્યુઆરી, રાષ્ટ્રીય યુવા દિવસ નિમિત્તે વન વિભાગ દ્વારા 'રન ફોર બર્ડ્સ' મેરેથોનનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. ભાવનગર વન વિભાગના મદદનીશ વન સંરક્ષકે જણાવ્યું હતું કે, ઉત્તરાયણ પર્વે પતંગની દોરીથી પક્ષીઓને થતી ઇજાઓ નિવારવા અને જનજાગૃતિ લાવવા માટે વિવિધ એનજીઓ અને સ્વયંસેવકોના સહયોગથી આ મેરેથોન યોજાઈ હતી. વન વિભાગ દ્વારા અપીલ કરવામાં આવી છે કે પક્ષીઓના રક્ષણ માટે સવારે નવ વાગ્યા પછી અને સાંજે છ વાગ્યા પહેલા જ પતંગ ચગાવવા જોઈએ, તેમજ ચાઇનીઝ દોરી કે તુક્કલનો ઉપયોગ ટાળવો જોઈએ.

# ભાવનગરમાં નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા રોડ સેફ્ટીના જાગૃતિ કાર્યક્રમ યોજાયો

## કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓને 'રોડ સેફ્ટી' અંગે સંકલ્પ લેવડાવવામાં આવ્યો હતો, તેમજ બાળકોને પ્રોત્સાહિત કરવા માટે ભેટ વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ રોડ અકસ્માતોની વધતી ઘટનાઓ અંગે લોકોમાં 'માર્ગ સલામતી' અંગે જનજાગૃતિ ફેલાવવાના હેતુથી તારીખ ૧૨ જાન્યુઆરી ૨૦૨૬ અને સોમવારના રોજ નેશનલ હાઇવે ઓથોરિટીના પ્રોજેક્ટ ડાયરેક્ટર વિદિત જૈનના માર્ગદર્શનમાં સનેશ ગામ ખાતેની સરકારી શાળામાં 'રોડ સેફ્ટી' વિષય પર વિશેષ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં પ્રોજેક્ટ ડાયરેક્ટર વિદિત જૈને ઉપસ્થિત વિદ્યાર્થીઓ અને ગ્રામવાસીઓને માર્ગ સલામતીના નિયમો, ટ્રાફિક સિગ્નલનું મહત્ત્વ, હેલ્મેટ અને સીટબેલ્ટના ઉપયોગો તેમજ વાહન ચલાવતી વખતે મોબાઇલ ફોનના ઉપયોગથી થતાં જોખમો અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓને 'રોડ સેફ્ટી' અંગે સંકલ્પ લેવડાવવામાં આવ્યો હતો, તેમજ બાળકોને પ્રોત્સાહિત કરવા માટે ભેટ વિતરણ પણ કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત અન્ય વક્તાઓએ પણ 'સલામતી' એ માત્ર નિયમ નહીં, પરંતુ જીવન બચાવવાનો મહત્ત્વપૂર્ણ ઉપાય છે અને દરેક નાગરિકની સામૂહિક જવાબદારી છે કે તેઓ ટ્રાફિકના નિયમોનું પાલન કરે અને અન્યને પણ તે માટે પ્રેરિત કરે તે પ્રકારનું માર્ગદર્શન આપ્યું હતું. શાળાના આચાર્ય સહિત શિક્ષકો અને સ્થાનિક નાગરિકોએ કાર્યક્રમને સફળ બનાવવા યત્ન કર્યો હતો.